# ॥ जीवदयाप्रकरणम् ॥

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

**શ્રી પ્રેમ-ભુવનભાનુ-પદ્મ-જયઘોષસૂરિસદ્ગુરુભ્યો નમઃ**

**શ્રી ભુવનભાનુસૂરિ જન્મશતાબ્દીએ નવલું નજરાણું-૬૭**

नवनिर्मित-दयोपनिषद्-वृत्तिविभूषितम्

पूजनीयश्रीपूर्वाचार्यविरचितम्

# जीवदयाप्रकरणम्


: मूलसंशोधनम्+नूतनसंस्कृतवृत्तिसर्जनम्+भावानुवादः+सम्पादनम् :

प्राचीन आगम-शास्त्रोद्धारक प.पू. आचार्यदेव-

श्रीमद्विजय**हेमचन्द्रसूरीश्वर**शिष्याः

प.पू. आचार्यदेवश्रीमद्विजय**कल्याणबोधिसूरीश्वराः**



: प्रकाशक :

**श्री जिनशासन आराधना ट्रस्ट**

• **મૂળ કૃતિ :** જીવદયા પ્રકરણ (પ્રાકૃત-૧૧૫ ગાથા પ્રમાણ)

• **મૂળ કૃતિકાર :** પૂજનીય શ્રીપૂર્વાચાર્ય

• **નવનિર્મિત સંસ્કૃત વૃત્તિ :** દયોપનિષદ્

• **હસ્તપ્રત તથા તાડપત્રીના આધારે મૂળ કૃતિનું સંશોધન+નૂતન સંસ્કૃતવૃત્તિસર્જન+ ભાવાનુવાદ+સંપાદન :** પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ શ્રીમદ્વિજય **હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા** ના શિષ્ય પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય **કલ્યાણબોધિ-સૂરીશ્વરજી મહારાજ**

• **વિષય :** જીવદયા

• **વિશેષતા :** જિનશાસનના હાર્દરૂપ જીવદયા પર ઉપકારી પૂર્વાચાર્યે રચેલ એક અદ્ભુત ગ્રંથ. જેમાં જીવદયાનું સ્વરૂપ, ઉપાદેયતા, ફળ આદિ પર સુંદર શૈલીમાં પ્રકાશ પાડ્યો છે. હૃદયને અત્યંત કોમળ બનાવવા, જિનાજ્ઞાપાલનમાં વધુ ને વધુ દૃઢ બનવા, વૈરાગ્યાદિ ગુણોને નવપલ્લવિત કરવા માટે આ ગ્રંથ પરિશીલનીય છે.

• **પઠન-પાઠનના અધિકારી :** ગીતાર્થગુરુ અનુજ્ઞાત આત્મા.

• વિ. સં. ૨૦૬૬ • **પ્રતિ :** ૫૦૦ • **આવૃત્તિ :** પ્રથમ • **મૂલ્ય : રૂ. ૧૫૦**

• **પ્રકાશક :** શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ

E-mail : jinshasan108@gmail.com

**© શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ**

આ પુસ્તકના કોઈપણ અંશનો ઉપયોગ કરતા પૂર્વે લેખક તથા પ્રકાશકની લેખિત મંજૂરી મેળવવી જરૂરી છે. આ પુસ્તક જ્ઞાનદ્રવ્યથી પ્રકાશિત થયું છે. માટે ગૃહસ્થે મૂલ્ય ચૂકવીને માલિકી કરવી.

• **પ્રાપ્તિસ્થાન : શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ**

**મુંબઈ :** શ્રી ચંદ્રકુમારભાઈ સી. જરીવાલા,

દુ.નં. ૬, બદ્રીકેશ્વર સોસાયટી, મરીન ડ્રાઈવ 'ઈ' રોડ,

નેતાજી સુભાષ માર્ગ, મુંબઈ. ફોન : ૨૨૮૧૮૩૯૦

શ્રી અક્ષયભાઈ જે. શાહ

૫૦૬, પદ્મએપાર્ટમેન્ટ, જૈન દેરાસરની સામે, સર્વોદયનગર

મુલુંડ (વે.) મુંબઈ-૪૦૦૦૮૦. ફોન : ૨૫૬૭૪૭૮૦

**પાટણ :** શ્રી ચંદ્રકાંતભાઈ એસ. સંઘવી

૬-બી, અશોકા કોમ્પલેક્ષ, પહેલા રેલવે ગરનાળા પાસે,

પાટણ, ઉ.ગુ. ફોન : ૯૯૦૯૪ ૬૮૫૭૨

**અમદાવાદ :** શ્રી બાબુભાઈ સરેમલજી બેડાવાળા

સિદ્ધાચલ બંગલોઝ, સેન્ટ એન. સ્કુલ પાસે, હીરા જૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-૫. ફોન : ૨૭૫૦૫૭૨૦, ૨૨૧૩૨૫૪૩

---

**મુદ્રક : ભરત ગ્રાફિક્સ,** ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રિલીફ રોડ, અમદાવાદ-૧.

Ph. : 079-22134176, M : 9925020106, E-mail : bharatgraphics1@gmail.com

चरमतीर्थपतिः करुणासागरः
श्रीमहावीरस्वामी





अनन्तलब्धिनिधानः
श्रीगौतमस्वामी

पञ्चमगणधरः
श्रीसुधर्मास्वामी



# કૃપા વરસે અનરાધાર

સિદ્ધાંતમહોદધિ સુવિશાલગચ્છસર્જક પ. પૂ. આચાર્યદેવ

**શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા**

વર્ધમાન તપોનિધિ ન્યાયવિશારદ પ. પૂ. આચાર્યદેવ

**શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા**

અજોડ ગુરુસમર્પિત ગુણગણનિધિ પ.પૂ. પંન્યાસપ્રવર

**શ્રી પદ્મવિજયજી ગણિવર્ય**

વૈરાગ્યદેશનાદક્ષ પ.પૂ. આચાર્યદેવ

**શ્રીમદ્વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

# સુકૃત
# સહયોગી

પ.પૂ. પ્રવર્તિની
શ્રી વસંતપ્રભાશ્રીજીના શિષ્યા
સા. શ્રી દિવ્યયશાશ્રીજી મ.સા.ની
પ્રેરણાથી

## શ્રી વિશા ઓસવાળ
## જૈન સંઘ - ખંભાત

જ્ઞાનનિધિ સદ્‌વિનિયોગ બદલ
શ્રી સંઘ તથા ટ્રસ્ટીઓની
ભૂરી ભૂરિ અનુમોદના

**અનુમોદના... અભિનંદન... ધન્યવાદ**

# दया धर्म का मूल है...

સર્વ આર્ય ધર્મોએ સ્વીકારેલો સિદ્ધાન્ત છે જીવદયા. સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ વ્રતના પણ મૂળમાં છે જીવદયા. સર્વ સુખોનું કોઈ કારણ હોય, તો એ છે જીવદયા. સર્વ દુ:ખોને દૂર કરવાનો કોઈ રામબાણ ઉપાય હોય, તો એ છે જીવદયા... જીવદયાના આવા અનેકાનેક પાસાઓ પર મનનીય વિશ્લેષણ કરતો પ્રાય: એકમાત્ર ગ્રંથ એટલે જીવદયા પ્રકરણ.

કોઈ અજ્ઞાત પૂર્વાચાર્યશ્રીએ કોઈ ધન્ય પળે આ પ્રકરણની રચના કરી. જિનશાસનના હાર્દને આ લઘુ પ્રકરણમાં ખૂબ કુશળતાપૂર્વક શબ્દદેહનું અર્પણ કરાયું છે. કઠણ હૃદયોને પણ પીગળાવી દેવાનું સામર્થ્ય આ પ્રકરણમાં છે. સંસારના રાગીઓને સંયમના પ્રેમી બનાવી દેવાની શક્તિ આ પ્રકરણમાં છે, તો સંયમીઓને સુવિશુદ્ધતર સંયમ પ્રત્યે દોરી જવાનું કૌશલ્ય પણ આ પ્રકરણમાં છે.

આ અદ્‌ભુત પ્રકરણ પ્રકાશમાં આવે... તેનું પઠન-પાઠન પ્રગતિશીલ બને, એ આશયથી તેના પર નૂતન સંસ્કૃત વૃત્તિ અને ભાવાનુવાદનું સર્જન કર્યું છે.

મૂળ કૃતિના સંશોધન માટે ત્રણ પ્રતિનો ઉપયોગ કર્યો છે.

क - ભાંડારકર ઈન્સ્ટીટ્યુટ - પૂના

તાડપત્રી નં. ૨૫, પત્ર-૧૫૪ થી ૧૬૫ अ

પ્રથમ પત્ર





क - ભાંડારકર ઈન્સ્ટીટ્યુટ - પૂના

તાડપત્રી નં. ૨૫, પત્ર-૧૫૪ થી ૧૬૫ अ

અંતિમ પત્ર





## ख - ભાંડારકર ઈન્સ્ટીટ્યુટ - પૂના

### પ્રતિ નં. ૧૬૧

### પ્રથમ પત્ર



**ग - આ મુદ્રિત પ્રતિ છે. જે શાસ્ત્રસંદેશમાલા ભાગ-૮ માં છપાયેલ છે. (પૃ. ૩૧૯-૩૨૮)**

પરમકૃપાળુ પરમાત્મા તથા ભવોદધિતારક ગુરુદેવશ્રીની કૃપાથી આ પ્રબંધ સંપન્ન થયો છે. ઉપરોક્ત પ્રતિઓની સંગ્રાહક, સંરક્ષક, પ્રકાશક સંસ્થાઓના અમે આભારી છીએ. ભરત ગ્રાફિક્સ - શ્રી ભરતભાઈના પ્રયત્નોથી ટાઈપ સેટીંગ આદિ કાર્ય કુશળતાપૂર્વક પાર પડેલ છે. અધિકારી વાચક વર્ગ પ્રસ્તુત પ્રબંધના પરિશીલન દ્વારા સ્વ-પરનું કલ્યાણ કરે એ જ અભિલાષા સાથે વિરમું છું. જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્. ક્ષતિનિર્દેશ કરવા માટે બહુશ્રુતોને નમ્ર પ્રાર્થના.

માગસર સુદ-૬,<br>
વિ.સં. ૨૦૬૭,<br>
શ્રી અઠવાલાઈન્સ જૈન સંઘ,<br>
સુરત

**પ્રાચીન આગમ-શાસ્ત્રોદ્ધારક<br>
પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય<br>
હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાનો ચરણકિંકર<br>
આચાર્ય વિજય કલ્યાણબોધિસૂરિ**

## જીવદયા પ્રકરણ ઝલક

- मग्गइ सुक्खाइं जणो ताइ य सुक्खाइं हुंति धम्मेण ।
  धम्मो जीवदयाए जीवदया होइ खंतीए ॥५॥

- निंबाओ न होइ गुलो उच्छू न य हुंति निंबगुलियाओ ।
  हिंसाफलं न होइ सुखं न य दुक्खं अभयदाणेण ॥१९।

- जो धम्माओ चुक्को चुक्को सो सव्वसुक्खाणं ॥२३॥

- नरएसु सुदुस्सह वेयणाओ पत्ताओ जाइं पइ मूढ ! ।
  जइ ताओ सरसि इण्हिं भत्तं पि न रुच्चए तुज्झ ॥७८॥

- जस्स दया सो तवस्सी जस्स दया सो य सीलसंपत्तो ।
  जस्स दया सो नाणी जस्स दया तस्स निव्वाणं ॥९५॥

- एक्का वि जेण पत्ता नियदेहे वेयणा पहारेहिं ।
  न कुणइ जइ जीवदया सो गोणो नेय माणुस्सो ॥१००॥

# દયોપનિષદ્ - પ્રસાદી

- जिनाज्ञानुयायिष्वप्यन्यतममात्राऽऽश्रयपूज्यबुद्धेः कालुष्य-पिशुनत्वात्, यदुक्तम् - नो अप्पणा पराया, गुरुणो कईया वि हुंति सुद्धाणं । जिणवयणरयणमंडण - मंडिय सव्वे वि ते सुगुरू ॥२॥
- स्वामिभावप्रयुक्तममकारस्य तद्विषयापहरणकाले सन्तापमात्र-पर्यवसानात् ॥७॥
- परमार्थतः प्रहारमात्रस्य स्वगोचरतापर्यवसानात्, एकान्ततः स्वदुःखहेतुत्वादिति हृदयम्, तदागमः-तुमं सि नाम स च्चेव, जं हंतव्वं ति मन्नसि - इति (आचाराङ्गे) ॥४२॥
- आत्मकल्याणसत्कं दुर्लभतमं साधनमवाप्यापि तदसाधनं निस्त्रपत्वपिशुनमिति भावः ॥८६॥
- **यस्य दया स ज्ञानी**, फलप्रसूतेरेव वृक्षसद्भावज्ञापकत्वात्, निष्फलस्य ज्ञानस्य सतोऽप्यसत्त्वाच्च ॥९५॥
- परोपघातस्य परमार्थतः स्वोपघातात्मकतया तत्प्रवृत्तस्य प्रेक्षावत्ताक्षतेः ॥१०४॥
- न हि स्वतोऽशरणाः परेषां शरणीभवितुं समर्थाः, ततो मरणादिदुःखभीतैर्जीवदयैव शरणीकार्येति तात्पर्यम् ॥१०८॥

શ્રીભુવનભાનુસૂરિ
100
જન્મ શતાબ્દી વર્ષ
૧૯૬૭ ૨૦૬૭

યુગો સુધી ઝળહળશે ભુવનભાનુના યશ અજવાળા ☆ જન્મશતાબ્દી વર્ષે ભાવભીની શ્રદ્ધાંજલિ ☆



- વૈરાગ્યવારિધિ
- તિતિક્ષામૂર્તિ
- અધ્યાત્મયોગી
- અપ્રમત્તસાધક
- નિર્યામણાનિપુણ
- ન્યાયવિશારદ
- સંઘહિતચિંતક
- વર્ધમાન તપોનિધિ
- સુવિશાળ ગચ્છાધિપતિ
- ધ્યાનકેન્દ્રિત
- સુવિશુદ્ધસંયમી
- પ્રવચનપ્રભાવક
- અનેકાંતદેશનાદક્ષ
- શ્રેષ્ઠશ્રમણશિલ્પી
- શિબિર આદ્યપ્રણેતા
- બાળદીક્ષાસંરક્ષક
- અપ્રતિમ પ્રભુભક્ત
- અદ્ભુત ગુણાનુરાગી
- નિર્દોષચર્યાચારી
- સર્વતોમુખી પ્રતિભાસ્વામી

૧૯૬૭ ૨૦૬૭

अथ

नवनिर्मित - दयोपनिषद् - वृत्तिविभूषितम्

# जीवदयाप्रकरणम्

श्रीवर्द्धमानं जिनवर्द्धमानं,
सूरीन्द्रमेवं गुरुहेमचन्द्रम् ।
प्रणम्य नम्यं वितनोमि वृत्तिं,
श्रुतोत्तमे जीवदयाभिधाने ॥

इह हि परमकारुणिकः प्रकरणकारः भीमभवाम्भोधिनिस्तरणैकोपायतया महाव्रतबोहित्थमेवाभिवीक्षमाणस्तत्सारभूतां जीवदयामेव प्रतिपिपादयिषुस्तत्प्रतिपादकप्रतिपालकप्रणिपात-

---

આર્હન્ત્યની લક્ષ્મીથી વધતા એવા વર્દ્ધમાન જિનને અને વંદનીય એવા ગુરુ હેમચન્દ્રસૂરીન્દ્રને પ્રણામ કરીને જીવદયા નામના ઉત્તમ શ્રુત પર હું વૃત્તિ રચું છું.

અહીં પરમ કારુણિક પ્રકરણકારે જોયું કે ભવસાગર ભયંકર છે. તેમાંથી નિસ્તાર પામવા માટે એક જ ઉપાય છે, મહાવ્રતોરૂપી વહાણનો આશ્રય. અને મહાવ્રતોનો પણ કોઈ સાર હોય, તો એ છે જીવદયા. માટે જીવદયાનું જ પ્રતિપાદન કરવા માટે પ્રકરણકારશ્રી મંગલ કરે છે. મંગલરૂપે તેઓ જીવદયાના પ્રતિપાદક જિનેશ્વર ભગવંતોને

लक्षणं मङ्गलं वितन्वान आह -

**संसयतिमिरपयंगं भवियायणकुमुयपुन्निमाइंदं ।**
**कामगइंदमइंदं जगजीवहियं जिणं नमिउं ॥१॥**
**पंचमहव्वयगुरुभारधारए पंचसमिए[1] तिगुत्ते ।**
**नमिऊण सयलसमणे जीवदयापगरणं वुच्छं ॥२॥**

**संशयतिमिरपतङ्गम्** - सन्देहान्धकारनिःशेषनिराकरण-विधौ विभाकरविभम्, उक्तञ्च- कह सव्वणुत्ति मई, जेणाहं

---

અને જીવદયાના પ્રતિપાલક શ્રમણ ભગવંતોને ભક્તિથી પ્રણામ કરે છે -

**સૂર્યની જેમ સંશય- અંધકારનો નાશ કરનારા, પૂનમના ચંદ્રની જેમ ભવ્યજન - કુવલયોને આનંદિત કરનારા, સિંહની જેમ કામ-ગજરાજનો પરાજય કરનારા, વિશ્વના હિતકારક જિનને નમસ્કાર કરીને .... ॥ ૧ ॥ પંચ મહાવ્રત - મહાભારના ધારક, પાંચ સમિતિ ત્રણ ગુપ્તિથી યુક્ત એવા સર્વ શ્રમણોને નમન કરીને જીવદયા પ્રકરણ કહીશ. ॥ ૨ ॥**

સંદેહ એ અંધકાર છે. જેઓ સૂર્ય બનીને એ અંધકારનો સંપૂર્ણપણે નાશ કરે છે, કહ્યું પણ છે - આપ સર્વજ્ઞ છો, એવું કેવી રીતે મનાય ? 'કારણ કે હું સર્વ

---

१. ग-०मिइतिहिगुत्ते ।

सव्वसंसयच्छेई । पुच्छसु व जं न जाणसि, जेण व ते पच्चओ होज्जा - इति (विशेषावश्यकभाष्ये २०५८) । तमेव विशेषयति - **भविकजनकुमुदपूर्णिमेन्दुम्** - अपुनर्बन्धकादि - शुभानुबन्धिपुण्यपवित्रलोककुवलयपूर्णमासीचन्द्रमसम्, तद्वत्तदामोदप्रकर्षप्रदत्वात् । पुनस्तमेव विशेषयति - **कामगजेन्द्रमृगेन्द्रम्**- विषमशरस्तम्बेरमपञ्चाननम्, तद्घटाविघाटनविचक्षणत्वात् । पुनस्तमेव विशेषयति - **जगज्जीवहितम्** - विश्वविश्वसत्त्व - कल्याणैककन्दम्, तमन्तरेण तत्प्रसूत्यसम्भवात्, एवंविधं **जिनम्**

---

સંશયોને છેદી નાખું છું. તું જે ન જાણતો હોય તે પૂછ, અથવા તો જેનાથી તને વિશ્વાસ બેસે તે પૂછ.' (વિશેષાવશ્યકભાષ્યે ૨૦૫૮)

તેમને જ વિશેષિત કરે છે - **ભવિકજનકુમુદપૂનમ-ચંદ્ર.** અપુનર્બંધક વગેરે શુભાનુબંધી પુણ્યથી પવિત્ર જીવો છે. તે જીવો કુવલય - રાત્રિવિકાસી કમળ સમાન છે. તેમનો વિકાસ કરવામાં જેઓ પૂનમના ચંદ્ર સમાન છે.

ફરી તેમને જ વિશેષિત કરે છે - **કામગજેન્દ્રમૃગેન્દ્ર.** કામવાસના એ ગજરાજ જેવી છે. તેને પરાજિત કરવામાં જેઓ સિંહ સમાન છે. કારણ કે તેઓ તે ગજરાજની શ્રેણિને પણ હત-પ્રહત કરવામાં નિપુણ છે.

ફરી તેમને જ વિશેષિત કરે છે - **જગજ્જીવહિત** - સમગ્ર જીવોના કલ્યાણના મૂળ સમાન. કારણ કે તેમના

- अजितान्तरातिविजेतारम्, **नत्वा** - द्रव्य-भावप्रणामतो नमस्कृत्य, एतावता यदुपज्ञा जीवदया सोऽभिवादितः, साम्प्रतं तदाज्ञानुयायितया जीवदयोपनिषन्निषण्णानामभिवादनमाह - **पञ्चमहाव्रतगुरुभारधारकान्,** तेषु तद्व्यपदेशस्तदनुपालनस्य शिलोच्चयोद्वहनोपमत्वात्, तथा चार्षम् - जिट्ठव्वयपव्वयभरसमुव्वहण - इति (उपदेशमालायाम् ६२), तानेव विशेषयति - **पञ्चसमितान्** - पञ्चभिः समितिभिः सम्पन्नान्, तथा **त्रिगुप्तान्** - गुप्तित्रयेणा-

---

વિના કલ્યાણની ઉત્પત્તિ થતી નથી. એવા **જિનને** = અનાદિ કાળથી નહીં જીતાયેલા આંતર શત્રુઓને જીતનારાને, **નમીને** = દ્રવ્ય-ભાવ પ્રણામથી નમસ્કાર કરીને, આટલું કહેવા દ્વારા જેમણે જીવદયાનું પ્રતિપાદન કર્યું છે, તેમને વંદન કર્યા છે. હવે જેઓ જિનાજ્ઞાના અનુયાયી છે, તેથી જેઓ દયા-રહસ્યમાં પ્રતિષ્ઠિત છે, તેમને વંદન કરે છે - **પાંચ મહાવ્રતોરૂપી મોટા ભારને ધારણ કરનારા,** અહીં 'પાંચ મહાવ્રતો મોટા ભાર છે' એમ કહ્યું છે. કારણ કે તેમનો નિર્વાહ કરવો એ પહાડ ઉપાડવા બરાબર છે. તેવા પ્રકારનું ઋષિવચન પણ છે - મોટા વ્રત-પર્વતના ભારનો સમ્યક્ નિર્વાહ... (ઉપદેશમાલા ૬૨)

તેમને જ વિશેષિત કરે છે - **પંચસમિત** = જેઓ પાંચ સમિતિથી યુક્ત છે. તથા **ત્રિગુપ્ત** = જેઓ ત્રણ

लङ्कृतान्, एवम्भूतान् **सकलश्रमणान्** - सार्धद्वीपद्वयविभूषणान् त्रैकालिकान् निखिलानगारान्, जिनाज्ञानुयायिष्वप्यन्यतममात्राश्रयपूज्यबुद्धेः कालुष्यपिशुनत्वात्, यदुक्तम्-नोअप्पणा पराया, गुरुणो कईया वि हुंति सुद्धाणं । जिणवयणरयणमंडण - मंडिय सव्वे वि ते सुगुरु - इति (षष्टिशतके १०५), **नत्वा** - तल्लोकोत्तरगुणगणविषय - स्पृहातिरेकात् प्रणिपत्य, **जीवदयाप्रकरणम्** - सर्वसत्त्वकृपाधिकारां ग्रन्थपद्धतिम्, **वक्ष्ये** - जिनागममुपजीव्योच्चारगोचरीकरिष्ये ।

---

ગુપ્તિઓથી અલંકૃત છે. એવા પ્રકારના **સર્વ શ્રમણોને** - અઢી દ્વીપના આભૂષણ સમાન ત્રણે કાળના સકળ મુનિ ભગવંતોને.

અહીં સર્વ સાધુઓને વંદન કર્યા, તેનું કારણ એ છે કે તેઓ બધા જિનાજ્ઞાના અનુયાયી છે. તેમાંથી અમુકને જ પૂજ્ય માનવા, એ હૃદયની મલિનતાનું સૂચક છે. કહ્યું પણ છે - આ મારા ગુરુ ને આ પારકા, એવું કદી શુદ્ધ જીવોના મનમાં થતું નથી. કારણ કે જેઓ પણ જિનવચનરૂપી રત્નવિભૂષણથી અલંકૃત છે, તે સર્વ સદ્ગુરુ છે. (ષષ્ટિશતકે ૧૦૫)

**નમસ્કાર કરીને** = તેમના લોકોત્તર ગુણો પરની અત્યંત સ્પૃહાથી પ્રણામ કરીને, **જીવદયા પ્રકરણ** = સર્વ જીવો પર કૃપાના અધિકારવાળી ગ્રંથપદ્ધતિ **કહીશ** =

इत्थं मङ्गलाभिधेयावभिधाय प्रथमं प्रकरणकृत् स्वलाघवमभिदधन्नाह -

**पालित्तयच्छंदा[1] सुत्तं अत्थं च नेय जाणामि ।**
**न य वागरणे वि विऊ देसी तह लक्खणं वुच्छं ॥३॥**

**पादलिप्तकछन्दसाम्** - पादलिप्ताचार्यप्रणीतानुशासनानुशिष्टवृत्तविशेषाणाम्, प्रकारबहुलपद्यबन्धानां वा, (पालित्तिय - प्रकारः), **सूत्रम्** - सूचनाकृतं सङ्क्षिप्तग्रन्थम्, **अर्थम्** - तदुदाहरणादिसहितं तद्विषयं विस्तरम्, **चः** - समुच्चये, **नैव जानामि,** सत्यपि तद्गोचरज्ञाने पूर्वमहोदध्यन्तर्गततत्प्रस्तार-

---

જિનાગમનું આલંબન લઈને ઉચ્ચારનો વિષય કરીશ.

આ રીતે મંગળ અને અભિધેય કહીને પહેલા પ્રકરણકારશ્રી પોતાની લઘુતા જણાવે છે -

**પાદલિપ્તક છંદોના સૂત્ર અને અર્થને હું જાણતો જ નથી. હું વ્યાકરણમાં પણ વિદ્વાન નથી. દેશી તથા લક્ષણને પણ હું નહીં કહું. ॥ ૩ ॥**

**પાદલિપ્તક છંદોના** = પાદલિપ્તાચાર્યે રચેલા અનુશાસન દ્વારા કહેવાયેલા વિશિષ્ટ વૃત્તોના, અથવા તો ઘણા પ્રકારની કાવ્યરચનાઓના, **સૂત્ર** - સૂચના કરનારા સંક્ષિપ્ત ગ્રંથને, **અર્થ** - તેના ઉદાહરણ વગેરેથી સહિત એવા તેના વિષયના વિસ્તારને, **નથી જ જાણતો,** કારણ

---

१. ग-०यछदेणं ।

विज्ञानापेक्षया तस्यातिस्वल्पतयाऽभावविवक्षातस्तज्ज्ञानमात्र-विरहितोऽहमिति हृदयम्, सर्वथाऽप्यनभिज्ञत्व इदृशाद्भुतप्रकरण-प्रणयनासम्भवात् । **न च** - नाप्यहं **व्याकरणेऽपि** - शब्दानु-शासनविषयेऽपि **विद्वान्** - प्रकृष्टप्रज्ञः, उक्तहेतोः । अत एवाहं **देशी** - दुर्गमदेश्यशब्दसङ्घातम् **तथा लक्षणम्** - प्राकृत-लक्षणानुगतां ग्रन्थपद्धतिम्, न **वक्ष्ये**, तदुच्चारस्य तद्विज्ञान-नान्तरीयकत्वान्मयि तदभावात् । ततश्च

---

કે તેના વિષયનું જ્ઞાન હોવા છતાં પણ ચૌદ પૂર્વોરૂપી મહાસાગરમાં છંદોનું જે જ્ઞાન છે, તેની અપેક્ષાએ તો તે જ્ઞાન સાવ થોડું હોવાથી ન હોવા બરાબર છે, એવી વિવક્ષાથી 'મારામાં તેનું જ્ઞાન જ નથી' એવું પ્રકરણકારશ્રીનું તાત્પર્ય છે.

માટે તેમનામાં સર્વથા છંદજ્ઞાન છે જ નહીં, એવું ન સમજવું. કારણ કે જો તેવું હોય તો આવા અદ્ભુત પ્રકરણની રચના તેઓ ન કરી શકે.

**વળી હું વ્યાકરણમાં પણ** = શબ્દાનુશાસનના વિષયમાં પણ, **વિદ્વાન** = પ્રકૃષ્ટબુદ્ધિમાન **નથી,** આવું કહેવા પાછળ જે કારણ છે, તે ઉપરોક્ત પ્રમાણે સમજી લેવું. માટે જ હું **દેશી** = દુર્બોધ એવા દેશ્ય શબ્દોના સમૂહને, **તથા લક્ષણ** = પ્રાકૃત લક્ષણોને અનુસરતી ગ્રંથપદ્ધતિને નહીં કહું કારણ કે તેનું વિજ્ઞાન હોય, તો જ તેને કહી શકાય. અને મારામાં તેનું વિજ્ઞાન નથી. માટે-

**एयारिसयस्स महं खमियव्वं पंडिएहिं पुरिसेहिं ।**
**ऊणाइरित्तयं जं हविज्ज अन्नाणदोसेण ॥४॥**

**एतादृशस्य** - उक्तप्रकारेणाज्ञानान्धकारनिमग्नस्य, **ममाज्ञानदोषेण यदूनातिरिक्तकम्** - वृत्तानुशासनाद्यतिक्रान्तिप्रयुक्तवर्णाल्पाधिकभावादिदोषः, **भवेत्** - छद्मस्थसुलभतया स्यात्, तत् **पण्डितैः** - तत्त्वानुगामिप्रेक्षापरिपूतैः, **पुरुषैः** - आत्मभिः, **क्षमितव्यम्** - पुत्रापराधवदपकर्णयितव्यम् । एतावता प्रकरणकृता स्वीयपरमप्रह्वीभावः प्रदर्शितः ।

प्रयोजनमनुद्दिश्य मन्दानामप्यप्रवृत्तिरित्यादौ जीवदया-

---

**આવા મારા અજ્ઞાનદોષથી જે ન્યૂન-અધિકપણું થાય તેને પંડિત પુરુષોએ ખમી લેવું. ॥ ૪ ॥**

**આવા** = ઉપરોક્ત રીતે અજ્ઞાન-અંધકારમાં નિમગ્ન, **મારા અજ્ઞાનદોષથી જે ન્યૂન-અતિરિક્ત** - છંદોનુશાસન વગેરેના ઉલ્લંઘનથી જે વર્ણના અલ્પ-અધિકપણાનો દોષ **થાય** = છદ્મસ્થથી ભૂલ થવી સુલભ છે, માટે જે ક્ષતિ થાય, તેને **પંડિત** = તત્ત્વાનુસારી મતિથી પવિત્ર, **પુરુષોએ** = આત્માઓએ, **ખમી લેવી** = પુત્રના અપરાધની જેમ ધ્યાનમાં ન લેવી. આવું કહેવા દ્વારા પ્રકરણકારશ્રીએ પોતાનો અત્યંત વિનય દર્શાવ્યો છે.

જો કોઈ પ્રયોજનનો ઉદ્દેશ ન હોય, તો મંદ જીવો

प्रयोजना एव सर्वजीवाः, सुखप्रयोजनत्वादेव तेषामित्याशयमाविष्कुर्वन्नाह -

**मग्गइ सुक्खाइं जणो ताइ य सुक्खाइं हुंति धम्मेण ।**
**धम्मो जीवदयाए जीवदया होइ खंतीए ॥५॥**

**जनः** - समस्तजीवलोकः, सुखानि मार्गयति, तत्प्रकृतिकत्वात्तस्य, **सुखानि च धर्मेण भवन्ति,** अस्यैव सर्वतन्त्रसिद्धान्तत्वात्, तदाहुः - दुःखं पापात्सुखं धर्मात् सर्वशास्त्रेषु संस्थितिः - इति (शास्त्रवार्तासमुच्चये १-३) । **धर्मश्च जीवदयया,** वक्ष्यमाणविधया तदेकाश्रितत्वात्तस्य, **जीवदया क्षान्त्या भवति,**

---

પણ પ્રવૃત્તિ કરતા નથી. માટે સૌ પ્રથમ ગ્રંથકારશ્રીને કહેવું છે, કે સર્વ જીવોને સુખનું પ્રયોજન છે. આ જ આશયને પ્રગટ કરતા કહે છે -

**લોક સુખોને શોધે છે, તે સુખો ધર્મથી થાય છે. ધર્મ જીવદયાથી થાય છે, જીવદયા ક્ષમાથી થાય છે. ॥૫॥**

**જન** = સમસ્ત લોક, **સુખોને શોધે છે,** કારણ કે સમસ્ત લોક સુખશીલ છે. અને **સુખો ધર્મથી થાય છે.** કારણ કે આ જ સર્વતંત્રસિદ્ધાંત છે. કહ્યું પણ છે - દુઃખ પાપથી થાય છે અને સુખ ધર્મથી થાય છે, એવી સર્વ શાસ્ત્રોની માન્યતા છે. (શાસ્ત્રવાર્તાસમુચ્ચયે ૧-૩). અને **ધર્મ જીવદયાથી** થાય છે, કારણ કે હવે કહેવાશે એ રીતે ધર્મ એ જીવદયાને જ આશ્રિત છે. **જીવદયા ક્ષમાથી થાય**

तदनधिकरणधर्मसाधनयोः सामानाधिकरण्या-सम्भवात्, यदाह-धर्मस्य दया मूलं, न चाक्षमावान् दयां समाधत्ते। तस्माद्यः क्षान्तिपरः, स साधयत्युत्तमं धर्मम् - इति (प्रशमरतौ १६८) ।

ननु च धर्मो हि व्रतविसरात्मकः, ततः सत्यादिनाऽपि धर्मः सम्भवत्येव, इत्थञ्च धर्मस्य जीवदयामात्रसाध्यत्वाभिधान-मसङ्गतमिति चेत् ? न, सत्यादेरपि जीवदयामात्रसाध्यत्वात्

---

છે. કારણ કે જેનામાં જીવદયા નથી એ ધર્મસાધના કરી શકતો નથી. કારણ કે કહ્યું છે કે - ધર્મનું મૂળ દયા છે. જેનામાં ક્ષમા નથી, તે દયાને ધારણ કરતો નથી. માટે જે ક્ષમામાં તત્પર છે, તે ઉત્તમ ધર્મને સાધે છે. (પ્રશમરતિ ૧૬૮)

**શંકા** - ધર્મ તો વ્રતોના સમૂહરૂપ છે. તેથી સત્ય વગેરેથી પણ ધર્મ સંભવે જ છે. માટે જીવદયાથી જ ધર્મસાધના કરી શકાય, એમ કહેવું અસંગત છે.

**સમાધાન** - ના, કારણ કે સત્ય વગેરે પણ જીવદયાથી જ સાધી શકાય છે. માટે 'તેના હેતુથી જ થાઓ, તેનાથી શું ?' આ ન્યાયથી ઉપરોક્ત વ્યપદેશ ઉચિત છે.

આશય એ છે કે સત્ય વગેરેથી પણ ધર્મ થાય છે. પણ સત્ય વગેરે પોતે જીવદયાથી થાય છે. માટે 'જીવદયાથી જ ધર્મ થાય' એવું વચન ઉચિત છે.

तद्धेतोरेवास्तु किं तेनेतिन्यायादुक्तव्यपदेशस्य न्याय्यत्वात् । एतदेव विस्तरतो व्याचष्टे -

**परवंचणानिमित्तं जंपइ अलियाइं जणवओ नूणं ।**
**जो जीवदयाजुत्तो अलिएण न सो परं दुहइ ॥६॥**

**जनपदः** - तात्स्थ्यात्तद्व्यपदेश इतिनीत्या तत्तद्देश-विशेषवास्तव्यो लोकः, **नूनम्** - सर्वानुभवसिद्धतया निश्चितम्, **परवञ्चनानिमित्तम्** - अन्यातिसन्धानार्थम्, **अलीकानि** - अनृतवचनानि, **जल्पति** - परप्रतारणपिशुनितनिर्दयभावेन वदति। यत एवं तस्माद् **यो जीवदयायुक्तः** - सर्वसत्त्वाश्रयकारुण्य-पुण्यहृदयः, **सोऽलीकेन परं न दुःखयति**, असत्यभाषणहेतौ

---

આ જ વાત વિસ્તારપૂર્વક કહે છે -

**લોક બીજાને છેતરવા માટે જ અસત્ય બોલે છે. જે જીવદયાથી યુક્ત છે, તે અસત્યથી બીજાને દુઃખી કરતો નથી. ॥ ૬ ॥**

**દેશ,** તેમાં રહેવાથી તેનો વ્યપદેશ થાય, એવો ન્યાય છે. માટે 'દેશ' પદથી અહીં દેશ વિશેષમાં રહેનારા લોકો સમજવા. **નક્કી** = સર્વના અનુભવથી સિદ્ધ હોવાથી નિશ્ચિતરૂપે **બીજાને છેતરવા માટે અસત્ય** વચનો **બોલે છે** = બીજાને ઠગવાની પ્રવૃત્તિ દ્વારા સૂચિત થતા નિર્દય ભાવથી કહે છે. માટે **જે જીવદયાયુક્ત છે** = સર્વ જીવો પર કરુણાભાવથી પવિત્ર હૃદયવાળો છે, **તે અસત્યથી**

निर्दयभावे व्यतिरेक-व्यभिचारित्वविरहात्, हेतुफलव्यवस्थाविप्लव-प्रसङ्गाच्च, तदुक्तम्-नाकारणं भवेत् कार्यं, नान्यकारणकारणम्। अन्यथा न व्यवस्था स्यात्कार्यकारणयोः क्वचित्-इति । एवं द्वितीयव्रतस्य कृपाधीनत्वं दर्शितम् । साम्प्रतं तृतीयस्य तदाह -

**तणकट्ठं व हरंतो दुम्मइ हिययाइं निग्घिणो चोरो ।**
**जो हरइ परस्स धणं सो तस्स विलुंपए जीवं ॥७॥**

---

**બીજાને દુઃખી કરતો નથી.** કારણ કે અસત્યભાષણના કારણરૂપ નિર્દયભાવમાં વ્યતિરેક અનૈકાન્તિકતા નથી. અર્થાત્ નિર્દયભાવ ગેરહાજર હોય, અને છતાં માણસ અસત્ય બોલે એ સંભવિત નથી.

વળી જો કારણ (નિર્દયભાવ) વિના પણ કાર્ય (અસત્યભાષણ) થાય, તો કારણ-કાર્યની વ્યવસ્થા ભાંગી પડે. તે કહ્યું પણ છે - કારણ વિના કાર્ય ન થાય અને જે કારણ અન્ય વસ્તુનું છે, તે કારણથી પણ કાર્ય ન થાય. કારણ કે જો તેવું થાય, તો કાર્ય-કારણની ક્યાંય વ્યવસ્થા જ ન રહે. (પ્રમાણ વાર્ત્તિક). આ રીતે બીજું વ્રત = સત્ય દયાને આધીન છે, એમ દર્શાવ્યું. હવે ત્રીજું વ્રત = અચૌર્ય પણ દયાને આધીન છે, તે કહે છે -

**નિર્દય ચોર તૃણ-કાષ્ઠ ચોરતો હોય, તે હૃદયોને દુભાવે છે. જે બીજાના ધનને ચોરે છે, તે તેના જીવને જ નષ્ટ કરી દે છે. ॥ ૭ ॥**

**तृणकाष्ठम्, वाशब्देन** तथाविधमन्यदसारमपि **हरन्** - चोरयन्, **निर्घृणश्चौरः** - अपगतानुकम्पस्स्तेनः, स्वरूपविशेषणमिदम्, तस्य तद्भावाविनाभावित्वस्यो - पदर्शितत्वात्, तद्वस्तुस्वामिनां **हृदयानि दावयति** - सन्तापयति, स्वामिभावप्रयुक्तममकारस्य तद्विषयापहरणकाले सन्तापमात्रपर्यवसानात् । **यस्तु परस्य धनं हरति, स तु तस्य जीवमेव विलुम्पति,** निःसारद्रव्यहरणस्यापि परितापप्रयोजकतया सारतदपगमस्य तु तत्प्रकर्षापादकत्वस्यानुभविकत्वात् । न च जीवनानुवृत्तिदर्शनादनुचित-

---

**તૃણ-કાષ્ઠ, 'અથવા'** શબ્દથી તેવા પ્રકારની અસાર વસ્તુને પણ ચોરે, તે **નિર્દય ચોર** = અનુકંપારહિત લૂંટારો. 'નિર્દય' એ ચોરનું સ્વરૂપવિશેષણ છે. કારણ કે એનામાં નિર્દયતા હોય, તો જ એ ચોર બની શકે એવું દર્શાવ્યું છે. તે વસ્તુના માલિકોના **હૃદયોને સંતાપ આપે છે.** કારણ કે પોતે માલિક છે, આવા ભાવથી મમત્વ થાય છે. જ્યારે મમત્વની વિષયભૂત વસ્તુનું અપહરણ થાય, ત્યારે એ મમત્વ સંતાપમાં જ પરિણમે છે. વળી જે **બીજાનું ધન ચોરે છે, તે તો તેના જીવને જ નષ્ટ કરી દે છે,** કારણ કે નિઃસારદ્રવ્યનું હરણ પણ પરિતાપનું કારણ થતું હોય, તો સારભૂત (મૂલ્યવાન) ધનનો અપગમ તો અત્યંત સંતાપ આપે એ વસ્તુ અનુભવસિદ્ધ છે.

**શંકા** - ધન ચોરાયા પછી પણ માણસ જીવતો રહે

मुक्तवच इति वाच्यम्, मरणाधिकदुःखहेतुत्वाद्धनापहारस्य, तथा चाहुः - एकस्यैकं क्षणं दुःखं मार्यमाणस्य जायते । सपुत्रपौत्रस्य पुनर्यावज्जीवं हृते धने-इति (योगशास्त्रे १२४) । एवं धनापहारेण जीवन्मृतिरभिहिता, इदानीं साक्षान्मृतिमपि प्रमाणयति -

**दव्वे हयम्मि लोओ पीडिज्जइ माणसेण दुक्खेण ।**
**धणविरहिओ विसूरइ भुक्खा मरणं च पावेइ ॥८॥**

---

છે, એવું તો દેખાય છે, માટે ઉપરોક્ત વચન અનુચિત છે.

**સમાધાન** - ના, કારણ કે પોતાનું ધન ચોરાઈ જાય, તેનાથી માણસને મરણ કરતાં પણ વધુ દુઃખ થાય છે. કહ્યું પણ છે - જેને મારી નાખવામાં આવે છે, તેને તેટલા સમય પૂરતું દુઃખ થાય છે. પણ જેનું ધન ચોરી લેવામાં આવે છે, તેને તો પુત્ર-પૌત્ર સહિત આજીવન દુઃખ થાય છે. (યોગશાસ્ત્ર ૧૨૪)

આ રીતે ધનની ચોરીથી જીવંત મરણ થાય છે, એમ કહ્યું. હવે ધનની ચોરીથી વાસ્તવિક મૃત્યુ પણ થાય છે, તે પુરવાર કરે છે -

**ધન ચોરાય ત્યારે લોક માનસિક દુઃખથી પીડાય છે. ધનરહિત વ્યક્તિ વિલાપ કરે છે અને ભૂખથી (ધનની ભૂખ = લોભાતિરેકથી / દુઃખથી ?) મરણ પણ પામે છે. ॥ ૮ ॥**

सुगमम् । पर्यवसितमाह -

**एएण कारणेणं जो जीवदयालुओ जणो होई ।**
**सो न हरइ परदव्वं परपीडं परिहरंतो उ ॥९॥**

व्याख्यातप्रायम् । तुर्यव्रतगोचरमाह -

**सव्वायरेण रक्खइ नियय़ं दारं च नियय़सत्तीए ।**
**एएण कारणेण दारं लोयाण सव्वस्सं ॥१०॥**

प्रयोगश्चात्र पत्नी जनसर्वस्वम्, सर्वादरतः सर्वशक्त्या तद्रक्षणान्यथानुपपत्तेः, रत्नादिसारपदार्थवत् । अपि च -

---

સુગમ છે. નિચોડ કહે છે -

**આ કારણથી જે જન જીવદયાળુ હોય, તે પરપીડાનો પરિહાર કરે છે. પરધનને ચોરતો નથી. ॥ ૯ ॥**

આ વાત પણ લગભગ સમજાવી જ છે. ચોથા વ્રતના વિષયમાં કહે છે -

**લોક પોતાની શક્તિથી સર્વ પ્રયત્નપૂર્વક પોતાની પત્નીની રક્ષા કરે છે. માટે પત્ની એ લોકોનું સર્વસ્વ છે. ॥ ૧૦ ॥**

અહીં આ રીતે અનુમાન પ્રયોગ છે - પત્ની એ લોકોનું સર્વસ્વ છે, કારણ કે સર્વ પ્રયત્નથી અને સર્વ શક્તિથી તેનું રક્ષણ કરવાની ક્રિયા અન્યથા ઘટતી નથી, રત્ન વગેરે સારભૂત પદાર્થની જેમ. વળી -

**न य तह दूमेइ मणं धणं च धन्नं जणस्स हीरंतं ।**
**जह दूमिज्जइ लोओ नियदारे विहविज्जंते ॥११॥**

**ह्रियमाणं धनं च धान्यं च जनस्य मनस्तथा न दावयति** - न तत्प्रकारतः परितापयति, **यथा निजदारासु विद्रूयमानासु जनो दाव्यते,** भार्यापरिभवो नाम तिरश्चामपि दुःषहः-इत्युक्तेः । एवं पीठिकामुपबध्य प्रतिपिपादयिषितमाह -

**जो जीवदयाजुत्तो परदारं सो न कह वि पत्थेइ ।**
**नूणं दाराण कए जणो वि दव्वं समज्जेइ ॥१२॥**

बाह्यप्राणभूतस्य द्रव्यस्यापि तदर्थत्वात्, तत्प्रार्थनाया-

---

**લોકોનું ધન અને ધાન્ય ચોરાતું હોય, તો તેમના મનને તેવું દુઃખ નથી થતું, જેવું દુઃખ તેમની પત્નીઓનો વિપ્લવ થતા થાય છે. ॥ ૧૧ ॥**

કહ્યું પણ છે - 'પત્નીનો પરાભવ એ તિર્યંચોને પણ દુઃષહ થઈ પડે છે.' આ રીતે ભૂમિકા બાંધીને હવે વિવક્ષિત વસ્તુ કહે છે -

**જે જીવદયાથી યુક્ત છે, તે કોઈ રીતે પરસ્ત્રીની પ્રાર્થના કરતો નથી. નક્કી પત્નીઓ માટે જ લોકો પણ ધન કમાય છે. ॥ ૧૨ ॥**

લોકો બાહ્ય પ્રાણરૂપ ધન પણ પત્ની માટે કમાય છે. માટે પરસ્ત્રીની અભિલાષા કરવી એ તેમના

स्तत्स्वामिप्राणापहारस्थानीयत्वाच्च न कोऽपि कृपापरायणः प्रार्थयति परस्त्रियमित्याशयः । किञ्च -

**जारिसया उप्पज्जइ मह देहे वेयणा पहारेहिं ।**
**तारिसया अन्नाण वि जीवाणं मूढ ! देहेसु ॥१३॥**

**मम देहे** - श्रोतुः शरीरे, प्रतिपाद्यप्रतिपत्त्यनुगुणतयेत्थम्भूतप्रतिपादनं द्रष्टव्यम्, **प्रहारैः** - कुन्तादिप्रयुक्तप्रतिघातैः, **यादृशी वेदनोत्पद्यते, हे मूढ !** - परपीडाप्रतिभासप्रशून्यतयाऽज्ञानविडम्बित !, **तादृशी** - स्वानुभूततीक्ष्णाशुभवेदनानति-

---

પતિઓના પ્રાણ લઈ લેવા બરાબર છે. માટે કોઈ પણ દયાળુ વ્યક્તિ પરસ્ત્રીની ઈચ્છા કરતો નથી, એવો અહીં અભિપ્રાય છે. વળી -

**મૂઢ ! મારા દેહમાં પ્રહારોથી જેવી વેદના ઉત્પન્ન થાય છે, તેવી વેદના અન્ય જીવોના શરીરોમાં પણ થાય છે. ॥ ૧૩ ॥**

**મારા શરીરમાં** = શ્રોતાના શરીરમાં, અહીં ‘તારા’ એવું કહેવાને બદલે ‘મારા’ એવું કહ્યું છે, તે શ્રોતાને વધુ સારી રીતે સમજાય એ માટે સમજવું. **પ્રહારોથી** = ભાલા વગેરેથી થતા પ્રતિઘાતોથી, **જેવી વેદના ઉત્પન્ન થાય છે, હે મૂઢ !** = પરપીડાના પ્રતિભાસથી અત્યંત શૂન્ય હોવાથી અજ્ઞાન દ્વારા વિડંબિત ! **તેવી** = જેવી તીક્ષ્ણ

रिक्तजातीयैव वेदना, **अन्येषामपि जीवानां देहे**षूत्पद्यते, तुल्यात्मत्वात्तेषाम्, अत एवागमः - जह ते न पियं दुक्खं जाणिय एमेव सव्वजीवाणं । सव्वायरमुवउत्तो अत्तोवम्मेण कुणसु दयं- इति (भक्तपरिज्ञायाम् ९०) । न च परविषयकारुण्यत एव, किं तर्हि ? अपि तु स्वात्मदयाया अप्युपरन्तव्यं हिंसायाः । अत्र हेतुमाह -

**जो देइ परे दुक्खं तं चिय सो लहइ लक्खसयगुणियं ।**
**बीयं जहा सुखेत्ते वावियं बहुफलं होइ ॥१४॥**

---

અશુભ વેદના પોતે અનુભવી છે, બરાબર તેવા જ પ્રકારની વેદના, **બીજા જીવોના શરીરોમાં** ઉત્પન્ન થાય છે. કારણ કે તેઓ પણ તારા જેવા જ આત્મા છે. માટે જ આગમમાં કહ્યું છે - જેમ તને દુઃખ પ્રિય નથી, એમ સર્વ જીવોને પણ દુઃખ પ્રિય નથી. એમ જાણીને પોતાની ઉપમાથી સર્વ પ્રયત્ન સાથે અપ્રમત્ત બનીને દયા કર. (ભક્ત પરિજ્ઞા ૯૦)

બીજા જીવો પરની કરુણાથી જ નહીં, પણ પોતાના પરની કરુણાથી પણ હિંસા છોડી દેવી જોઈએ. એમાં કારણ કહે છે -

**જે બીજાને દુઃખ આપે છે, તે તે જ દુઃખ કરોડગણું મેળવે છે. જેમ સારા ખેતરમાં વાવેલું બીજ ઘણું ફળ આપે છે. ॥ ૧૪ ॥**

अत एव पारमर्षम् - वहमारणअब्भकखाणदाणपरधण-विलोवगाईणं । सव्वजहन्नो उदओ, दसगुणिओ इक्कसि कयाणं ॥ तिव्वयरे उ पओसे, सयगुणिओ सयसहस्सकोडिगुणो । कोडाकोडिगुणो वा, हुज्ज विवागो बहुतरो वा - इति (उपदेशमालायाम् १७७-१७८) । किञ्च -

**सयलाणं पि नईणं उवही मुत्तूण नत्थि आहारो ।**
**तह जीवदयाए विणा धम्मो वि न विज्जए लोए ॥१५॥**

**सर्वेषामपि नदीनां** गङ्गादीनाम्, **उदधिम्- अवारपारं मुक्त्वाऽन्यः** कोऽपि **आधारो नास्ति,** तादृशपात्रान्तरविरहात्,

---

માટે જ પરમર્ષિનું વચન છે - એક વાર વધ કરવો, મારવું, આળ ચડાવવું, ચોરી કરવી વગેરેનું ઓછામાં ઓછું ફલ દશગણું ભોગવવું પડે છે. અને જો આ બધું વધુ પ્રદ્વેષભાવથી કરે, તો સો ગુણ, સો-હજાર-કરોડ ગુણ, કોટાકોટિ ગુણ કે તેનાથી પણ ઘણું વધુ ફળ ભોગવવું પડે. (ઉપદેશમાલા ૧૭૭-૧૭૮). વળી -

**દરિયા સિવાય સર્વ નદીઓનો આધાર નથી. તેમ જીવદયા વિના લોકમાં ધર્મ પણ વિદ્યમાન નથી. ॥૧૫॥**

**સર્વ નદીઓનો** = ગંગા વગેરેનો, **સમુદ્રને** = સાગરને **છોડીને** અન્ય કોઈ પણ **આધાર નથી.** કારણ કે દરિયા જેવું બીજું કોઈ ભાજન નથી. **તેમ** = આ

**तथा** - उक्तनिदर्शनप्रकारेण, **लोके जीवदयाया विना धर्मोऽपि न विद्यते**, तदेकाधार रत्वात्तस्य, अन्वाह - सव्वाओ वि नईओ कमेण जह सायरम्मि निवडंति । तह भगवई अहिंसा सव्वे धम्मा समच्चंति - इति (नानाचित्तप्रकरणे ७८), अत एवाहुः परेऽपि - प्रविशन्ति यथा नद्यः समुद्रं ऋजुवक्रगाः । सर्वे धर्मा अहिंसायां प्रविशन्ति तथा दृढम् - इति (पद्मपुराणे) । उपमान्तरतो दयामाहात्म्यमाह -

**इक्क च्चिय जीवदया जणेइ लोयम्मि सयलसुक्खाइं ।**
**जह सलिलं धरणिगयं निप्फायइ सयलसस्साइं ॥१६॥**

---

દ્રષ્ટાન્તની રીતે, **લોકમાં જીવદયા વિના ધર્મ પણ નથી,** કારણ કે ધર્મનો આધાર માત્ર જીવદયા છે. કહ્યું પણ છે - જેમ સર્વ નદીઓ ક્રમપૂર્વક સાગરમાં મળે છે, તેમ સર્વ ધર્મો ભગવતી અહિંસામાં મળે છે. (નાનાચિત્તપ્રકરણ ૭૮). માટે જ અન્યોએ પણ  કહ્યું છે - જેમ સરળ અને વાંકી નદીઓ સાગરમાં પ્રવેશે છે, તેમ સર્વ ધર્મો નિશ્ચિતપણે અહિંસામાં પ્રવેશે છે. (પદ્મપુરાણ)

અન્ય ઉપમાથી દયાનો મહિમા કહે છે -

**એક જીવદયા જ લોકમાં સર્વ સુખોને જન્મ આપે છે. જેમ ભૂમિમાં ગયેલું પાણી સર્વ ધાન્યોને ઉત્પન્ન કરે છે. ॥ ૧૬ ॥**

व्यक्तार्थम् । अभिहितं च - विउलं रज्जं रोगेहिं वज्जियं रूवमाउयं दीहं । अन्नंपि तं न सुक्खं जं जीवदयाइ न हु सज्झं ॥ देविंदचक्कवट्टित्तणाई भुत्तूण सिवसुहमणंतं । पत्ता अणंतजीवा अभयं दाउण जीवाणं-इति (पुष्पमालायाम् ८-९) । इतश्च दयोपादेयेत्याह -

**न य किंचि इहं लोए जीयाहिंतो जियाण दइय परं।**
**अभयपयाणाओ जगे न हु अन्नं उत्तमं दाणं ॥१७॥**

गतार्थम् । उक्तश्चान्यत्रापि - प्राणा यथात्मनोऽभीष्टा भूतानामपि ते तथा - इति (विष्णुधर्मोत्तरे ३-२६८) । साक्षी

---

આનો અર્થ સ્પષ્ટ છે. કહ્યું પણ છે - વિશાળ રાજ્ય, નીરોગી રૂપ, દીર્ઘ આયુષ્ય અને અન્ય પણ એવું કોઈ સુખ નથી, કે જે જીવદયાથી ન મળી શકે. અનંત જીવો અન્ય જીવોને અભયદાન આપીને દેવેન્દ્રપણું, ચક્રવર્તીપણુ વગેરે ભોગવીને અનંત શિવસુખ પામ્યા છે. (પુષ્પમાળા ૮-૯)

દયા ઉપાદેય છે, તેનું અન્ય કારણ રજુ કરે છે -

**લોકમાં જીવોને જીવિત કરતા વધુ પ્રિય કંઈ જ નથી. જગતમાં અભયદાનથી શ્રેષ્ઠ કોઈ દાન નથી. ॥૧૭॥**

સુગમ છે. અન્યત્ર પણ કહ્યું છે - જેમ પોતાને પ્રાણો પ્રિય છે, તેમ જીવોને પણ પોતાના પ્રાણો પ્રિય છે. (વિષ્ણુધર્મોત્તર ૩-૨૬૮). આ બાબતમાં સિદ્ધાન્ત

चात्र सिद्धान्तः - सव्वे पाणा पियाउया सुहसाया दुक्खपडिकूला अप्पियवहा पियजीविणो जीविकामा सव्वेसिं जीवियं पियं - इति (आचाराङ्गे २-३-८१) । प्रसिद्धं च प्रवचनेऽभयदानोत्तमत्वं चौरज्ञाततः । इतोऽपि हिंसा त्याज्येत्याह -

**पाणिवहपायवाओ फलाइं कडुयाइं हुंति घोराइं ।**
**न य कडुयबीयजायं दीसइ महुरं फलं लोए ॥१८॥**
**निंबाओ न होइ गुलो उच्छू न य हुंति निंबगुलियाओ ।**
**हिंसाफलं न होइ सुखं न य दुक्खं अभयदाणेणं ॥१९॥**

---

પણ સાક્ષી છે - સર્વ જીવોને આયુષ્ય પ્રિય છે, સર્વ જીવો સુખાભિલાષી છે, સર્વ જીવોને દુઃખ પ્રતિકૂળ છે. સર્વે અપ્રિયનો પ્રતિકાર કરે છે, સર્વને જીવન પ્રિય છે, સર્વને દીર્ઘ કાળ જીવવું ગમે છે, સર્વને જીવિત પ્રિય છે. (આચારાંગે ૨-૩-૮૧). અભયદાન ઉત્તમ છે, એ વાત પ્રવચનમાં ચોરના ઉદાહરણથી પ્રસિદ્ધ છે. એક અન્ય કારણથી પણ હિંસાનો ત્યાગ કરવો જોઈએ, એ કહે છે-

**હિંસારૂપી વૃક્ષથી ભયંકર કડવા ફળ થાય છે. કડવા બીજથી મધુર ફળ થાય એવું લોકમાં દેખાતું નથી. ॥૧૮॥**

**લીમડાથી ગોળ બનતો નથી, લીમડાની ગોળીથી (લીંબોળી)થી શેરડી ઉગતી નથી. હિંસાથી સુખ મળતું નથી, અભયદાનથી દુઃખ મળતું નથી. ॥ ૧૯ ॥**

कारणानुरूपत्वात्कार्यस्य न हिंसातो सुखसम्भवसम्भावना, नाप्यहिंसातो दुःखगन्धोऽपीति हृदयम् । किञ्च-

**जो देइ अभयदाणं देइ य सुक्खाइं सव्वजीवाणं ।**
**उत्तमठाणम्मि ठिओ सो भुंजइ उत्तमं सुक्खं ॥२०॥**

कर्त्रनुयायित्वात्कर्मणामित्याशयः, यदागमः - कत्तारमेव अणुजाइ कम्मं- इति (उत्तराध्ययने १३-२३) । एवं जीवदया-महिमानमभिधाय यत्र तत्सम्भवस्तमाह -

**लोभाओ आरंभो आरंभाओ य होइ पाणिवहो ।**
**लोभारंभनियत्ते नवरं अह होइ जीवदया ॥२१॥**

---

કાર્ય હંમેશા કારણને અનુરૂપ હોય છે, માટે હિંસાથી કદી સુખ મળે એવી શક્યતા નથી, અને અહિંસાથી કદી દુઃખ મળે એવો કોઈ અવકાશ નથી, એવો અહીં આશય છે. વળી-

**જે અભયદાન આપે છે, અને સર્વ જીવોને સુખ આપે છે, તે ઉત્તમ સ્થાનમાં રહીને ઉત્તમ સુખ ભોગવે છે. ॥૨૦॥**

કારણ કે કર્મો કર્તાને અનુસરે છે. આગમમાં પણ કહ્યું છે - કર્મ કર્તાનું અનુગમન કરે છે. (ઉત્તરાધ્યયન ૧૩-૨૩). આ રીતે જીવદયાનો મહિમા કહીને જે આત્મામાં જીવદયાનો સંભવ છે, તે કહે છે -

**લોભથી આરંભ થાય છે, અને આરંભથી જીવહિંસા**

प्रव्रजित एव जीवदयासामग्र्यं सम्भवतीत्यभिप्रायः, अत एवाहुराचार्याः - पुढवाइसु आरंभो परिग्गहो धम्मसाहणं मुत्तुं। मुच्छा य तत्थ बज्झो इयरो मिच्छत्तमाईओ ॥ चाओ इमेसि सम्मं मणवयकाएहिं अप्पवित्तीओ । एसा खलु पव्वज्जा मुक्खफला होइ निअमेण - इति (पञ्चवस्तुके ७, ८) । अन्यत्रापि - आरंभे नत्थि दया - इति । यत एवम्,

**तो जाणिऊण एयं मा मुज्झह अत्तणो सकज्जेसु ।**
**सव्वसुहकारणाणं बीयं ता कुणह जीवदयं ॥२२॥**

---

**થાય છે. માટે જે લોભ અને આરંભથી નિવૃત્ત છે, તે આત્મામાં જ જીવદયા હોય છે. ॥ ૨૧ ॥**

આશય એ છે કે, જેણે પ્રવ્રજ્યા લીધી છે, તેમાં જ સંપૂર્ણ જીવદયા સંભવે છે. માટે જ પૂ. હરિભદ્રસૂરિ મહારાજાએ કહ્યું છે - પૃથ્વી વગેરેમાં આરંભ અને ધર્મોપકરણ વિના પરિગ્રહ, ધર્મોપકરણમાં પણ મૂર્ચ્છા એ બાહ્ય પરિગ્રહ છે અને મિથ્યાત્વ વગેરે એ આભ્યંતર પરિગ્રહ છે. તેમાં મન-વચન-કાયાથી પ્રવૃત્તિ ન કરવી, એ તેનો સમ્યક્ ત્યાગ છે. આવો ત્યાગ એ જ પ્રવજ્યા છે, તે અવશ્ય મોક્ષફળદાયક છે. (પંચવસ્તુક ૭, ૮). અન્યત્ર પણ કહ્યું છે - આરંભમાં દયા નથી. જેથી આવું છે,

**તેથી આ જાણીને આત્માના સ્વકાર્યમાં મોહ નહીં પામો. માટે સર્વસુખના કારણોનું બીજ એવી જીવદયા**

**तत एतज्ज्ञात्वा,** जीवदया एव धर्मसर्वस्वम्, धर्मत एव सर्वसुखसम्भवः, लोभारम्भनिवर्तनत एव जीवदयानुपालनमित्यवगम्येत्यर्थः, **आत्मनः स्वकार्येषु मा मुह्यत** - प्रेत्यहितप्रयोजनेषु मा विपर्यासं गच्छत, नन्वत्रात्मस्वशब्दयोरन्यतरं निरर्थकम्, इतरेणैव गतत्वादिति चेत् ? न, साभिप्रायत्वात्प्रयोगस्य, तथाहि - गृहादिकार्यमप्यात्मीयतया मन्यन्ते प्राकृतजनाः, अतस्तद्व्यव-

---

કરો. ॥ ૨૨ ॥

**તેથી આ જાણીને,** અર્થાત્ જીવદયા જ ધર્મનું સર્વસ્વ છે, ધર્મથી જ સર્વ સુખનો સંભવ છે, લોભ અને આરંભથી નિવૃત્તિ કરવાથી જ જીવદયાનું અનુપાલન થાય છે, એમ જાણીને, **આત્માના સ્વકાર્યોમાં મોહ નહીં પામો** = પરલોકમાં હિતકારક પ્રયોજનોમાં વિપર્યાસયુક્ત મતિવાળા ન થાઓ.

**શંકા** - અહીં 'આત્મ' અને 'સ્વ' આ બેમાંથી એક શબ્દ નિરર્થક છે, કારણ કે તેનો અર્થ બીજા શબ્દથી સમજાઈ જાય છે.

**સમાધાન** - એવું નથી, કારણ કે આ પ્રયોગ પાછળ ગંભીર આશય છે. તે આ રીતે - સામાન્ય લોકો ઘર વગેરેના કાર્યને પણ આત્માનું = પોતાનું જ માને છે. માટે તેનો વ્યવચ્છેદ કરવા માટે 'જીવસ્વરૂપ' એવો અર્થ દર્શાવતા 'સ્વ' શબ્દનો પ્રયોગ સાર્થક સમજવો.

च्छेदाय जीवस्वरूपपरस्य स्वशब्दस्य प्रयोगः सार्थको द्रष्टव्यः।

आत्मस्वकार्यामोह एव यथा सक्रियस्स्यात्तदाह - **ततः सर्वसुखकारणानाम्** - सत्यादिव्रतानाम्, **बीजम्** - प्रागुक्तनीत्याऽवन्ध्यं निबन्धनम्, **जीवदयां कुरुत**, अपरथा सुखेच्छासाफल्यासम्भवात् ।

**इय जाणिऊण एयं वीमंसह अत्तणो पयत्तेणं ।**
**जो धम्माओ चुक्को चुक्को सो सव्वसुक्खाणं ॥२३॥**

हेतुवञ्चनफलवञ्चनयोः परमार्थतोऽनर्थान्तरत्वाद्धर्मभ्रंश एव सर्वसुखसन्दोहभ्रंश इति तात्पर्यम् । हेतुफलभावमेव तयोः

---

આત્માના પોતાના કાર્યમાં અમોહ જ જે રીતે સક્રિય થઈ શકે, તે કહે છે - **તેથી સર્વ સુખોના કારણોના** = સત્ય વગેરે વ્રતોના, **બીજ** = પૂર્વે કહ્યું તે નીતિથી અમોઘ કારણ એવી **જીવદયા કરો,** કારણ કે તેના વિના સુખની ઈચ્છા સફળ થાય, એ શક્ય નથી.

**આ રીતે જાણીને આત્માના પ્રયત્નપૂર્વક આનો (જીવદયાની ઉપાદેયતાનો) વિચાર કરો. જે ધર્મથી ચૂક્યો, તે સર્વ સુખોથી ચૂક્યો છે. ॥ ૨૩ ॥**

હેતુથી વંચિત થવું, એ જ પરમાર્થથી ફળથી વંચિત થવા સમાન છે. માટે ધર્મથી ભ્રષ્ટ થવું, એ જ સર્વ સુખોના સમૂહથી ભ્રષ્ટ થવા બરાબર છે. અને સુખ એ

पुनराचष्टे -

**धम्मं करेह तुरियं धम्मेण य हुंति सव्वसुक्खाइं ।**
**जीवदयामूलेणं पंचिंदियनिग्गहेणं च ॥२४॥**

नानुपहत्य भूतानि भोगः सम्भवतीत्युक्तेरिन्द्रियनिग्रहस्य धर्महेतुत्वं प्रतिपत्तव्यम्, इत्थमेव भोगविरतेर्भूतानुपघातात्मकजीवदयासम्भवात् । किञ्च -

**जं नाम किंचि दुक्खं नारयतिरियाण तहय मणुयाणं ।**
**तं सव्वं पावेणं तम्हा पावे विवज्जेह ॥२५॥**

---

તેનું ફળ છે, આ જ વસ્તુ ફરીથી કહે છે -

**શીઘ્ર ધર્મ કરો, જીવદયામૂલક અને પંચેન્દ્રિયના નિગ્રહરૂપ એવા ધર્મથી જ સર્વ સુખો થાય છે. ॥ ૨૪ ॥**

જીવોનો ઉપઘાત કર્યા વિના ભોગ સંભવતો નથી. એવી ઉક્તિથી ઇન્દ્રિયનિગ્રહ એ ધર્મનું કારણ છે, એમ સમજવું જોઈએ. કારણ કે ઇન્દ્રિયોનો નિગ્રહ કરવાથી જ ભોગથી વિરતિ કરી શકાય છે, અને તેનાથી જીવોને ઉપઘાત નહીં કરવારૂપ જીવદયા સંભવે છે.

વળી -

**નારક, તિર્યંચ તથા મનુષ્યોને જે કાંઇ પણ દુઃખ છે, તે સર્વ પાપથી છે, માટે પાપોનો ત્યાગ કરો. ॥ ૨૫ ॥**

मुर्धसूचिविनाशतस्तालसम्भवाभाववत्पापघातत एव दुःखघातः सम्भवतीति भावः, तदार्षम् - पावघाते हतं दुक्खं, पुप्फघाए जहा फलं । विद्धाए मुद्धसुईए, कतो तालस्स संभवे - इति (ऋषिभाषितेषु १५-१०) । पापत्यागश्च धर्मादरत इति तस्मिन् कर्तव्यमतिमुल्लासयति -

**नरनरवइदेवाणं जं सुक्खं सव्वउत्तमं होइ ।**
**तं धम्मेण विढप्पइ तम्हा धम्मं सया कुणह ॥२६॥**

उक्तञ्च - वरविसयसुहं सोहग्ग - संपयं वररूवजस-

---

જેમ ટોચના ભાગે રહેલી સોયનો નાશ થાય, ત્યારે તાડનું વૃક્ષ ટકી શકતું નથી, તેમ પાપના ઘાતથી જ દુઃખોનો ઘાત થાય છે. તેવું ઋષિવચન પણ છે- પાપનો ઘાત થાય તો દુઃખનો ઘાત થાય છે. જેમ કે પુષ્પનો નાશ થાય તો ફળનો ઘાત થાય છે. મસ્તકસોય નષ્ટ થાય, પછી તાડનો સંભવ ક્યાંથી હોય ? (ઋષિભાષિત ૧૫-૧૦). અને પાપત્યાગ તો ધર્મમાં આદર કરવાથી થાય છે, માટે 'ધર્મ કરવો જોઈએ' એવી ભાવનાને ઉલ્લસિત કરે છે -

**મનુષ્યો, રાજાઓ અને દેવોને જે સર્વોત્તમ સુખ હોય, તે ધર્મથી મળે છે, માટે હંમેશા ધર્મ કરો. ॥૨૬॥**

કહ્યું પણ છે - જીવ ! જો તને હંમેશા ઉત્તમ

कित्तिं । जइ महसि जीव निच्चं, ता धम्मे आयरं कुणसु - इति (पुष्पमालायाम् ४७५) । इतश्च धर्म आदरः कर्त्तव्यः, मरणध्रौव्यादित्याह -

**जाणइ जणो मरिज्जइ पिच्छइ लोयं मरंतयं अन्नं ।**
**न य कोइ जए अमरो कह तह वि न आयरो धम्मे ? ॥२७॥**

स्यादेतत्, यदि नाम मरणध्रौव्यम्, तर्हि धर्मकर्त्तव्यतायाः किमायातम् ? धर्मिणामपि मरण - दर्शनादिति चेत् ? न,

---

વિષયસુખ, સૌભાગ્યસંપત્તિ, ઉત્તમ રૂપ, યશ અને કીર્તિ જોઈતા હોય, તો ધર્મમાં આદર કર. (પુષ્પમાળા ૪૭૫). ધર્મમાં આદર કરવો જોઈએ, તેનું અન્ય પણ એક કારણ એ છે કે - મરણ અવશ્ય થવાનું છે. એ જ વાત કહે છે -

**લોકો જાણે છે કે મરણ આવે છે. તેઓ મરી રહેલા અન્ય લોકને જુએ છે, જગતમાં કોઈ અમર નથી. તો પણ ધર્મમાં કેમ આદર કરાતો નથી ? ॥ ૨૭ ॥**

**શંકા** - જો મરણ અવશ્ય થવાનું છે, તો એનાથી કાંઈ એવું સિદ્ધ નથી થતું કે 'ધર્મ કરવો જોઈએ.' કારણ કે ધર્મીઓનું પણ મરણ તો દેખાય છે.

**સમાધાન** - ના, તેવું નથી. કારણ કે ધર્મનું પુનઃ પુનઃ આસેવન કરવામાં આવે ત્યારે ધર્મ પ્રકૃષ્ટ કક્ષાએ

स्वभ्यस्ततया प्रकर्षमुपयातस्य धर्मस्यैव मरणमारकत्वात्, अत एवाहुः - धर्म एवामृतं परम् - इति (धर्मबिन्दौ कारिका - ४१)। किञ्च -

**उच्छिन्ना किं नु जरा ? नट्ठा रोगा किं मयं मरणं ? ।**
**ठइयं च नरयदारं जेण जणो न कुणए धम्मं ॥२८॥**

प्रतितिष्ठन्त एव जरादयः, नित्योद्घाटितमेव नरकद्वारम्, अतो हितो धर्मयत्न इत्याशयः ।

रागादय एव पापप्रयोजकतया धर्मानुष्ठितिप्रतिबन्धकाः, ते च समभावमात्रशक्यनिग्रहा इति तत्सम्पादनार्थमाह -

---

પહોંચે છે, અને મરણનો મારક બને છે = જીવને અમર બનાવે છે. માટે જ કહ્યું છે - ધર્મ જ પરમ અમૃત છે. (ધર્મબિંદુ કારિકા - ૪૧). વળી -

**શું ઘડપણનો ઉચ્છેદ થઈ ગયો છે ? શું રોગો નષ્ટ થઈ ગયા છે ? શું મરણ મરી ગયું છે ? શું નરકના દરવાજા બંદ થઈ ગયા છે ? કે જેથી લોકો ધર્મ કરતા નથી ? ॥ ૨૮ ॥**

ઘડપણ વગેરે આવીને ઊભા જ રહે છે. નરકના દરવાજા હંમેશા ખુલ્લા જ છે. માટે ધર્મમાં યત્ન કરવો હિતકારક છે, એવો અહીં આશય છે.

રાગ વગેરે જ પાપના પ્રયોજક બનવા દ્વારા ધર્માચરણના પ્રતિબંધક બને છે. તેમનો નિગ્રહ માત્ર

**दूसहदुहसंतावं ताव उ पाविंति जीव संसारे ।**
**जाव न सुहसत्ताणं सत्ताणं जंति समभावं ॥२९॥**

हिंसा हि सर्वजीवेष्वात्मसाम्यदर्शनविरहत एव सम्भवति, यथैवाहं सुखसक्तस्तथा सर्वेऽपि सत्त्वाः, अतोऽनुकम्प्या एते - इत्याद्यात्मकसमभावमन्तरेण न पापबन्धाभावः, सति च पापबन्धे ध्रुवस्तदुदयाऽऽपादितदुःखसन्दोहः, अतस्तदपनोदाभिलाषिभिः समभावे यतितव्यमिति भावः । अत एव पारमर्षम्

---

સમભાવથી જ થઈ શકે છે, માટે સમભાવ લાવવા માટે કહે છે -

**જીવો ત્યાં સુધી સંસારમાં દુઃષહ દુઃખોનો સંતાપ પામે છે, કે જ્યાં સુધી સુખમાં આસક્ત એવા જીવો પ્રત્યે સમભાવ પામતા નથી. ॥ ૨૯ ॥**

હિંસા તો જ સંભવે કે, જો સર્વ જીવોમાં પોતાના આત્માનું સામ્ય ન દેખાય. 'જેમ હું સુખમાં આસક્ત છું. તેમ બધા જીવો પણ સુખમાં આસક્ત છે. માટે તેમના પર દયા કરવી જોઈએ' - આવા સમભાવ વિના પાપબંધ અટકતો નથી. અને જો પાપબંધ હોય, તો તેના ઉદયથી નક્કી દુઃખોનો સમૂહ આવવાનો જ છે. માટે જેમને દુઃખો દૂર કરવા હોય, તેમણે સમભાવ મેળવવા માટે પ્રયત્ન કરવો જોઈએ. માટે જ પરમર્ષિનું વચન છે - જે

- सव्वभूयप्पभूअस्स सम्मं भूयाइं पासओ । पिहियासवस्स दंतस्स पावं कम्मं न बंधइ - इति (दशवैकालिके ४०) । इतोऽपि हिंसा त्याज्येत्याह -

**धम्मो अत्थे कामो [1]अण्णे जे एवमाइया भावा ।**
**हरइ हरंतो जीयं अभयं दिंतो नरो देइ ।।३०।।**

सत्येव जीविते धर्मादिभावसम्भवात्तदपहारे तद्धरणं तद्दाने च तद्दानमुन्नेयम् । किञ्च -

---

સર્વ જીવોમાં પોતાના આત્માની સમાનતા માને, આ રીતે સમ્યક્ રીતે જીવોને જુએ, જેના આશ્રવો ઢંકાઈ ગયા છે, અને જે જિતેન્દ્રિય છે, તેને પાપકર્મ બંધાતું નથી. (દશવૈકાલિકે ૪૦)

આ અન્ય કારણથી પણ હિંસાનો ત્યાગ કરવો જોઈએ, એ કહે છે -

**ધર્મ, અર્થ, કામ અને અન્ય પણ જે આવા ભાવો છે, તે સર્વને જીવન હરી લેનાર હરી લે છે અને અભયદાન કરનાર મનુષ્ય તે સર્વ ભાવોને આપે છે. ॥ ૩૦ ॥**

હરણમાં તેમનું હરણ થાય છે, અને જીવનના દાનમાં તેમનું દાન થાય છે, એમ સમજવું. વળી -

---

१. ग - अन्ने

**सो दाया सो तवसी सो हि सुही पंडिओ य सो चेव।**
**जो सयलसुक्खबीयं जीवदयं कुणइ खंतिं च ॥३१॥**

दानादिसर्वधर्मानुष्ठानविशेषफलं जीवदयानुष्ठायिनाऽवाप्तम्, तत्सारत्वात्तेषामित्याशयः । क्षान्तिधरेणापि तदवाप्तम्, तस्या दयाप्रयोजकत्वादिति । ज्ञानस्याप्येष एव सार इत्याह -

**किं पढिएण सुएण व वक्खाणियएण कांइ किर तेण।**
**जत्थ न विज्जइ एयं परस्स पीडा न कायव्वा ॥३२॥**

उक्तञ्चान्यत्रापि - किं ताए पढियाए, पयकोडीए

---

**તે દાતા છે, તે તપસ્વી છે, તે જ સુખી છે અને પંડિત પણ તે જ છે, કે જે સર્વ સુખોના બીજરૂપ જીવદયા અને ક્ષમા કરે છે. ॥ ૩૧ ॥**

દાન વગેરે સર્વ ધર્માનુષ્ઠાનોનું ફળ જીવદયા કરનારે મેળવ્યું છે. કારણ કે દાન વગેરેનો સાર જીવદયા છે. જે ક્ષમા ધારણ કરે છે, તેણે પણ તે ફળ મેળવ્યું છે, કારણ કે ક્ષમા એ દયાનું કારણ છે. જ્ઞાનનો સાર પણ જીવદયા જ છે, એ જણાવે છે -

**તેવા ભણવાથી, સાંભળવાથી કે વ્યાખ્યાન કરવાથી શું ? કે જ્યાં 'બીજાને પીડા ન કરવી' એવું વિદ્યમાન નથી. ॥ ૩૨ ॥**

અન્ય ગ્રંથમાં પણ કહ્યું છે - તેવા કરોડ પદ પણ ઘાસ બરાબર છે, તેમને ભણવાથી શું ? કે જ્યાં આટલું

पलालभूयाए ? जत्थित्तियं न नायं, परस्स पीडा न कायव्वा- इति (नानाचित्तप्रकरणे २०) । जीवदयामात्रशक्य - सार्थक्यानां पठितानां तद्विरहे नैरर्थ्यम्, तुषखण्डनानतिशायित्वात्तेषामिति भावः, यथोक्तम्- छंदसरसद्दजुत्ते वि पवयणे, सक्कअक्खरविचित्ते। धम्मो जेहिं न नाओ, नवरि तुसा खंडिया तेहिं - इति (नानाचित्तप्रकरणे २१) ।

इतोऽपि धर्मो ज्ञातव्योऽनुष्ठातव्यश्चेत्याह-

**जो धम्मं कुणइ जणो पुज्जिज्जइ सामिओ व्व लोएणं ।**
**दासो पेसु व्व जहा परिभूओ अत्थतल्लिच्छो ॥३३॥**

---

પણ જણાયું નથી, કે બીજાને પીડા ન કરવી જોઈએ. (નાનાચિત્ત પ્રકરણ ૨૦). ભણવું વગેરે તો જ સાર્થક થાય, કે જો જીવદયા આત્મસાત્ થાય. માટે જીવદયા વિના ભણતર વગેરે બધું જ નિરર્થક છે. કારણ કે એવું ભણતર એ ફોતરા ખાંડવાથી વિશેષ બીજું કાંઈ જ નથી. કહ્યું પણ છે - છંદ, સ્વર, શબ્દથી યુક્ત અને સમર્થ વર્ણો વગેરેનો વિવિધતાસભર એવો શાસ્ત્રબોધ હોવા છતાં પણ જેમણે ધર્મને જાણ્યો નથી, તેમણે માત્ર ફોતરાં જ ખાંડ્યા છે. (નાનાચિત્ત પ્રકરણ ૨૧)

ધર્મ જાણવા યોગ્ય અને આચરવા યોગ્ય છે, તેનું અન્ય પણ કારણ કહે છે -

**જે જન ધર્મ કરે છે તે જગત દ્વારા સ્વામીની જેમ**

यत एवं ततः -

**मा कीरउ पाणिवहो मा जंपह मूढ ! अलियवयणाइं ।**
**मा हरह परधणाइं मा परदारे मइं कुणह ॥३४॥**

प्राणिवधादिनिवृत्तेरेव कथञ्चिद्धर्मप्रवृत्त्यात्मकत्वादित्याशयः । एवं परिग्रहतोऽपि निवर्त्तितव्यमित्याह -

**सयणे य धणे तह परियणे य को कुणइ सासया बुद्धी ।**
**अणुधावंति कुढेणं रोगा य जरा य मच्चू य ॥३५॥**

---

**પૂજાય છે. જે ધનનો અભિલાષી છે, તે દાસ અને સેવકની જેમ પરાભવ પામે છે. ॥ ૩૩ ॥**

જેથી આવું છે, તેથી -

**હે મૂઢ ! જીવહિંસા ન કરો. અસત્ય વચનો ન બોલો. બીજાના ધનને ન હરો. પરસ્ત્રીની ઈચ્છા ન કરો. ॥ ૩૪ ॥**

કારણ કે જીવહિંસાથી નિવૃત્તિ એ જ કથંચિત્ ધર્મપ્રવૃત્તિરૂપ છે, એવો આશય છે. એ રીતે પરિગ્રહથી પણ નિવૃત્તિ લેવી જોઈએ એ કહે છે -

**સ્વજન, ધન અને પરિજન શાશ્વત છે, એવું કોણ માને છે ? રોગ, જરા અને મૃત્યુ એવી રીતે પાછળ દોડે છે, જાણે તેઓ કોઈ ખોવાયેલી વસ્તુને શોધતા હોય. ॥ ૩૫ ॥**

**स्वजने** - कलत्रादौ, **धने** - काञ्चनादौ, **चः** - समुच्चये, **तथा परिजने च** - सेवकादौ **कः शाश्वतीं बुद्धिं करोति ?** संयोगिनोऽनित्यत्वात्संयोगस्याप्यनित्यत्वेन न कोऽपि सकर्णो नित्यं मदीया एवैत इत्याद्याकारां सदातनभावगोचरां मतिं कुरुत इत्यर्थः । संयोगिनो नश्वरत्वमेव प्रमाणयति - **रोगाश्च** - शूलादयः, **जरा च** - वार्द्धक्यम्, **मृत्युश्च** - मरणम्, एते **कुढेन** - विनष्टान्वेषणसदृशयत्नेन, **अनुधावन्ति** - तत्तत्संयोगिपृष्ठलग्नतया त्वरातिशयेनानुयान्ति । किञ्च -

---

**સ્વજનમાં** - પત્ની વગેરેમાં, **ધનમાં** - સુવર્ણ વગેરેમાં, **તથા પરિજનમાં** - નોકર વગેરેમાં **કોણ શાશ્વત બુદ્ધિને કરે છે ?** સંયોગ કરનાર અનિત્ય હોવાથી સંયોગ પણ અનિત્ય છે. માટે કોઈ બુદ્ધિશાળી 'હંમેશા આ બધા મારા જ છે' - એવી શાશ્વતભાવવિષયક માન્યતા ધરાવતો નથી, એવો અર્થ છે. સંયોગ કરનાર પોતે જ નશ્વર છે, એ જ વાતને પુરવાર કરે છે - **રોગો** - શૂળ વગેરે, **અને જરા** - ઘડપણ, **અને મૃત્યુ** - મરણ, આ બધા **કુઢથી** - ખોવાયેલી વસ્તુને શોધતા હોય તેવા પ્રયત્નથી, **પાછળ દોડે છે** પત્ની, ધન વગેરે તે તે સંયોગીની પાછળ લાગીને અત્યંત વેગથી પીછો કરે છે. વળી -

**परमेसरमाईया[१] ता पिच्छह जाव डुंबचंडाला ।**
**कस्स न जायइ दुक्खं सारीरं माणसं चेव ॥३६॥**

धर्महीनाः श्रेष्ठ्यादयोऽन्त्यजपर्यन्ताः सर्वेऽपि शारीरमानस-दुःखसन्दोहाभिभूता दृश्यन्त एवेति धर्म एव सुखार्थिनाऽनुष्ठातव्य इत्याशयः । ननु तदभिभूतौ धर्महीनत्वमेव प्रयोजकम्, न त्वन्यत् किञ्चिदिति कथं निश्चय इति चेत्, प्रागुक्तधर्मफलप्रतिपादका-

---

**અત્યંત શ્રીમંતોથી માંડીને ડુંબ (એક હલકી જાતિ) - ચંડાળ વગેરેને તો જુઓ, કોને શારીરિક અને માનસિક દુઃખ થતું નથી ? ॥ ૩૬ ॥**

જેઓ ધર્મરહિત છે તેવા શેઠિયાઓથી માંડીને ચંડાળો સુધીના બધાં જ શારીરિક અને માનસિક દુઃખોના સમૂહથી પરાભવ પામેલા છે, એવું દેખાય જ છે. માટે જેઓને સુખની ઈચ્છા છે, તેમણે ધર્મ જ કરવો જોઈએ, એવો અહીં આશય છે.

**શંકા** - દુઃખોથી જે પરાભવ થાય છે, તેમાં ધર્મરહિતપણું એ જ કારણ છે, બીજું કોઈ કારણ નથી, એવો નિશ્ચય શી રીતે થઈ શકશે ?

**સમાધાન** - પૂર્વે કહેલા ધર્મના ફળના પ્રતિપાદક શ્રદ્ધેય મહાપુરુષોના વચનથી એનો નિશ્ચય થઈ શકશે.

---

१. ग - ०ईयो ।

प्तवचस इति गृहाण, विपक्षे बाधकश्चात्र विश्वविश्वदुःखोच्छित्त्य-भाव एवेत्यालोचनीयं पटुप्रतिभया, तदुक्तम्-धम्मेण विणा परि-चिंतियाइं, जइ हुंति कह वि एमेव । ता तिहुयणम्मि सयले, न हुज्ज इह दुक्खिओ कोइ - इति (पुष्पमालायाम् ४७६) ।

**अड्ढा भोगासत्ता [1]दुग्गय पुण पुट्टभरणतल्लिच्छा ।**
**तो वि न कुणंति धम्मं कह पुण सुक्खं जए होउ ? ॥३७॥**

**तथापि ऋद्धाः** - विभवसम्पन्नाः, **भोगासक्ताः** - इष्टशब्दाद्यनुभूतिलम्पटाः, **दुर्गताः** - दारिद्रोपहताः **पुनरुदर-**

---

જો ધર્મ વિના પણ સુખ મળતું હોય, તો સમગ્ર વિશ્વના દુઃખોનો ઉચ્છેદ જ થઈ જાય. પણ એવું તો થતું નથી. માટે દુઃખનું કારણ ધર્મનો અભાવ જ છે, એમ સૂક્ષ્મબુદ્ધિથી વિચારવું જોઈએ. કહ્યું પ્રણ છે - જો ધર્મ વિના આમ ને આમ જ કોઈ રીતે મનોરથો સફળ થઈ જતા હોત, તો આ સર્વ ત્રિભુવનમાં કોઈ દુઃખી ન હોત. (પુષ્પમાળા ૪૭૬)

**તો પણ શ્રીમંતો ભોગમાં આસક્ત છે અને ગરીબો પેટ ભરવામાં તત્પર છે. તેથી તેઓ ધર્મ કરતાં નથી. તો જગતમાં (તેમને) સુખ ક્યાંથી થાય (મળે) ? ॥ ૩૭ ॥**

**તો પણ ઋદ્ધો** - વૈભવ સંપન્નો, **ભોગમાં આસક્ત** = ઇચ્છિત શબ્દો વગેરેની અનુભૂત કરવામાં લંપટ છે,

---

१. क - रोरा ।

**भरणतत्पराः**, लक्ष्यान्तरविरहात्तदेकप्रवृत्ताः समृद्धा दरिद्राश्चेति भावः । एवञ्च ते **धर्मं न कुर्वन्ति**, तदनुष्ठानस्य तदध्यवसाय-मूलकत्वात्, प्रायश्च तेषु तदभावात् । ततश्च **जगति कथम्पुनः सुखं भवतु** ? निष्कारणतत्सम्भवे नित्यसत्त्वादिप्रसक्तेर्न कथञ्चित्त-त्सम्भव इत्याकूतम्, यदुक्तम् - नित्यं सत्त्वमसत्त्वं वाऽहेतोरन्यान-

---

**ગરીબો** = દરિદ્રતાનો ભોગ બનેલા જીવો વળી **પેટ ભરવામાં તત્પર છે.** આશય એ છે કે શ્રીમંતો અને ગરીબો એ બંનેને ઉપરોક્ત પ્રવૃત્તિ સિવાય બીજું કોઈ લક્ષ્ય જ નથી. માટે તેઓ તે તે પ્રવૃત્તિમાં જ તત્પર રહે છે. આ રીતે તેઓ **ધર્મ કરતાં નથી.** કારણ કે ધર્મનું આચરણ તો જ થાય, કે જો તેનો વિચાર આવે, અને તેઓને પ્રાયઃ તેનો વિચાર પણ આવતો નથી. તેથી **જગતમાં શી રીતે સુખ મળી શકે ?**

જો કારણ વગર પણ સુખ ઉત્પન્ન થાય તો તેની નિત્ય હાજરી કે નિત્ય ગેરહાજરી માનવી પડે, માટે કોઈ રીતે કારણ વિના સુખ ન થઈ શકે એવો આશય છે. કહ્યું પણ છે - જેનું કોઈ કારણ નથી, તેની નિત્ય હાજરી હોય, (જેમ કે આકાશની), અથવા તો નિત્ય ગેરહાજરી હોય, (જેમ કે વંધ્યાપુત્રની), કારણ કે કોઈ વસ્તુ અમુક કાળ પૂરતી હોય, એ તો જ સંભવી શકે,

पेक्षणात् । अपेक्षातो हि भावानां कादाचित्कत्वसम्भवः - इति (प्रमाणवार्त्तिके) । किञ्च -

**[1]दियहं करेइ कम्मं दारिद्दहएहिं पुट्टभरणत्थं ।**
**रयणीसु[१] णेय निद्दा चिंताए धम्मरहियाणं ॥३८॥**

नक्तंदिनमपि दुःखिता एव धर्मरहिता इत्यर्थः । तत्प्रतिपक्षतया पुण्यानुबन्धिपुण्योदयशालिनां वक्तव्यतामाह -

**मणिधणकणगसमिद्धा धन्ना भुंजंति केइ जे भोगे ।**
**ते आसाइय सुक्खं पुणो वि धम्मं चिय कुणंति ॥३९॥**

---

કે જો એને (કારણની) અપેક્ષા હોય. (પ્રમાણવાર્ત્તિક). વળી -

**દરિદ્રતાથી હણાયેલા ધર્મરહિત જીવો આખો દિવસ પેટ ભરવા માટે કામ કરે છે. અને રાત્રે ચિંતાને કારણે તેમને ઊંઘ પણ આવતી નથી. ॥ ૩૮ ॥**

અર્થાત્ જેઓ ધર્મરહિત છે, તેઓ દિવસ-રાત દુઃખી જ રહે છે. તેમની સામે જેઓ પુણ્યાનુબંધી પુણ્યના ઉદયને અનુભવે છે, તેમની વાત કહે છે -

**જેઓ મણિ, ધન, સુવર્ણથી સમૃદ્ધ છે, તેવા કેટલાક જીવો ભોગોને ભોગવે છે. તેઓ સુખને અનુભવીને ફરીથી ધર્મ જ કરે છે. ॥ ૩૯ ॥**

---

1. एतदन्तर्गतः पाठः क-प्रतौ नास्ति । १. ख - ०णीए ।

शालिभद्रादिवत् । पुण्यानुबन्धिपापोदयवतां वार्त्तामाह-

**जे पुण जम्मदरिद्दा दुहिया परपेसरोगमग्घाया ।[1]**
**काऊण ते वि धम्मं दूरं दुक्खाण वच्चंति ॥४०॥**

अनामिकादिवत् । अतः कर्त्तव्यो धर्मः, निर्वाणस्यापि तदेकसाध्यत्वाच्च । एतदेवाह -

**जो कुणइ मणे खंती जीवदया मद्दवज्जवं भावं ।**
**सो पावइ निव्वाणं न य इंदियलंपडो लोओ ॥४१॥**

ननु च कामगजेन्द्रादिलम्पटतमानामपि निर्वृतिश्रुतेरसङ्गतमिदं वच इति चेत् ? न, आविर्भूतविरक्तपर्यायस्यैव तेषां

---

શાલિભદ્ર વગેરેની જેમ. જેઓ પુણ્યાનુબંધી પાપના ઉદયને અનુભવે છે, તેમની વાત કહે છે -

**વળી જેઓ જન્મથી ગરીબ છે, દુઃખી છે, બીજાના દાસપણા અને રોગોથી પીડિત છે, તેઓ પણ ધર્મ કરીને દુઃખોથી દૂર જાય છે. ॥ ૪૦ ॥**

અનામિકા વગેરેની જેમ. માટે ધર્મ કરવો જોઈએ. કારણ કે મોક્ષ પણ ધર્મથી જ મળે છે. આ જ વાત કહે છે -

**જે મનમાં ક્ષમા, જીવદયા, ઋજુતા અને મૃદુતારૂપ ભાવ કરે છે, તે મોક્ષ પામે છે. ઈન્દ્રિયલંપટ લોકો મોક્ષ પામતા નથી. ॥ ૪૧ ॥**

**શંકા** - કામગજેન્દ્ર વગેરે અત્યંત લંપટ હતાં. તેઓ

---

1. एतदन्तर्गतः पाठः क-प्रतौ नास्ति ।

निर्वाणयोगित्वात्, तदाविर्भावे प्राक्तनलम्पटपर्यायनिवृत्तेरावश्यकत्वात्, तत्पर्यायविशिष्टतन्मृत्यनन्तरमेव तन्मुक्तिभावादुक्तवचनासाङ्गत्याभावात् ।

इन्द्रियलम्पटानां निर्वाणाभावस्तल्लाम्पट्यजीवदययोः सामानाधिकरण्यासम्भवाज्जीवदयाविरहे मुक्तिविरहाच्च । एतदपि कथ-

---

પણ મોક્ષમાં ગયા, એવું સંભળાય છે. માટે આ વચન અસંગત છે.

**સમાધાન** - ના, કારણ કે કામગજેન્દ્ર વગેરેના આત્મામાં જ્યારે 'વિરક્ત' પર્યાયનો આવિર્ભાવ થયો, ત્યારે જ તેઓ મોક્ષમાં ગયા હતાં. જ્યારે 'વિરક્ત' - પર્યાયનો આવિર્ભાવ થયો, ત્યારે પૂર્વના 'લંપટ' પર્યાયની નિવૃત્તિ અવશ્ય થાય છે. માટે લંપટપર્યાયવિશિષ્ટ કમગજેન્દ્ર વગેરેનું મરણ થયા બાદ વૈરાગી પર્યાયવિશિષ્ટ કામગજેન્દ્રનો જન્મ (આવિર્ભાવ) થાય છે. અને ત્યાર બાદ જ તેનો મોક્ષ થાય છે. માટે 'લંપટનો મોક્ષ થતો નથી' એ વચનમાં અસંગતિ નથી.

ઇન્દ્રિયલંપટ જીવોનો મોક્ષ એટલા માટે નથી થતો, કે ઇન્દ્રિયલંપટતા અને જીવદયા એ બંને એક સાથે રહી શકતા નથી. અને જીવદયા વિના મોક્ષ થઈ શકતો નથી.

**શંકા** - 'જીવદયા વિના મોક્ષ ન થઈ શકે' એવું પણ શા માટે ?

मिति चेत् ? हिंसाकृतपापस्य दुःखसहस्रानुबन्धित्वादिति गृहाण, तदेव साक्षादाचष्टे -

**जो पहरइ जीवाणं पहरइ सो अत्तणो[1] सगत्तेसु ।**
**अप्पाणे[2] जो वइरी दुक्खसहस्साण सो भागी ॥४२॥**

परमार्थतः प्रहारमात्रस्य स्वगोचरतापर्यवसानात्, एकान्ततः स्वदुःखहेतुत्वादिति हृदयम्, तदागमः - तुमं सि नाम स च्चेव जं हंतव्वं ति मन्नसि - इति (आचाराङ्गे) । अतो दुःख-निर्विण्णेन विरन्तव्यं हिंसातः, अपरथा तद्भावध्रौव्यात्,

---

**સમાધાન** - કારણ કે હિંસાથી કરાયેલું પાપ હજારો દુઃખોની પરંપરા ઊભી કરે છે. આ જ વાત સ્વયં ગ્રંથકારશ્રી કહે છે -

**જે જીવો પર પ્રહાર કરે છે, તે પોતાના સ્વઅંગોમાં પ્રહાર કરે છે. (આ રીતે) જે પોતાનો શત્રુ છે, તે હજારો દુઃખોને ભોગવે છે. ॥ ૪૨ ॥**

વાસ્તવમાં કોઈ પણ પ્રહાર પોતાના ઉપર જ થતો હોય છે. બીજાને એ પ્રહારથી દુઃખ થાય કે ન પણ થાય, પણ પોતાને તો એકાંતે દુઃખ થાય જ છે. તેથી જ આગમમાં કહ્યું છે- જેને તું હણવા ઈચ્છે છે, એ તું પોતે જ છે. (આચારાંગ). માટે જેને દુઃખોથી નિર્વેદ થયો હોય, તેણે હિંસા છોડી દેવી જોઈએ. અન્યથા દુઃખ અવશ્ય

---

१. ख - अप्पणोसुग० । २. ख.ग - ०प्पाणं जो ।

मृगापुत्रादिवत्, उक्तञ्च-जे उण छज्जीववहं कुणंति अस्संजया निरणुकंपा । ते दुहलक्खाभिहया भमंति संसारकंतारे ॥ वहबंधमारणरया, जियाणं दुक्खं बहुं उईरंता । हुंति मियावइतणओ व्व भायणं सयलदुक्खाणं - इति (पुष्पमालायाम् १२-१३) । अतो जीवदयात्मके धर्मे यतितव्यम्, यतः -

**जो कुणइ जणो धम्मं अप्पाणं सो सया सुहीं[1] कुणइ ।**
**संचयपरो य सुच्चिय [2]संचिय सुहसंचओ जेणं ॥४३॥**

---

રહેશે, મૃગાપુત્ર વગેરેની જેમ. કહ્યું પણ છે -

અસંયત, નિર્દય એવા જેઓ છકાયના જીવોની હિંસા કરે છે, તેઓ લાખો દુઃખોથી પીડિત થઈને સંસારાટવીમાં ભટકે છે. જેઓ વધ, બંધ અને મારણમાં નિરત છે, જેઓ જીવોને ઘણા દુઃખની ઉદીરણા કરે છે, તેઓ મૃગાવતીના પુત્રની જેમ સર્વ દુઃખોના ભાજન બને છે. (પુષ્પમાળા ૧૨-૧૩). માટે જીવદયારૂપ ધર્મમાં યત્ન કરવો જોઈએ. કારણ કે-

**જે ધર્મ કરે છે, તે પોતાને હંમેશા સુખી કરે છે. જેણે સુખનો સંચય ભેગો કર્યો છે, તે જ (ખરા) સંચયમાં તત્પર છે. ॥ ૪૩ ॥**

---

१. ग - सुहं । २. क - संचयसु । ख - संचियसुहसंचिओ । ग - संचई सुहसंचयं ।

उक्तार्थम्, नवरं **स एव सञ्चयपरः** - सम्यक् स्वीकरण-निरतः, क इत्याह - **येन सुखसञ्चयः** - फले हेतूपचाराद्धर्म-सञ्चयः, **सञ्चितः** - सन्ततमभ्यस्ततयाऽऽत्मसात्कृतः । किञ्च -

**जो देइ अभयदाणं सो सुक्खसयाइं अप्पणो देइ ।**
**जेण न पीडेइ परं तेण न दुक्खं पुणो तस्स ॥४४॥**

**जह देउलस्स पीढो खंधो रुक्खस्स होइ आहारो ।**
**तह एसा जीवदया आहारो होइ धम्मस्स ॥४५॥**

---

આનો અર્થ પૂર્વે કહ્યો છે. માત્ર **તે જ સંચયમાં તત્પર છે** = સમ્યક્ સ્વીકારમાં નિરત છે. કોણ એ કહે છે - **જેણે સુખનો સંચય** = ફળમાં (સુખમાં) હેતુના (ધર્મના) ઉપચારથી ધર્મનો સંચય, **સંચિત કર્યો છે** = સતત ધર્મનું આચરણ કરવા દ્વારા આત્મસાત્ કર્યો છે.

વળી -

**જે અભયદાન આપે છે, તે પોતાને સેંકડો સુખો આપે છે. તે બીજાને પીડા આપતો નથી, માટે તેને ફરી દુઃખી થવું પડતું નથી. ॥ ૪૪ ॥**

**જેમ દેવળનો આધાર ભૂમિકા છે, વૃક્ષનો આધાર થડ છે, તેમ આ જીવદયા ધર્મનો આધાર છે. ॥ ૪૫ ॥**

**जो होइ जणे जोगो तेलुक्के उत्तमाण सुक्खाणं ।**
**सो एयं जीवदयं पडिवज्जइ सव्वभावेणं ॥४६॥**

**जीवदया सच्चवयणं परधणपरिवज्जणं सुसीलत्तं ।**
**खंती पंचिंदियनिग्गहो य धम्मस्स मूलाइं ॥४७॥**

व्याख्यातव्याख्यम् । एवं धर्मनिबन्धनस्वररूपादि प्रोच्यापि भवनिर्वेदमन्तरेणात्र तथाविधप्रवृत्तिविरहमवेक्ष्य जीवदयाविरहितस्य यो दुःखैकप्रचुरः संसारो भवति, तदुपदर्शनेन तन्निर्वेदमेवोत्पादयति -

---

**જે ત્રણે લોકમાં શ્રેષ્ઠ સુખોને પામવા માટે યોગ્ય હોય, તે સર્વ ભાવથી આ જીવદયાને સ્વીકારે છે. ॥૪૬॥**

**જીવદયા, સત્યવચન, પરધનપરિહાર, સુશીલપણું, ક્ષમા અને પંચેન્દ્રિયનિગ્રહ ધર્મના મૂળ છે. ॥ ૪૭ ॥**

આની વ્યાખ્યા પૂર્વે કહી છે. આ રીતે ધર્મનું કારણ - સ્વરૂપ - ફળ વગેરે કહ્યું. તો પણ જ્યાં સુધી સંસાર પર વૈરાગ્ય ન થાય, ત્યાં સુધી ધર્મમાં તેવી વિશિષ્ટ પ્રવૃત્તિ થતી નથી, એવું ગ્રંથકારશ્રીએ જોયું. માટે જેઓ જીવદયા પાળતા નથી, તેઓનું દુઃખથી અત્યંત ભરેલું ભવભ્રમણ થાય છે, તે દેખાડવા દ્વારા ગ્રંથકારશ્રી તેના પર વૈરાગ્યભાવ ઉત્પન્ન કરે છે -

भयरोगसोगजरमरणगब्भदुव्विसहवेयणाइन्नं ।
इट्ठवियोगासारं किं न मुणह एरिसं लोगं ? ॥४८॥
बालत्तणए तह जुव्वणे य मज्झिमवए य थेरत्ते ।
मरणभएणुव्विग्गं किं न मुणह एरिसं लोयं ? ॥४९॥
दुब्भिक्खडमरतक्करदुहसयदूमिज्जमाणदुम्मणसं ।
इट्ठविओगाइल्लं[१] किं न मुणह एरिसं लोयं ? ॥५०॥
कुलबालियाए रंडत्तणाइ तारुन्नए य दोहग्गं ।
पियविप्पओगदुहियं किं न मुणह एरिसं लोयं ? ॥५१॥

---

ભય, રોગ, શોક, ઘડપણ, મરણ, ગર્ભની ખૂબ દુઃખેથી સહી શકાય તેવી વેદનાથી ભરેલા અને ઈષ્ટવિયોગથી અસાર એવા લોકને શું તમે જાણતા નથી? ॥ ૪૮ ॥

બાળપણમાં, યૌવનમાં, મધ્યમવયમાં અને ઘડપણમાં મરણભયથી ઉદ્વિગ્ન એવા લોકને શું તમે જાણતા નથી ? ॥ ૪૯ ॥

દુકાળ, તોફાન, ચોર દ્વારા સેંકડો દુઃખોથી દુભાતા નિરાશ મનવાળા, ઈષ્ટવિયોગ વગેરેથી ભરેલા એવા લોકને શું તમે જાણતા નથી ? ॥ ૫૦ ॥

કુળબાળિકાને યૌવનમાં જ વૈધવ્ય અને દુર્ભાગ્ય

---

१. ग - ०गासारं किं ।

रायभयगरुडपीडिय कालियवट्टंतड्डंतजणियसंतावं (?) ।
दुहियं किलेसबहुलं किं न मुणह एरिसं लोय ? ॥५२॥
परमकम्मेणक्कंतं निच्चं चिय पुट्टभरणतल्लिच्छं ।
धम्मसुइविप्पणट्टं किं न मुणह एरिसं लोयं ? ॥५३॥
कामेण अत्थपरमग्गणेण तह चेव दाणगहणेण ।
निद्दं पि अलहमाणं किं न मुणह एरिसं लोयं ? ॥५४॥

---

થાય છે. પ્રિયના વિયોગથી દુ:ખી એવા લોકને શું તમે જાણતા નથી ? ॥ ૫૧ ॥

રાજાના ભયરૂપ ગરૂડથી પીડિત, કાલિય વટ્ટંત (?) થી સંતાપ પામેલ, દુ:ખી અને સંક્લેશભરપૂર એવા લોકને શું તમે જાણતા નથી ? ॥ ૫૨ ॥

બીજાઓની મજૂરીના ભાર નીચે દબાઈ ગયેલા, હંમેશા પેટ ભરવાની ઈચ્છા વાળા, ધર્મના શ્રવણથી અત્યંત વંચિત બની ગયેલા એવા લોકોને શું તમે જાણતા નથી ? ॥૫૩॥

કામનાઓથી, પ્રયોજનથી બીજા પાસે યાચના કરવાથી, તેમ જ ઉઘરાણીની ચિંતાઓથી જેઓ ઉંઘી પણ શકતા નથી, શું એવા લોકને તમે જાણતા નથી ? ॥૫૪॥

---

१. ग - कालिज्जड्डंत० ।

खणरुट्ठं खणतुट्ठं खणमित्तं चेव नूण वेलवियं ।
खणदिट्ठनट्ठसुक्खं किं न मुणह एरिसं लोयं ? ॥५५॥
सारीरमाणसेहि य दुक्खेहिं समुत्थयं निराणंदं ।
अप्पसुहं बहुदुक्खं किं न मुणह एरिसं लोयं ? ॥५६॥
दुज्जिमियदुन्नियत्थं दुज्जणदुव्वयणदूमियसरीरं ।
चिंतादूमियमणसं किं न मुणह एरिसं लोयं ? ॥५७॥

---

જેઓ ક્ષણવારમાં ગુસ્સે થઈ જાય છે ને ક્ષણવારમાં ખુશ થઈ જાય છે. જેઓ ક્ષણ માત્ર માટે જ નક્કી પીડિત થાય છે. (वेलवियं = વંચિત / પીડિત / હેરાન થયેલ.) જેઓ હજી તો સુખ જુએ છે અને ક્ષણવારમાં તેમનું સુખ નષ્ટ પણ થઈ જાય છે, એવા લોકોને શું તમે નથી જાણતા? ॥ ૫૫ ॥

શારીરિક અને માનસિક દુઃખથી ઢંકાયેલા, આનંદરહિત, અલ્પ સુખવાળા અને ઘણા દુઃખવાળા એવા લોકને શું તમે નથી જાણતા ? ॥ ૫૬ ॥

નથી જેમના ભોજનના ઠેકાણા કે નથી તો જેમના વસ્ત્રોના ઠેકાણા, દુર્જનોના તીખા-કડવા વચનોથી જેમના શરીર પીડિત થાય છે, ચિંતાઓથી જેમનું મન સંતાપ પામે છે, એવા લોકને શું તમે નથી જાણતા ? ॥ ૫૭ ॥

चंडालडुंबरोरट्टिएहिं[1][2] सव्वाहिं अहमजाईहिं ।
मिच्छेहि य पज्जत्तं किं न मुणह एरिसं लोयं ? ॥५८॥

जम्मणमरणरहट्टे अट्ठसु पहरेसु घडियदाविडए[3] ।
घडिमालं व वहंतं किं न मुणह एरिसं लोयं ? ॥५९॥

वासारत्ते विज्जुलयविद्दुयं सिसिरसीयसन्नंगं ।
गिम्हे वि घिम्मनडियं किं न मुणह एरिसं लोयं ? ॥६०॥

---

ચંડાળ, ડુંબ, રાંક વગેરેમાં સ્થિત સર્વ અધમ જાતિઓ અને મ્લેચ્છોથી ભરેલા એવા લોકને શું તમે નથી જાણતા ? ॥ ૫૮ ॥

જન્મ-મરણના અરઘટ્ટ યંત્રમાં આઠે પહોરમાં ઘટિત દાવિટક (?) જાણે ઘડીમાળાનું વહન કરતા હોય, શું એવા લોકને તમે જાણતા નથી ? ॥ ૫૯ ॥

ચોમાસામાં વિદ્યુદ્લતા (વીજળી)થી પીડાતા કે ભસ્મીભૂત થઈ જતા, શિયાળામાં ઠંડીથી ખિન્ન શરીરવાળા (સન્ન = ક્લાંત / ખિન્ન / અવસન્ન/ મગ્ન) અને ઉનાળામાં પણ ગરમીથી પીડાયેલા એવા લોકને શું તમે જાણતા નથી ? ॥ ૬૦ ॥

---

१. ग - ०बमोर० । २. ०एसु - इत्येवं सर्वत्र सप्तम्यर्थ. वृत्ते. क. खप्रत्योः ।
३. ग - ०दावड० ।

[1]परपेसदासदुग्ग[2]यलेहारियलोहलो[3]लयाबहुलं ।
[4]पोट्टलिया[5]सुयदुहियं किं न मुणह एरिसं लोयं ? ॥६१॥
कण्णुट्ठछिन्नवयणं छिन्नं तह नासियाए अंगं च ।
कोढेण भि[6]णिभिणंतं किं न मुणह एरिसं लोयं ? ॥६२॥
काऊण पावकम्मं गंतुं नरएसु तह य तिरिएसु ।
दुक्खाइं अणुहवंतं किं न मुणह एरिसं लोयं ? ॥६३॥

---

જેઓ બીજાના નોકર, દાસ કે મહેતાજી છે, જેઓ લોભ અને લોલુપતાથી ભરેલા છે, જેઓ પોટલાના ભાર ઉપાડે છે, (पोट्टलिय = પોટલા ઉપાડનાર) જેઓ અસુત = દીકરો ન હોવાથી કે ખરાબ દીકરો હોવાથી દુઃખી છે, એવા લોકને શું તમે જાણતા નથી ? ॥ ૬૧ ॥

જેમના કાન, હોઠ અને મોઢું કપાઈ ગયા છે, જેમની નાસિકાનું અંગ પણ કપાઈ ગયું છે, જેમને કોઢ રોગ થયો છે, તેથી જેમના શરીરમાંથી નીકળતા પરુ પર માખીઓ બણબણાટ કરી રહી છે, શું એવા લોકને તમે નથી જાણતા? ॥ ૬૨ ॥

જેઓ પાપકાર્ય કરીને નરકોમાં અને તિર્યંચોમાં જઈને દુઃખોને અનુભવે છે, એવા લોકને શું તમે નથી જાણતા ? ॥ ૬૩ ॥

---

१. ग - गर० । २. क.ख.ग. - ०यलेहारि० । ३. क - ०लोहलोलयाबहुसो। ख - ०लोभलोलियाबहुलं । ग - ०लोहलोलियाबहुलं । ४. ग - पुट्ट० । ५. ख.ग. - ०यासय० । ६. क - भिणिहिणित्तं । ग - भिणभिणंतं ।

पक्खि[1]सिरीसिवजलयरच[2]उप्पयाण य वहसमुज्जंतं ।
मणुएसु वि हम्मंतं किं न मुणह एरिसं लोयं ? ॥६४॥
[3]करिवसभमहिसखरतुरयवडव तह वेसरा[4]इवामीसं ।
गुरुभारवहणखिन्नं किं न मुणह एरिसं लोयं ? ॥६५॥
पुढविजलजलणमारुयतणरुक्खवणस्सईहिं विविहाहिं ।
एएसु[5] य पज्जत्तं किं न मुणह एरिसं लोयं ? ॥६६॥

---

પક્ષી, સરીસૃપ, જળચર અને ચતુષ્પદોનો વધ કરવા માટે સમુદ્યત અને મનુષ્યો પર પણ પ્રહાર કરતા એવા લોકને શું તમે જાણતા નથી ? ॥ ૬૪ ॥

હાથી, બળદ, પાડો, ગધેડો, ઘોડો, ઘોડી અને ખચ્ચર વગેરેથી મિશ્રિત એવા, મોટા બોજાને ઉપાડવાથી થાકી ગયેલા, એવા લોકને શું તમે જાણતા નથી ? ॥ ૬૫ ॥

વિવિધ પૃથ્વી, પાણી, અગ્નિ, પવન, તૃણ, વૃક્ષ અને વનસ્પતિઓ વડે એમનામાં (તે તે જાતિઓમાં) ભરેલા એવા (જીવ) લોકને શું તમે જાણતા નથી ? ॥ ૬૬ ॥

---

१. ग - ०क्खिसरी० । २. ख - चउप्पयाणोणवह० । ग - चडप्पयत्तन्नवह० । ३. ख - करहमहिसवसभखरतुरयववडवतह । ग - खरकरहमहिसविसतुरय-वडवातह । ४. क - ०इवोमीसं । ख - ०इरामीसं । ५. ख - ०सु वि प० । ग - ०सु अप० ।

जानीत एव यूयं सर्वमप्येतादृशं लोकमित्यभिप्रायः । ततः -

**एवं जीवदयाविरहियस्स जीवस्स मूढहिययस्स ।**
**किं अत्थि किंचि सुक्खं तिलतुसमित्तं पि संसारे? ॥६७॥**

यथा कदलीकाण्डे सारलवोऽपि न भवति, तथोक्तविधया भयादिभयङ्करदुःखनिचिते संसारे सुखलवोऽपि नास्त्येवेति भावः। एतदेव प्रकारान्तरतः समर्थयति -

**[1]जरजज्जरियकवाडयाइं दरभग्गभित्तिभागाइं ।**
**मडहाइ मंगुलाइं गेहाइं [2]भवणिरहियाइं ॥६८॥**

---

આશય એ છે કે આવા સર્વ લોકને તમે જાણો જ છો. તેથી -

**આ રીતે જીવદયાથી અત્યંત રહિત અને મૂઢ હૃદયવાળા જીવને સંસારમાં શું તલના ફોતરા જેટલું પણ સુખ છે ? ॥ ૬૭ ॥**

જેમ કેળના થડમાં થોડો પણ સાર ન હોય, તેમ ઉપરોક્ત રીતે ભયો વગેરે બિહામણા દુઃખોથી ભરેલા સંસારમાં થોડું પણ સુખ નથી જ એવો આશય છે. આ જ વાતનું અન્ય પ્રકારથી સમર્થન કરે છે -

**ઘરના દરવાજા બહુ જુના હોવાથી જર્જરિત થઈ ગયા છે. જે ઘરની ભીંતોના ભાગો અડધા તૂટી ગયા છે.**

---

१. ग - जज्जरजज्जरियसकज्जलाइं । २. ग - तमणि० ।

जं दियहं दारुणदूसहेहि दारिद्ददोसदुहिएहिं ।
सीउण्हवायपरिसोसिएहिं कीरंति कम्माइं ॥६९॥
जं परघरपेसणकारएहिं सीयलयविरसरुक्खाइं ।
भुंजंति अवेला भोयणाइं परिभूयलद्धाइं ॥७०॥
[1]जं दूसहदुम्मुहदुक्कलत्त निच्चं च कलहसीलेहिं ।
तेहिं समं चिय कालो निज्जइ अच्चंतदुहिएहिं ॥७१॥

---

જે ઘરો એક તો સાંકડા છે અને બીજું ન ગમે તેવા છે, તથા ભવની (નાના ઓરડા ?) વગરના છે. (આવા ઘરોમાં જીવદયારહિત જીવોને રહેવું પડે છે.) ॥ ૬૮ ॥

દરિદ્રતા-દોષથી દુઃખી થયેલા લોકો આખો દિવસ ભયંકર અને દુઃષહ એવા ઠંડા-ગરમ પવનોથી સુકાઈ જાય છે અને એવી સ્થિતિમાં જે મજૂરી કરે છે... ॥૬૯॥

બીજાના ઘરમાં નોકરી કરતા લોકો જે ઠંડા-નીરસ-લુક્ખા ભોજન આરોગે છે, એ પણ ભોજનનો સમય વીતી જાય પછી મળે છે, એ પણ અનાદર સાથે મેળવે છે. ॥ ૭૦ ॥

વળી જેમની પત્ની દુઃખેથી સહન થાય એવી છે, દુષ્ટ મુખ વાળી છે (કઠોર વચન બોલનારી છે), તેઓ હંમેશા એવી કજીયાળી પત્ની સાથે જ સમય પસાર કરે છે. આ રીતે જેઓ અત્યંત દુઃખી થઈ જાય છે. ॥૭૧॥

---

१. ग - जं दूहवदूसहदुक्कलत्त ।

जं मइलियचीरनियंसणेहिं सिरलूक्खपोट्टचलणेहिं[1] ।
परिसक्किज्जइ दीणं आहारं पत्थमाणेहिं ॥७२॥
जं खाससाससिरवेयणाहिं खयकोढचक्खुरोगेहिं ।
अट्ठीभंगेहिं य वेयणाओ विविहाओ पाविंति ॥७३॥
जं इट्ठविओगक्कंदणेहिं दुव्वयणदूमियमणेहिं ।
पिज्जइ लोणंसुजलं दुहमसमं उव्वहंतेहिं ॥७४॥
जं काणा खोडा वामणा य तह चेव रूवपरिहीणा ।
उप्पज्जंति अणंता भोगेहिं विवज्जिया पुरिसा ॥७५॥

---

જેઓના કપડાં મેલા થઈ ગયેલા છે. જેમના મસ્તક, પેટ અને પગ (પોષણને અભાવે) સુકાઈ ગયા છે, જેઓ ભોજનની ભીખ માંગતા દીનતાપૂર્વક ભટકે છે. ॥ ૭૨ ॥

ખાંસી, દમ, મસ્તકવેદના, ક્ષય, કોઢ, ચક્ષુરોગ અને હાડકા ભાંગી જવાથી જે વિવિધ વેદનાઓ પામે છે. ॥૭૩॥

જેઓ પ્રિયના વિયોગથી આક્રંદ કરે છે, કટુ વચન સાંભળવાથી જેમના મન દુભાયા છે, જેઓના દુઃખની કોઈ ઉપમા આપી શકાય તેમ નથી, તેવા જીવો જે ખારા અશ્રુઓને પી જાય છે. ॥ ૭૪ ॥

જે કાણા, ખોડખાંપણવાળા, ઠીંગણા, રૂપ રહિત અને ભોગોથી વર્જિત એવા અનંત પુરુષો જન્મે છે. ॥ ૭૫ ॥

---

१. ख - ०लूखपोट्ट० । ग - ०लुक्कफुट्ट० ।

एतदुःखसन्दोहनिबन्धनमेव स्पष्टमाचष्टे -

**इय जं पाविंति[1] य दुहसयाइं जणहिययसोसजणयाइं ।**
**तं जीवदयाए विणा पावाण वियंभियं एयं ॥७६॥**

ननु सन्ति तावदेतानि दुःखानि, प्रत्यक्षमीक्ष्यमाणत्वात्, पापमूलानि च तानि, युक्त्युपपन्नत्वात्, तथापि ततो जीवदयानुष्ठानस्य किमायातम् ? न ह्यनुष्ठितेऽपि तस्मिन् तद्दुःखनिवृत्तिसम्भवः, अतीतानुभूतेरन्यथाकर्तुमशक्यत्वादिति चेत् ?

---

આ બધા દુઃખોના સમૂહનું કારણ જ સ્પષ્ટપણે કહે છે -

**આ રીતે લોકહૃદયને શોષવી નાખનારા જે સેંકડો દુઃખોને પામે છે, તે જીવદયાના અભાવે થયેલા પાપોનું પરિણામ છે. ॥ ૭૬ ॥**

**શંકા** - આ બધા દુઃખો તો દુનિયામાં છે જ. કારણ કે આવા દુઃખો પ્રત્યક્ષ દેખાય છે. વળી તે દુઃખોનું કારણ પાપ છે. કારણ કે આ વાત તર્કસંગત છે. તો પણ તેના પરથી એવું સિદ્ધ નથી થતું કે 'જીવદયા કરવી જોઈએ.' કારણ કે જીવદયા કરવા છતાં પણ તે દુઃખો દૂર થવાના નથી. કારણ કે ભૂતકાળમાં જે અનુભવ થઈ ચૂક્યો છે, તેમાં કોઈ ફેરફાર કરવો શક્ય નથી.

---

१. ग - ०तिह दु० ।

अत्राह -

**ते चेव जोणिलक्खा भमियव्वं पुण वि जीव ! संसारे।**
**लहिऊण माणुसत्तं जइ न कुणसि उज्जमं धम्मे ॥७७॥**

तथा ह्येष्यदनुभूतेरन्यथाकर्तुं कर्त्तव्य एव धर्मोद्यमस्तत्तद्दुःख-पुनरावर्त्तभीरुभिरित्याकूतम् । किञ्च -

**नरएसु सुदुस्सहवेयणाओ पत्ताओ जाइं पइ मूढ ! ।**
**जइ ताओ सरसि इण्हिं भत्तं पि न रुच्चए तुज्झ ॥७८॥**

का नाम तथाविधा वेदना नरकेष्विति चेत् ? अत्रागमः -

---

**સમાધાન** - ગ્રંથકારશ્રી એનો જ જવાબ આપી રહ્યા છે -

**જીવ ! ફરીથી તે જ ચોર્યાશી લાખ યોનિઓમાં તારે ભટકવું પડશે, કે જો મનુષ્યપણું પામીને પણ તું ધર્મમાં ઉદ્યમ નહીં કરે. ॥ ૭૭ ॥**

માટે જેઓ તે તે દુઃખોના પુનરાવર્ત્તનથી ભયભીત હોય, તેમણે ભવિષ્યકાલીન દુઃખોને ન ભોગવા પડે એ માટે ધર્મમાં ઉદ્યમ કરવો જ જોઈએ, એવો અહીં આશય છે. વળી -

**મૂઢ ! નરકમાં જન્મ પામીને તું જે અત્યંત દુઃષહ વેદનાઓને પામ્યો છે, તેને જો હવે યાદ કરે, તો તને ભોજન પણ રુચે નહીં. ॥ ૭૮ ॥**

**શંકા** - નરકોમાં તેવી તો કઇ વેદના છે ?

पुच्छिस्सऽहं केवलियं महेसिं, कहं भितावा णरगा पुरत्था ।
अजाणओ मे मुणि बूहि जाणं, कहिं नु बाला नरयं उविंति ? ॥१॥
एवं मए पुट्ठे महाणुभावे, इणमोऽब्बवी कासवे आसुपन्ने ।
पवेदइस्सं दुहमट्ठदुग्गं, आदीणियं दुक्कडियं पुरत्था ॥ २ ॥
जे केई बाला इह जीवियट्ठी, पावाइं कम्माइं करंति रुद्दा ।
ते घोररुवे तमिसंघयारे, तिव्वाभितावे नरए पडंति ॥ ३ ॥

---

**સમાધાન** - આગમમાં નરકની વેદનાનું વર્ણન આ મુજબ કર્યું છે -

જંબુ સ્વામિએ સુધર્મા સ્વામિને નરક વિષે પૂછતાં સુધર્મા સ્વામિએ કહ્યું કે, મેં પૂર્વે કેવળજ્ઞાનને ધારણ કરતા એવા મહર્ષિ દેવાધિદેવ મહાવીર પ્રભુને પૂછ્યું હતું કે નારકીઓ કેવી પીડાઓ ભોગવે છે ? તથા કેવી રીતે અજ્ઞાન જીવો નરકમાં ઉત્પન્ન થાય છે ? આ પ્રમાણે મારાથી પૂછાતા કાશ્યપ કેવલજ્ઞાનના ઉપયોગવાળા પ્રભુએ કહ્યું દુઃખથી આર્ત એવા તથા હીન પ્રાણીઓના આશ્રયરૂપ નરકના દુઃખ તથા તેના હેતુઓ કહું છું તે તું સાંભળ.

મહાઆરંભ, મહાપરિગ્રહ, પંચેન્દ્રિય જીવોનો વધ, માંસનું ભક્ષણ, વગેરે સાવદ્ય અનુષ્ઠાનમાં પ્રવૃત્ત થયેલા જે કોઈ અજ્ઞાની રૌદ્ર જીવો આજીવન માટે હિંસા, જુઠ વગેરે પાપ કાર્યો કરે છે, તેઓ અત્યંત ભયાનક સ્વરૂપવાળા, અત્યંત અંધકારમય અને જ્યાં ભયંકર અગ્નિના ભઠ્ઠાથી અનંત ગુણ તાપ છે એવા પ્રકારના

तिव्वं तसे पाणिणो थावरे य, जे हिंसती आयसुहं पडुच्चा ।
जे लुसए होई अदत्तहारी, ण सिक्खती सेयवियस्स किंचि ॥४॥

---

નરકમાં ઉત્પન્ન થઈ વિવિધ પ્રકારની વેદના અનુભવે છે.

તથા પોતાના સુખ માટે રૌદ્ર પરિણામથી હિંસામાં પ્રવૃત્ત થઈ, જે જીવો બેઈન્દ્રિય આદિ ત્રસ જીવોને તથા પૃથ્વીકાય આદિ સ્થાવર જીવોની નિર્દયપણે તીવ્ર ભયંકર પરિણામથી હિંસા કરે છે, વિવિધ પ્રકારના ઉપાય વડે પ્રાણીઓનું ઉપમર્દન કરે છે, પરદ્રવ્યનું હરણ કરે છે, તથા પાપના ઉદયથી જેઓ ધર્મને અને સંયમને જરા પણ આચરતા નથી, તેમજ કાગડાનું માંસ ભક્ષણ કરવું નહિ તેવો નાનો પણ નિયમ કરતા નથી, તેવા જીવો નરકમાં ઉત્પન્ન થાય છે.

'વેદમાં કહેવાયેલી હિંસા તે હિંસા જ નથી તથા શિકારથી આનંદ મેળવવો તે રાજાનો ધર્મ છે. માંસભક્ષણ, મદ્યપાન, મૈથુન સેવનમાં દોષ નથી, સર્વ પ્રાણીઓની આ પ્રવૃત્તિ છે.' વગેરે કહેતા (તેમાંથી નિવૃત્તિ થવાથી મહા ફળની પ્રાપ્તિ થાય છે.) ધિટ્ઠાઈથી આમ બોલતા ક્રૂર સિંહ અને કાળા સાપની જેમ સ્વભાવથી જ અનેક પ્રાણીઓની હિંસા કરવાના સ્વભાવવાળા સતત ક્રોધ રૂપી અગ્નિથી બળતા, સતત હિંસાના પરિણામવાળા શિકારી, માછીમાર વગેરે જીવો નીચે ઘોર અંધકારયુક્ત

पागब्भि पाणे बहुणं तिवाति, अतिव्वते घातमुवेति बाले ।
णिहे णिसं गच्छति अंतकाले, अहोसिरं कट्टु उवेइ दुग्गं ॥५॥

हण छिंदह भिंदह णं दहेति, सद्दे सुणिंता परहम्मियाणं ।
ते नारगाओ भयभिन्नसन्ना कंखंति कन्नाम दिसं वयामो ॥६॥

इंगालरासिं जलियं सजोतिं, तत्तोवमं भूमिमणुक्कमंता ।
ते डज्झमाणा कलुणं थणंति, अरहस्सरा तत्थ चिरट्ठितीया ॥७॥

---

નરકમાં ઊંધા માથે ઉત્પન્ન થાય છે.

નારકીમાં ઉત્પન્ન થઈને અંતર્મૂહુર્ત માત્રમાં કપાયેલી પાંખવાળા, રૂવાટા વગરના પક્ષીઓ જેવા કદરૂપા શરીરને ઉત્પન્ન કરે છે. પર્યાપ્તિ પૂર્ણ કરે છે. ત્યાં તો 'હણો, છેદો, ભેદો, બાળો' વગેરે પરમાધામીના શબ્દોને સાંભળીને તે નારકો ભયભીત થઈને રક્ષા માટે કઈ દિશામાં જવું ? તેની ચિંતા કરે છે.

જ્વાલાઓથી આકુળ અને ઉદ્યોતવાળા અંગારાના ઢગલા જેવી તપેલી ભૂમિ પર પસાર થતા નારકો અત્યંત દાઝે છે અને કરૂણ અવાજ કરતાં રડે છે (ત્યાં બાદર અગ્નિનો અભાવ હોવાથી તેના સમાન ભૂમિ હોય તેમ સમજવું). આમ મોટા નગરના દાહથી પણ અધિક તાપથી બળતા ઉત્કૃષ્ટથી ૩૩ સાગરોપમ, જઘન્યથી દસ હજાર વર્ષ જેટલા દીર્ઘ કાલ સુધી ત્યાં રહે છે. તે નારકો તપેલા અંગારા સમાન ભૂમિને છોડી પાણી પીવાની અને તાપને

जइ ते सुया वेयरणी भिदुग्गा, णिसिओ जहा खुर इव तिक्खसोया।
तरंति ते वेयरणीं भिदुग्गां, उसुचोइया सत्तिसु हम्ममाणा ॥८॥

कीलेहिं विज्झंति असाहुकम्मा, नावं उविंते सइविप्पहूणा ।
अन्ने तु सुलाहिं तिसूलियाहिं, दीहाहिं विद्धूण अहेकरंति ॥ ९ ॥

केसिं च बंधित्तु गले सिलाओ, उदगंसि बोलंति महालयंसि ।
कलंबुयावालुय मुम्मुरे य, लोलंति पच्चंति अ तत्थ अन्ने ॥१०॥

---

દૂર કરવાની ઈચ્છાથી તથા પરમાધામીના બાણ, ભાલા અને ત્રિશૂલથી હણાતા બચવા માટે ભયંકર વૈતરણી નદી તરફ જાય છે. તેમાં ડુબકી મારી તરે છે.

ક્ષાર અને ઉષ્ણ રૂધિર સમાન પાણીને વહન કરનારી, દુઃખ ઉત્પન્ન કરનારી, તીક્ષ્ણ છરાની જેમ શરીરના અવયવોને કાપે તેવા પાણીના પ્રવાહવાળી વૈતરણી નદી હોય છે. પરમાધામીઓના બાણ અને ભાલા વગેરેથી હણાતા નારકો વૈતરણી નદી તરફ દોડે છે. અને તેમાં પડતા જ ભયંકર દુઃખને અનુભવે છે.

વૈતરણી નદીના પાણીથી સંતપ્ત બનેલા, લોખંડના ખીલાઓથી વ્યાપ્ત એવી નાવ તરફ જતા નારકોને, નાવમાં પૂર્વે આરૂઢ થયેલા પરમાધામી દેવો ગળામાં વીંધે છે અને વીંધાતા એવા તે નારકો 'કિંકર્તવ્યમૂઢ' બની જાય છે. કેટલાક પરમાધામી દેવો વળી તેવા નારકોને

असूरियं नाम महाभितावं, अंधंतमं दुप्पतरं महंतं ।
उड्ढं अहेअं तिरियं दिसासु, समाहिओ जत्थऽगणी झियाई ॥११॥
जंसी गुहाए जलणेऽतिउट्टे, अविजाणओ डज्झइ लुत्तपण्णो ।
सया च कलुणं पुण घम्मठाणं, गाढोवणीयं अतिदुक्खधम्मं ॥ १२॥
चत्तारि अगणीओ समारभित्ता, जहिं कूरकम्माऽभितविंति बालं।
ते तत्थ चिट्ठंतऽभितप्पमाणा, मच्छा व जीवंतु व जोतिपत्ता ॥१३॥

---

લાંબા ત્રિશૂલ વડે વીંધે છે. અને પૃથ્વી ઉપર ફેંકે છે. કેટલાક પરમાધામી દેવો ગળામાં મોટી શિલા બાંધીને નારકોને ડૂબાડે છે. ફરીથી વૈતરણી નદીમાંથી કાઢી નદીની અત્યંત તપેલી રેતીમાં ચણાની જેમ ભૂંજે છે. અને કેટલાક પરમાધામીઓ તે નારકોને ભોજનમાં માંસપેશીની જેમ પકાવે છે.

સર્વ નરકાવાસો અત્યંત અંધકારવાળા કુંભી સમાન આકૃતિવાળા સૂર્ય ન હોવાથી 'અસૂર્ય' કહેવાય છે. ભયંકર તપેલા અંધકારમય, દુરુત્તર વિશાલ નરકાવાસો છે, તેમાં ઉપર નીચે અને તિર્ચ્છા, બધી દિશાઓમાં અગ્નિ સળગે છે.

ગુફામાં પ્રવેશતો નારક અગ્નિથી ભયંકર રીતે દાઝે છે. અને વિવેક વગરનો તેવો તે ભયંકર ઉષ્ણ સ્થાનને પામેલો તે સતત બળે છે અને આંખના પલકારા જેટલા સમય માત્ર પણ દુઃખથી છુટકારો થતો નથી.

ત્યાં ક્રૂર કર્મ કરનાર પરમાધામી દેવો ચારે દિશામાં અગ્નિ સળગાવીને નારકોને અત્યંત તપાવે છે. માંસની

संतच्छाणं नाम महाहितावं, ते नारया जत्थ असाहुकम्मा ।
हत्थेहि पाएहि य बंधिउणं, फलगं व तच्छंति कुहाडहत्था ॥१४॥

रुहिरे पुणो वच्चसमुस्सिअंगे, भिन्नुत्तमंगे वरिवत्तयंता ।
पयंति णं णेरइए फुरंते, सजीवमच्छे व अयोकवल्ले ॥ १५ ॥

नो चेव ते तत्थ मसीभवंति, ण मिज्जती तिव्वभिवेयणाए ।
तमाणुभागं अणुवेदयंता, दुक्खंति दुक्खी इह दुक्कडेण ॥१६॥

---

જેમ પકાવે છે. આગથી રંધાતા જીવો માછલીઓની જેમ ત્યાં કંપે છે, પરંતુ પરવશ હોવાથી બીજે ક્યાંય જવા માટે અસમર્થ હોય છે અને ક્રૂર કર્મ કરનાર, દયા વગરના પરમાધામી દેવો હાથ પગ બાંધીને નારકોને કુહાડીથી લાકડાની જેમ કાપે છે અને છોલે છે.

પરમાધામી દેવો પોતાના જ લોહીથી ભરેલી અને અત્યંત તપેલી કઢાઈમાં ભિન્ન મસ્તકવાળા નારકોને પકાવે છે. લોખંડની કઢાઈમાં જીવતાં માછલાં નાંખીને તળવામાં આવે છે, તેમ અત્યંત વિહ્વળતાથી આમ તેમ ઉંચા નીચા થતા નારકો ઉંધા ચત્તા થતાં તળાય છે. આમ પકાવાતાં છતાં તેઓ ભસ્મીભૂત થતાં નથી. તથા અનુપમ અને અવર્ણનીય વેદના ભોગવે છે. કર્મ પૂર્ણ નહીં થવાના કારણે મરતાં પણ નથી, તથા દહન, છેદન, ભેદન, તક્ષણ, ત્રિશૂલારોપણ, કુંભીપાક, શાલ્મલી, આરોહણાદિ પરમાધામી જનિત પીડાઓ તથા પરસ્પર

तहिं च ते लोलण संपगाढे, गाढं सुतत्तं अगणिं वयंति ।
न तत्थ सायं लहती भिदुग्गे, अरहियाभितावा तहवी तविंति ॥१७॥

से सुच्चई नगरवहे व सद्दे, दुहोवणीयाणि पयाणि तत्थ ।
उदिण्णकम्माण उदिण्णमकम्मा, पुणो पुणो ते सरहं दुहेंति ॥१८॥

---

થતી વેદનાઓ વગેરેને ભોગવતા પોતાના જ દુષ્કૃત્યોથી ઉત્પન્ન થયેલ ભયંકર દુઃખોથી પીડાય છે. એક નિમેષ (પળ) માત્ર પણ દુઃખથી વિશ્રાંતિ પામતા નથી.

આમ તેમ ભટકતા એવા નારકજીવોથી વ્યાપ્ત મહાયાતનાના સ્થાન એવી નરકમાં અત્યંત શીતથી પીડાયેલા નારકો ઠંડીથી બચવા અગ્નિ તરફ જાય છે, ત્યાં પણ અગ્નિમાં બળતા લેશ માત્ર સુખ મેળવતા નથી, અને સતત તાપથી બળતા હોવા છતાં પણ પરમાધામીઓ તેઓને તપેલા તૈલ અને અગ્નિ આદિ વડે વધુ બાળે છે. આ રીતે પરમાધામીઓથી કદર્થના પમાડાતા નારકોના અત્યંત કરૂણ શબ્દો, નગરનો વધ થતો હોય ત્યારે સંભળાય તેવા હાહારવવાળા આક્રંદન શબ્દ સંભળાય છે. 'હે માતા ! હે પિતા ! અનાથ એવો હું તારે શરણે આવ્યો છું, મારૂં રક્ષણ કર.' વગેરે શબ્દો છતાં મિથ્યાત્વી પરમાધામી દેવો જેને કટુવિપાકવાળા કર્મ ઉદયમાં આવ્યા છે એવા નારકોને વિવધ પ્રકારના ઉપાય વડે અત્યંત અસહ્ય દુઃખો ઉત્પન્ન કરે છે.

पाणेहिं णं पाव विओजयंति, तं भे पवक्खामि जहातहेणं ।
दंडेहिं तत्थ सरयंति बाला, सव्वेहिं दंडेहि पुराकएहिं ॥ १९ ॥

ते हम्मामाण णरगे पडंति, पुन्ने दुरुवस्स महाभितावे ।
ते तत्थ चिट्ठंति दुरुवभक्खी, तुट्टंति कम्मोवगया किमीहिं ॥२०॥

---

પાપ કર્મ કરનાર પરમાધામીઓ ત્યાં નારકોના શરીર ઇંદ્રિય વગેરે અવયવોને પટકવા કાપવા વગેરે પ્રકારો વડે જુદા કરી આમ તેમ ફેંકે છે અને આ રીતે દુઃખ ઉત્પન્ન કરી તેઓના પૂર્વે કરેલાં પાપો યાદ કરાવે છે. જેમકે 'પૂર્વ ભવમાં આનંદપૂર્વક પ્રાણીઓનું માંસ ખાતો હતો, અને માંસનો રસ, મદિરા પીતો હતો અને પરસ્ત્રીગમન કરતો હતો. અને હમણાં તે કર્મના ફલને અનુભવતો આ રીતે કેમ રાડો પાડે છે ?'

આ રીતે પૂર્વભવ યાદ કરાવી વિશેષ દુઃખ ઉત્પન્ન કરી પીડે છે. પરમાધામિઓથી તાડન કરાતા તે નારકો ત્યાંથી ભાગી જઈને અન્ય ઘોરતર સ્થાનમાં જાય છે, જે સ્થાન વિષ્ટા રક્ત માંસ અને કાદવથી ભરેલ અને અત્યંત સંતાપને ઉત્પન્ન કરનારું હોય છે. ત્યાં અશુચિ આદિનું ભક્ષણ કરતાં ઘણા કાળ સુધી રહે છે. અને નરકપાલો વડે વિકુર્વેલી કૃમિઓ વડે વ્યથા પામે છે.

સંપૂર્ણ નરક ઉષ્ણપ્રધાન હોય છે. ત્યાંનો પવન

सया कसिणं पुण घम्मठाणं, गाढोवणीयं अति दुक्ख धम्मं ।
अंदुसु पक्खिप्प विहत्तु देहं, वेहेण सीसं सेऽभितावयंति ।।२१।।

छिंदति बालस्स खुरेण नक्कं, उट्ठेवि छिंदंति दुवेवि कण्णे ।
जिब्भं विणिक्कस्स विहत्थिमित्तं, तिक्खाहिं सूलाहिऽभितावयंति।२२।

ते तिप्पमाणा तलसंपुडं व, राइंदियं तत्थ थणंति बाला ।
गलंति ते सोणिअपूयमंसं, पज्जोइया खारपइद्धियंगा ।। २३ ।।

---

પણ પ્રલયકાળના અગ્નિ કરતાં અત્યંત ઉષ્ણ હોય છે. નિકાચિત કર્મના ઉદયથી ત્યાં ઉત્પન્ન થયેલા નારકોને બેડીમાં નાંખી, માથાને તપાવે છે, તથા ચામડીને જેમ ખીલા વડે સર્વ અંગોને વિષે છિદ્ર કરે છે. પૂર્વના દુષ્કર્મો યાદ કરાવી કરાવીને છરીથી નાક કાપે છે, બંને હોઠોને તથા બંને કાનોને પણ છેદે છે. તું પૂર્વે મદિરા માંસના રસમાં આસક્ત હતો, અને અસત્ય બોલતો હતો, તેમ કહી સાણસી વડે તેની જીભ પણ ખેંચી કાઢે છે.

નાક, હોઠ અને જીભ જેની કપાયેલી છે, તેથી જ જેના અંગોમાંથી સતત લોહી અને પરૂ નીકળ્યા કરે છે, એવા નારકો પવનથી પ્રેરાયેલા તાલવૃક્ષના સુકાયેલા પાંદડાઓ જેવા અવાજથી રાત-દિવસ, કરૂણ આક્રંદ કરે છે. અગ્નિથી બળાતા તથા ક્ષારથી બળેલા અંગવાળા તેમના શરીરમાંથી પરૂ-માંસ સતત ગળે છે. વળી ત્યાં

जइ ते सुत्ता लोहितपूअपाई, बालागणी तेअगुणा परेणं ।
कुंभी महंताहियपोरसीया, समूसिता लोहियपूयपुण्णा ।। २४ ।।
पक्खिप्प तासुं पययंति बाले, अट्टस्सरे ते कलुणं रसंते ।
तण्हाइया ते तउतंबतत्तं पज्जिज्जमाणाऽट्टतरं रसंति ।। २५ ।।
अप्पेण अप्पं इह वंचइत्ता, भवाहमे पुव्वसते सहस्से ।
चिट्ठंति तत्था बहुक्रूरकम्मा, जहाकडं कम्म तहासि भारे ।।२६।।

---

લોહી અને પરુને પકાવનારી અગ્નિથી અત્યંત તપાવેલી, પુરુષના પ્રમાણ જેટલી, મોટી ઉંટ સમાન આકૃતિવાળી લોહી અને પરૂથી ભરેલી એવી લોખંડની, ચારે બાજુથી અગ્નિની જ્વાળાવાળી ભયંકર દેખાતી કુંભી હોય છે.

ઉપર કહ્યા પ્રમાણે અગ્નિથી તપતી અત્યંત દુર્ગંધવાલી લોહી-પરૂ વગેરેથી ભરેલી કુંભીમાં કરૂણ આક્રંદ કરતા નારકોને નાંખીને પકાવે છે તથા ત્યાં કરુણ આક્રંદ કરતા અને અત્યંત તૃષિત બનેલા પાણીની માંગણી કરે છે, ત્યારે પરમાધામિ દેવ, 'મદિરા તને અત્યંત પ્રિય હતી', એમ યાદ કરાવીને તપાવેલો સીસાનો રસ પીવડાવે છે. તેથી અત્યંત કરૂણ શબ્દથી રડે છે. ભયંકર રાડો પાડે છે.

મનુષ્ય ભવમાં બીજાને ઠગવામાં પ્રવૃત્ત થવા વડે પોતે જ પરમાર્થથી પરોપઘાતના અલ્પ સુખથી આત્માને ઠગી, માછીમાર-શિકારી વગેરેના ઘણા અધમ ભવોમાં

समज्जिणित्ता कलुसं अणज्जा, इट्ठेहिं कंतेहि य विप्पहूणा ।
ते दुब्भिगंधे कसिणे य फासे, कम्मोवगा
कुणिमे आवसंति ॥ २७ ॥ त्तिबेमि॥

---

હજારો વાર ઉત્પન્ન થઈ, ક્રૂર કર્મ કરનારા તેઓ નરકમાં ઉત્પન્ન થાય છે.

ત્યાં એક બીજાને દુઃખ ઉદીરણા કરતાં દીર્ઘ સમય સુધી રહે છે. પૂર્વ ભવમાં જેવા પ્રકારના ખરાબ પરિણામથી દુષ્કર્મ કર્યા હોય, તેવા પ્રકારની જ ત્યાં વેદના અનુભવવી પડતી હોય છે. જેમકે માંસ ખાનારાને પોતાના માંસને જ અગ્નિથી પકાવી ભક્ષણ કરાવે છે. માંસ રસને પીનારાને પોતાના જ પરૂ-લોહી તથા તપાવેલા સીસાને પીવડાવે છે. માછીમાર-શિકારી વગેરે તે રીતે જ ત્યાં છેદાય છે, ભેદાય છે, યાવત્ મરાય છે. અસત્ય બોલનારાની જીભ છેદવામાં આવે છે. બીજાના દ્રવ્ય હરણ કરનારાઓના અંગ ઉપાંગોને છેદાય છે. પરસ્ત્રીગમન કરનારાઓના લિંગ વગેરે છેદવામાં આવે છે, તપાવેલી લોખંડની પુતળી સાથે આલિંગન કરાવે છે. તે રીતે મહાપરિગ્રહ આરંભ કરનારાઓને તથા ક્રોધ-માન-માયા- લોભવાળાઓને પૂર્વ આત્માના દુષ્કૃતોને યાદ કરાવીને તેવા પ્રકારના દુઃખો ઉત્પન્ન કરે છે.

જેના માટે પાપો કરે છે તેવા હિંસા, જૂઠ,

अहावरं सासयदुक्खधम्मं, तं भे पवक्खामि जहातहेणं ।
बाला जहा दुक्कड कम्मकारी, वेदंति कम्माइं पुरेकडाइं ॥१॥

---

અસ્તેયાદિ આશ્રવો દ્વારા અશુભ કર્મને એકઠા કરીને, તે ક્રૂર કર્મને આચરનારા અનાર્યો, ઈષ્ટ અને સુંદર વિષયોથી રહિત ,સડેલા મડદાની ગંધથી અનંતગુણી ગંધવાળા, અત્યંત અશુભ સ્પર્શવાળા, અત્યંત ઉદ્વેગનીય, માંસ, લોહી, પરૂ, ચરબી, હાડકા વગેરેથી ભરેલા, હાહારવ આક્રંદના અવાજોથી દિશાઓ પુરાય છે જ્યાં તેવા નરકવાસમાં જઈને આયુષ્યકાળ સુધી વસે છે.

અનંતર ઉદ્દેશામાં જે કર્મો વડે પ્રાણીઓ નરકમાં ઉત્પન્ન થાય છે અને જેવા પ્રકારની અવસ્થા થાય છે તેનું પ્રતિપાદન કરાયું. અહિંયા બીજા ઉદ્દેશામાં પણ આ જ વાત વિશેષથી પ્રતિપાદન કરવામાં આવે છે -

હવે શાશ્વત દુઃખના સ્વભાવવાળી (મનુષ્યના છેડા સુધી સતત દુઃખવાળી) નારકીનું વર્ણન ઉપચારથી નહિ પણ વાસ્તવિક રીતે કરીશ. વિષય સુખના અર્થી પાપ કર્મને કરનારા બાલ જીવો પૂર્વ ભવમાં કરેલા કર્મોને જેવી રીતે ભોગવે છે, તે રીતે કહીશ.

ક્રિડા કરતા પરમાધામીદેવો નારકોના હાથ-પગ

हत्थेहि पाएहि य बंधिउणं, उदरं विकत्तंति खुरासिएहिं ।
गिण्हित्तु बालस्स विहत्तु देहं, बद्धं थिरं पिट्ठतो उद्धरंति ॥२॥
बाहु पकत्तंति य मूलतो से, थूलं वियासं मुहे आडहंति ।
रहंसि जुत्तं सरयंति बालं, आरुस्स विज्झंति तुदेण पिट्ठे ॥३॥
अयंव तत्तं जलियं सजोई, तऊवमं भूमिमणुक्कमंता ।
ते डज्झमाणा कलुणं थणंति, उसुचोइया तत्तजुगेसु जुत्ता ॥४॥

---

બાંધીને તલવાર વગેરે વિવિધ પ્રકારના શસ્ત્રો વડે પેટને ફાડે છે અને આ રીતે પીડિત દેહવાળા નારકને ગ્રહણ કરી પાછળથી, આગળથી, બાજુથી વગેરે ભાગથી ચામડી ઉખેડે છે.

પરમાધામી દેવો નારકોના મૂળથી હાથ કાપી નાંખે છે. તથા બળાત્કારથી મોઢાને ખોલીને મોટો તપાવેલો લોખંડનો ગોળો નાંખે છે. તેથી ચારે બાજુથી તેમનું શરીર દાઝવા લાગે છે અને એકાંતમાં વેદનાને અનુરૂપ તેના પાપો યાદ કરાવે છે. જેમ કે તપાવેલું સીસું પીવડાવતી વખતે 'તું પૂર્વે મદિરા પીતો હતો', પોતાના માંસનું ભક્ષણ કરાવતી વખતે 'તું માંસભક્ષી હતો'; આ રીતે દુઃખને અનુરૂપ અનુષ્ઠાનને યાદ કરાવતા કદર્થના કરે છે. કારણ વિના ગુસ્સો કરી પરમાધામી દેવો પરવશનારકોને પીઠમાં ભાલાથી વીંધે છે. તથા તપાવેલા લોખંડની સમાન સળગતા અગ્નિ જેવી ભૂમિ પર

बाला बला भूमिमणुक्कमंता, पविज्जलं लोहपहं च तत्तं ।
जंसीऽभिदुग्गंसि पवज्जमाणा, पेसेव दंडेहिं पुराकरंति ॥ ५ ॥
ते संपगाढंसि पवज्जमाणा, सिलाहि हम्मंति निपातिणीहिं ।
संतावणी नाम चिरट्ठितीया, संतप्पती जत्थ असाहुकम्मा ॥६॥
कंदूसु पक्खिप्प पयंति बालं, ततोवि दड्ढा पुण उप्पयंति ।
ते डड्ढकाएहिं पखज्जमाणा, अवरेहिं खज्जंति सणप्फएहिं ॥७॥

---

ચાલવાથી બળતા એવા તેઓ કરૂણ અવાજ કરતા રોવે છે. તપેલી ગાડાની ધુંસરીને વિષે બળદની જેમ જોડીને હાંકવા માટે ચારથી વીંધાતા જોરદાર ચીસો પાડે છે.

નિર્વિવેકી નારક જીવોને સળગતા લોખંડની જેમ તપાવેલી અને લોહી-પરૂ વગેરેથી કાદવવાળી ભૂમિ પર ઈચ્છા ન હોવા છતાં બળાત્કારથી ચલાવે છે અને જો સીધી રીતે ન ચાલે તો ગુસ્સામાં આવેલા પરમાધામી દેવો નોકર અથવા બળદની જેમ લાકડી વગેરેથી હાંકી અથવા આરથી મારીને આગળ ધકેલે છે.

ઘણી વેદનાવાળા માર્ગમાં જવા અસમર્થ નારકો ઉપર અસુરદેવો શિલા ફેંકી હણે છે, તથા લાંબા કાળ સુધી ભયંકર વેદના થાય છે, તેવી સંતાપની નામની કુંભીમાં પૂર્વે અશુભ કર્મ કર્યા છે તેવા નારકને નાંખે છે.

નારક જીવોને ઉચકી ભડભડતી ભટ્ઠીમાં નાંખી પકાવે છે. બળતા એવા તેઓને ઉપર ઉછાળે છે. ઉપર

समूसियं नाम विधूमठाणं, जं सोयतत्ता कलूणं थणंतिं ।
अहोसिरं कट्टु विगत्तिउणं, अयंव सत्थेहि समोसवेंति ॥ ८ ॥
समूसिया तत्थ विसूणियंगा, पक्खीहिं खज्जंति अओमुहेहिं ।
संजीवणी नाम चिरट्ठितीया, जंसी पया हम्मइ पावचेया ॥९॥

---

ઉછળેલા નારકો વૈક્રિય કાગડાઓ વડે ભક્ષણ કરાવાય છે, કદાચ છટકી નીચે પડે તો સિંહ, વાઘ આદિ જંગલી પ્રાણીઓ વડે ખવાય છે. અગ્નિના સ્થાનને પ્રાપ્ત થતા નારકો શોકથી વ્યાપ્ત થઈ દીનસ્વરથી રડે છે તથા પરમાધામી દેવો મસ્તક નીચે અને પગ ઊંચે આ રીતે ઊંધા કરીને શસ્ત્રો વડે તેના શરીરના ટુકડે ટુકડા કરે છે.

જેમ કસાઈઓ થાંભલાને વિષે બકરાને ઊંધા લટકાવે છે. તેમ ઊંધા લટકાવેલા તથા ઉપરથી બધી ચામડી છોલવામાં આવી છે એવા નારકોનું વજ્ર સમાન તીક્ષ્ણ ચાંચવાળા કાગડા, ગીધ વગેરે પક્ષીઓ દ્વારા ભક્ષણ કરાય છે. તેમજ તે નારકો પરમાધામીઓ વડે કે એક બીજાથી અથવા સ્વભાવથી જ છેદાવા, ભેદાવા, પકાવા કે મૂર્ચ્છા પમાડાયેલા હોવા છતાં અથવા વેદના સમુદ્ઘાત પામવા છતાં મરતા નથી. કારણ કે ત્યાંની ભૂમિ જ જાણે જીવન આપનારી ન હોય ! તેમ જ્યાં સુધી આયુષ્ય પૂર્ણ ન થાય ત્યાં સુધી છેદાયા ભેદાયા છતા મરતા નથી. ત્યાં ઉત્કૃષ્ટથી ૩૩ સાગરોપમનું આયુષ્ય હોય છે.

तिक्खाहि सूलाहि निवाययंति, वसोगयं सावययं व लद्धं ।
ते सूलविद्धा कलुणं थणंति, एगंतदुक्खं दुहओ गिलाणा ॥१०॥
सया जलं नाम निहं महंतं, जंसी जलंतो अगणी अकट्ठो ।
चिट्ठंति बद्धा बहुकूरकम्मा, अरहस्सरा केइ चिरट्ठितीया ॥११॥
चिया महंतीउ समारभित्ता, छुब्भंति ते तं कलुणं रसंतं ।
आवट्टती तत्थ असाहुकम्मा, सप्पी जहापडियं जोइमज्झे ॥१२॥

---

વળી આ નરકભૂમિમાં આવેલા પાપી ચિત્તવાળા પ્રાણીઓ મુદ્‌ગરાદિથી હણાય છે. સતત મરવાની ઈચ્છાવાળા હોવા છતાં નરકના પ્રભાવથી મરતા નથી અને કપાયેલા અવયવો પારાની જેમ ફરીથી ભેગા થઈ જતા હોય છે. વળી પરમાધામીઓ પાપકર્મકારી નારકોને લોખંડના તીક્ષ્ણ ભાલા વડે ડુક્કરની જેમ વીંધે છે. છતાં મરતાં નથી. માત્ર દીન થઈ કરૂણ રીતે રડે છે અને બાહ્ય અભ્યંતર બંને રીતે તેઓ માત્ર દુઃખો અનુભવે છે.

જેમાં લાકડાં વગર પણ અગ્નિ સતત બળ્યા કરે છે એવા સતત ઉષ્ણ રહેતા મોટા આઘાત નામના સ્થાનમાં ક્રૂરકર્મકારી નારકો મોટા શબ્દથી આક્રન્દ કરતાં લાંબા કાળ સુધી રહે છે વળી પરમાધામી દેવો મોટી ચિતા સળગાવી તેમાં દીન થઈને રડતાં એવા નારકોને ફેંકે છે. જેમ અગ્નિમાં ઘી નાંખવાથી ઓગળી જાય તેમ તે નારકો તેમાં ઓગળી જાય છે. છતાં નારક ભવના

सदा कसिणं पुण घम्मठाणं, गाढोवणीयं अइदुक्खधम्मं ।
हत्थेहिं पाएहि य बंधिउणं, सत्तुव्व डंडेहिं समारभंति ।।१३।।
भंजंति बालस्स वहेण पुट्ठी, सीसंपि भिंदंति अओघणेहिं ।
ते भिन्नदेहा फलगं व तच्छा, तत्ताहिं आराहिं णियोजयंति ।।१४।।
अभिजुंजिया रुद्द असाहुकम्मा, उसुचोइया हत्थिवहं वहंति ।
एगं दुरुहित्तु दुवे ततो वा, आरुस्स विज्झंति ककाणओ से ।।१५।।

---

પ્રભાવથી પ્રાણોથી મુકાતા નથી.

પરમાધામી દેવો હંમેશા ઉષ્ણ સ્વભાવવાળી નરકમાં પૂર્વ કર્મથી ઉત્પન્ન થયેલા શરણ વગરના નારકોના-હાથ પગ બાંધીને અત્યંત દુઃખ આપવાના સ્વભાવવાળા યાતનાસ્થાનમાં ફેંકે છે અને શત્રુની માફક દંડો વડે તાડન કરે છે. પત્થર વગેરેથી પીઠને ભાંગી નાંખે છે. લોખંડના ઘણો વડે મસ્તકનો ભૂકો કરી નાંખે છે. બીજા અંગો ઉપાંગોને પણ ભાંગી નાખે છે. અને શરીરને કરવતથી લાકડાના પાટીયાની જેમ ફાડી નાંખે છે અને તપેલાં સોયા શરીરમાં ભોંકે છે તથા તપેલું સીસું પણ પીવડાવે છે.

પરમાધામી દેવો નારક જીવોને તેમના અશુભ કાર્યોને યાદ કરાવીને બાણ આદિથી મારીને તેમના પર આરૂઢ થઈ જેમ હાથી કે ઉંટ પર બેસીને કે ભાર મૂકીને વહન કરાય છે તેમ તેમના પર એક, બે, ત્રણને બેસાડીને

बालाबला भूमिमणुक्कमंता, पविज्जलं कंटइलं महंतं ।
विवद्धतप्पेहिं विवण्णचित्ते, समीरिया कोट्टबलिं करिंति ॥१६॥
वेतालिए नाम महाभितावे, एगायते पव्वयमंतलिक्खे ।
हम्मंति तत्था बहुकूरकम्मा, परं सहस्साण मुहुत्तगाणं ॥१७॥
संबाहिया दुक्कडिणो थणंति, अहो य राओ परितप्पमाणा ।
एगंत कूडे नरए महंते, कूडेण तत्था विसमे हता उ ॥१८॥

---

વહન કરાવે છે, અને અતિ ભારને કારણે વ્યવસ્થિત ન ચાલે તો ગુસ્સે થઈને તેમના મર્મસ્થાનોને વીંધે છે.

વળી તે નારકો લોહીથી કાદવવાળી બનેલી તથા કાંટાઓથી વ્યાપ્ત ભૂમિમાં જો ધીમી ગતિથી ચાલે તો બળાત્કારથી પ્રેરિત ઝડપથી ચલાવે છે તથા કેટલાક થાકી ગયેલા, મુર્ચ્છા પામેલા નારકોને બાંધીને તેમના ટુકડે ટુકડા કરી નગરબલિની જેમ ચારે દિશામાં જ્યાં ત્યાં ફેંકે છે.

આકાશમાં એક શિલાથી જાણે ઘડાયેલો ન હોય ! તેવો મોટો વૈક્રિય પર્વત વિકુર્વીને ચારે બાજુ અંધકાર હોવાથી, હાથથી સ્પર્શ કરી કરીને, તેના ઉપર ચઢતા નારકોને લાંબા કાળ સુધી હણે છે-પીડે છે. તેનાથી દિવસ રાત પીડાતા કરૂણ શબ્દથી આક્રંદ કરે છે.

જેમાં અનેક દુઃખ સ્થાનો છે તેવી મોટી વિસ્તીર્ણ

भंजंति णं पुव्वमरी सरोसं, समुग्गरे ते मुसले गहेतुं ।
ते भिन्नदेहा रुहिरं वमंता, ओमुद्धगा धरणितले पडंति ॥१९॥
अणासिया नाम महासियाला, पागब्भिणो तत्थ सपायकोवा ।
खज्जंति तत्था बहुकूरकम्मा, अदूरगा संकलियाहि बद्धा ॥२०॥
सयाजला नाम नदी भिदुग्गा, पविज्जलं लोहविलीणतत्ता ।
जंसी भिदुग्गंसि पवज्जमाणा, एगायऽ ताणुक्कमणं करेंति ॥२१॥

---

નરકમાં પડેલા પ્રાણીઓ પત્થરોના સમૂહથી અથવા ગળામાં પાશ નાંખવા વગેરેથી પીડાતા ભયંકર આક્રંદ કરે છે.

પરમાધામી દેવો (અથવા બીજા નારકો) ગુસ્સાથી જન્માંતરના વૈરીની જેમ ખાંડણી (મુસલી વગેરે) ગ્રહણ કરી ગાઢ પ્રહાર વડે અશરણ નારકોને મારે છે. તેના પ્રહારથી ઘાયલ થયેલા, લોહી વમતા, નીચે પૃથ્વી ઉપર પટકાઈ પડે છે. તથા પરમાધામી દેવો મોટા શરીરવાળા, ભૂખ્યા, ભયંકર રૂપવાળા, હંમેશા ગુસ્સામાં રહેલા એવા શિયાળો વિકુર્વે છે તેના વડે લોખંડની બેડીથી બંધાયેલા અને નજદીક રહેલા એવા નારકો શરીરના ટુકડાઓ કરીને ભક્ષણ કરાવાય છે.

ક્ષાર, રક્ત, પરૂથી યુક્ત પાણીવાળી સદા જલા નામની નદી હોય છે, લોખંડને તપાવીને પીગાળ્યું હોય તેવું ગરમ પાણી તેમાં હોય છે. એવી નદીમાં અશરણ

एयाइं फासाइं फुसंति बालं, निरंतरं तत्थ चिरट्ठितीयं ।
ण हम्माणस्स उ होइ ताणं, एगो सयं पच्चणुहोइ दुक्खं ॥२२॥
जं जारिसं पुव्वमकासि कम्मं, तमेव आगच्छति संपराए ।
एगंतदुक्खं भवमज्जणित्ता, वेदंति दुक्खी तमणंतदुक्खं ॥२३॥
एताणि सोच्चा णरगाणि धीरे, न हिंसए किंचण सव्वलोए ।
एगंतदिट्ठी अपरिग्गहे उ, बुज्झिज्ज लोयस्स वसं न गच्छे ॥२४॥

---

નારકો એકલા ગમન કરે છે. આ રીતે પરમાધામી દેવોથી, એક બીજા નારકોથી અથવા સ્વભાવથી અતિ કટું અનિષ્ટ રૂપ-રસ-ગંધ- સ્પર્શ- શબ્દોથી સતત લાંબા કાળ સુધી દુઃખી દુઃખી થઇ જાય છે. ત્યાં કોઇ રક્ષણ કરનાર હોતું નથી.

એકલો જીવ સ્વયં દારુણ દુઃખોને ભોગવે છે. અચ્યુતેન્દ્ર સીતાના જીવે નરકમાં દુઃખ અનુભવતા લક્ષ્મણને જોઈને, તેના દુઃખ દૂર કરવાના પ્રયત્ન કર્યા, છતાં તેનું દુઃખ દૂર થઈ શક્યું નહિ.

પૂર્વભવમાં જેણે જેવા પ્રકારના તીવ્ર, મંદ, મધ્યમ વગેરે અધ્યવસાયો વડે કર્મો બાંધ્યા હોય, તેમને સંસારમાં તેવા પ્રકારના તીવ્ર, મંદ કે મધ્યમ દુઃખ ઉદયમાં આવે છે. આ રીતે નરક ભવને યોગ્ય કર્મો ઉપાર્જન કરીને નરકમાં ગયેલા જીવ, કોઈથી પણ શાંત ન કરી શકાય

एवं तिरिक्खे मणुयासु (म) रेसुं, चतुरन्तणंतं तयणुव्विवागं ।
स सव्वमेयं इति वेदइत्ता, कंखेज्ज कालं धुयमायरेज्ज ॥२५॥
तिबेमि ॥ इति (सूत्रकृताङ्गे १-५-उद्देशक १-२) ।

---

તેવા અશાતા વેદનીય રૂપ અનંત દુઃખોને ભોગવે છે. આ રીતે નરકના દુઃખો સાંભળીને બુદ્ધિશાળી આત્માએ ત્રસ સ્થાવર જીવોથી વ્યાપ્ત એવા લોકમાં કોઇ પણ પ્રાણીની હિંસા કરવી ન જોઇએ તથા દઢ સમ્યકત્વવાળા થઇ, પરિગ્રહ વગરના થવું જોઈએ, તેમજ મૃષાવાદ, અદત્તાદાન, મૈથુનનો પણ ત્યાગ કરવો જોઈએ.

તથા પાપ કર્મોના ઉદયને ભોગવતા લોકને ક્રોધ-માન-માયા- લોભ વગેરે કષાયોના ફળ- સ્વરૂપ ભાવલોકને જાણી કષાયોને વશ ન થવું જોઈએ. અશુભ કર્મ કરનારાઓને તિર્યંચ, મનુષ્ય, અને દેવગતિમાં ભોગવાતા અનંત દુઃખોને પણ જાણીને બુદ્ધિમાન મનુષ્ય યાવજ્જીવન સંયમનું (મોક્ષમાર્ગનું) આચરણ કરે. આનો સાર એ છે કે નરક ગતિના દુઃખોનું વર્ણન કર્યું. બાકીની ત્રણે ગતિના દુઃખોને પણ બુદ્ધિમાન પુરુષ જાણીને તેમાંથી હંમેશા માટે છૂટવા સંયમનું પાલન કરે. (સૂત્રકૃતાંગ ૧-૫ ઉદ્દેશક ૧-૨)

एतदपि दिङ्मात्रमेव, सामस्त्येन नरकदुःखवर्णने केवलिनोऽप्यशक्तत्वात् । अपि च -

**अच्छंतु ताव नरया जं दुक्खं गब्भरुहिरमज्झम्मि ।**
**पत्तं च वेयणिज्जं तं संपइ तुज्झ वीसरियं ॥७९॥**

तथा च पारमर्षम् - गब्भघरयम्मि जीवो कुंभीपागम्मि नरयसंकासे वुत्थो अमिज्झमज्झे, असुइप्पभवे असुइयम्मि ॥ पित्तस्स य सिंभस्स य, सुक्कस्स य सोणियस्स वि य मज्झे।

---

આ વર્ણન પણ માત્ર દિશા જ સૂચવે છે, કારણ કે નરકના દુઃખનું સંપૂર્ણપણે વર્ણન કરવું એ તો કેવળજ્ઞાની માટે પણ શક્ય નથી.

વળી -

**નરકોની વાત તો રહેવા દો, ગર્ભના રુધિર વચ્ચે તે જે ભયંકર દુઃખ ભોગવ્યું હતું, એને અત્યારે તું ભૂલી ગયો છે. ॥ ૭૯ ॥**

પરમર્ષિનું વચન છે - કુંભીમાં શેકી દેવાતો હોય તેવી વેદના તે ગર્ભમાં ભોગવી. એ ગર્ભવાસ તો નરકવાસ જેવો જ હતો. ગર્ભવાસની ઉત્પત્તિ પણ અશુચિથી થઈ. ગર્ભવાસ સ્વયં પણ અશુચિમય છે. એવા ગર્ભગૃહમાં તું અશુચિની વચ્ચે રહ્યો. જાણે તું વિષ્ટાનો કીડો હોય તેમ પિત્ત, શ્લેષ્મ, શુક્ર, રુધિર, મૂત્ર અને

मुत्तस्स पुरीसस्स य, जायइ जह वच्चकिमिउ व्व - इति (तन्दूलवैचारिके ४-५) । एवञ्च -

**भमिऊण गब्भगहणे[1] दुक्खाणि य पाविऊण विविहाइं ।**
**लब्भइ माणुसजम्मं अणेगभवकोडिदुल्लंभं ॥८०॥**

तेषु विविधेषु दुःखेषु जन्मदुःखं यथा - वीसरसरं रसंतो, सो जोणिमुहाओ निप्फिडइ जीवो । माउए अप्पणो वि य, वेयणमउलं जणेमाणो - इति (तन्दूलवैचारिके ३), **एव मनेकभवकोटिदुर्लभं मानुषजन्म लभ्यते,** प्रसिद्धं च प्रवचने

---

વિષ્ટાની વચ્ચે ગર્ભમાં થયો. (તંદૂલવૈચારિક ૪-૫)

આ રીતે -

**ભવાટવીમાં ભટકીને અને વિવિધ દુઃખો પામીને અનેક કરોડ ભવોમાં પણ દુર્લભ એવો મનુષ્ય ભવ મળે છે. ॥ ૮૦ ॥**

તે વિવિધ દુઃખોમાં જન્મનું દુઃખ આ પ્રમાણે હોય છે - તદ્દન અપ્રિય સ્વરથી અવાજ કરતો, માતાને અને પોતાને પણ અતુલ્ય વેદના ઉત્પન્ન કરતો, એવો તે યોનિના મુખમાંથી બહાર નીકળે છે. (તંદૂલવૈચારિક ૩)

આ રીતે અનેક કરોડ ભવોમાં પણ દુર્લભ એવો મનુષ્યજન્મ મેળવાય છે. મનુષ્યજન્મ દુર્લભ છે, એ

---

१. ग - ०हणं दु० ।

तद्दौर्लभ्ये दृष्टान्तदशकम्, अत एवोच्यते-चक्रिभोज्यादिरिव नरभवो दुर्लभो, भ्राम्यतां घोरसंसारकक्षे । बहुनिगोदादिकाय-स्थितिर्व्यायते, मोहमदिरामुखचोरलक्षे-इति (शान्तसुधारसे १२-२) । अनन्तकालान्तरे कथञ्चित्तस्मिन् प्राप्तेऽपि यथाऽसौ वैफल्यमुपयाति तदाह -

**तत्थ वि य केइ गब्भे मरंति बालत्तणे य तारुन्ने ।**
**अन्ने पुण अंधलया जावज्जीवं दुहं तेसिं ॥८१॥**
**अन्ने पुण कोढियया खयवाहीगहिय पंगु मूगा य ।**
**दारिद्देणऽभिभूया परकम्मकरा नरा बहवे ॥८२॥**

---

વિષયમાં પ્રવચનમાં દશ દ્રષ્ટાંતો પ્રસિદ્ધ છે. માટે જ કહેવાય છે- સંસારવન ભયંકર છે. નિગોદ વગેરેની દીર્ઘ કાયસ્થિતિઓથી તે અત્યંત વિશાળ છે. મોહમદિરા વગેરે લાખ સંખ્યામાં ચોરો અહીં ફરી રહ્યા છે. ચક્રીનું ભોજન વગેરે જેમ દુર્લભ છે, તેમ આવા ભવનમાં ભટકતા જીવોને મનુષ્યભવ પણ દુર્લભ છે. (શાંતસુધારસ ૧૨-૨)

અનંત કાળે કોઈ રીતે મનુષ્યભવ મળી પણ જાય, તો પણ તે જે રીતે નિષ્ફળ જાય છે, તે કહે છે -

**તેમાં પણ કેટલાંક ગર્ભમાં, બાળપણમાં કે યૌવનમાં જ મરી જાય છે. તો વળી અન્ય જીવો આંધળા થાય છે. તેમને આજીવન દુઃખ રહે છે. ॥ ૮૧ ॥**

**તો અન્ય ઘણા મનુષ્યો કોઢિયા, ક્ષયરોગગ્રસ્ત,**

**थेवाण होइ दव्वं तम्मि य जलजलणचोररराईहिं ।**
**अवहरियम्मि य संते तिव्वयरं जायए दुक्खं ॥८३॥**
**पविसंति समरमज्झे खग्गुग्गयसिहिफुलिंगदुप्पिच्छे ।**
**सागरमज्झेऽवि ह हा अत्थस्स समज्जणे पुरिसा ॥८४॥**

एवं मनुष्यदुःखान्युक्त्वा प्रतिपिपादयिषितमाह -

**[1]इय नाऊण असारं संसारं दुल्लहं च मणुयत्तं ।**
**जण ! कीरउ जीवदया जा [2]विहडइ सव्वदुक्खाइं ॥८५॥**

---

**પાંગળા, મૂંગા, દરિદ્રતાથી દુઃખી અને બીજાની નોકરી કરનારા થાય છે. ॥ ૮૨ ॥**

**થોડા જીવો પાસે સંપત્તિ હોય છે, તેનું પણ જળ, અગ્નિ, ચોર અને રાજા વગેરેથી અપહરણ થઈ જાય, ત્યારે તેમને અત્યંત તીવ્ર દુઃખ થાય છે. ॥ ૮૩ ॥**

**જેમાં તલવારો અથડાવાથી આગના તણખા ઝરે છે, તેથી જેને સુખેથી જોઈ પણ શકાતું નથી, તેવા યુદ્ધમાં કેટલાક પ્રવેશ કરે છે. તો કેટલાક પુરુષો ધન કમાવા માટે દરિયામાં પણ પ્રવેશ કરે છે. ॥ ૮૪ ॥**

આ રીતે મનુષ્યોના દુઃખો કહીને હવે વિવક્ષિત વાત કહે છે -

**હે જન ! આ રીતે 'સંસાર અસાર છે' અને**

---

१. क - इय जाणिऊण सारं संसारे जेण जीव मणुयत्तं । ख - इय नाऊण असारं संसारं दुल्लहं च मणुयत्तं । ग - इय नाऊण असारं संसारे दुल्लहं च मणुयत्तं । २. क - छिंडइ । ख - विउंभइ । ग - विहडइ ।

**भवलक्खेसु वि दुलहं संसारे मूढजीव ! मणुयत्तं ।**
**तेण भणिमो अलज्जिर अप्पहियं किं न चिंतेसि ? ॥८६॥**

आत्मकल्याणसत्कं दुर्लभतमं साधनमवाप्यापि तदसाधनं निस्त्रपत्वपिशुनमिति भावः । किञ्च

**दियहाइ दो वि तिन्नि वि अद्धाणं होइ जं तु लग्गेण ।**
**सव्वायरेण तस्स वि संबलए उज्जमं [1]कुणसि ॥८७॥**

---

**'મનુષ્યપણું દુર્લભ છે' એમ જાણીને જીવદયા કરો, જે સર્વ દુઃખોને દૂર કરે છે. ॥ ૮૫ ॥**

**હે મૂઢ જીવ ! સંસારમાં લાખો ભવોમાં પણ મનુષ્યપણું દુર્લભ છે. હે નિર્લજ્જ ! માટે અમે કહીએ છીએ કે તું આત્માના હિતનો વિચાર કેમ નથી કરતો ? ॥ ૮૬ ॥**

આત્મકલ્યાણનું અત્યંત દુર્લભ સાધન મેળવ્યા પછી પણ આત્મકલ્યાણને ન સાધવું, એ નિર્લજ્જપણાનું સૂચક છે, એવો અહીં ભાવ છે.

વળી -

**તારે બે-ત્રણ દિવસ માટે પ્રવાસ કરવાનો હોય, તેમાં પણ તું સર્વ આદરથી શંબલ (ટિફીન) લઈ જવાનો ઉદ્યમ કરે છે. ॥ ૮૭ ॥**

---

१. क - कुणइ । ख - कुणसु । २. ग - ०इवं ।

**जो पुण दीहपवासो चउरासीजोणिलक्खनियमेण ।**
**तस्स तवसीलमइयं संबलयं किं न चिंतेसि ? ॥८८॥**

इयमेव ते परमार्थतः प्रेक्षाकारिता यत् प्रेत्यशम्बल-सञ्चिन्तनमित्याशयः । यथा ह्यत्र प्रवासिनः शम्बलवर्जिता दुःखिता भवन्ति, सुखिताश्च तद्युतास्तद्वत् परलोकिनोऽप्यात्मानः, तथा चागमः - अद्धाणं जो महंतं तु, अप्पाहेओ पवज्जई । गच्छंतो सो दुही होइ, छुहातण्हाए पीडिओ ॥ एवं धम्मं अकाउणं, जो गच्छइ परं भवं । गच्छंतो सो दुही होइ, वाहीरोगेहि पीडिओ ॥ अद्धाणं जो महंतं तु, सपाहेओ पवज्जई ।

---

**તો પછી અવશ્ય ચોર્યાશી લાખ યોનિઓમાં ભટકવાનો જે દીર્ઘ પ્રવાસ છે, તેના 'તપ અને શીલમય' શંબલનો વિચાર કેમ નથી કરતો ? ॥ ૮૮ ॥**

આ જ રીતે તારી વાસ્તવિક બુદ્ધિપૂર્વકની પ્રવૃત્તિ છે, કે તું પરલોકના શંબલનો વિચાર કરે, એવો અહીં આશય છે. જેમ શંબલ વિનાના પ્રવાસીઓ દુઃખી થાય છે, અને શંબલવાળા પ્રવાસીઓ સુખી થાય છે, તેમ પરલોકમાં જતા આત્માઓની બાબતમાં પણ સમજવું. આગમમાં પણ કહ્યું છે - જે પાથેય (ટિફીન) વિના દીર્ઘ પ્રવાસ કરે છે, તે ભૂખ અને તરસથી પીડિત થઈને દુઃખી થાય છે. એ રીતે ધર્મ કર્યા વિના જે પરલોકમાં જાય છે, તે વ્યાધિ અને રોગોથી પીડિત થઈને દુઃખી થાય છે.

गच्छंतो सो सुही होइ, छुहातण्हाविवज्जिओ ॥ एवं धम्मं पि काउणं, जो गच्छइ परं भवं । गच्छंतो सो सुही होइ, अप्पकम्मे अवेयणे - इति (उत्तराध्ययने १९/१८-२१) ।

न च पर्यन्ते प्रेत्यचिन्ता करिष्यत इति वाच्यम्, तदविज्ञानात्, प्रतिसमयं प्रत्यासन्नीभवनात् तच्चिन्ताकालसङ्कोचयोगाच्च, एतदेवाह -

---

(પાંગળાપણું વગેરે સોળ પ્રકારના રોગ છે, તાવ વગેરે આઠ પ્રકારના વ્યાધિ છે.)

જે પાથેય સાથે દીર્ઘ પ્રવાસ કરે છે, તે ભૂખ-તરસથી રહિત થઈને સુખી થાય છે. એ રીતે ધર્મ કરીને જે પરલોકમાં જાય છે, તે પાપ અને દુઃખથી રહિત હોવાથી સુખી થાય છે. (ઉત્તરાધ્યયન ૧૯/૧૮-૨૧)

**શંકા** - અંતસમયે પરલોકની ચિંતા કરાશે, અત્યારથી શા માટે તેની ચિંતા કરવી ?

**સમાધાન** - આવો પ્રશ્ન ઉચિત નથી. કારણ કે અંત કાળ કયો છે, તે જ જાણી શકાતું નથી. વર્તમાન કાળ પણ અંત કાળ હોઈ શકે છે. વળી પ્રત્યેક સમયે અંતકાળ નજીક આવતો જાય છે, માટે તેની ચિંતા કરવાનો કાળ નાનો થતો જાય છે. એ જ વાત કહે છે-

**पहरा दीयहा मासा जह जह संवच्छराइं वोलिंति ।**
**तह तह मूढ ! वियाणसु आसन्नो होइ ते मच्चू ॥८९॥**

अन्वाह च - वध्यस्य चौरस्य यथा पशोर्वा, सम्प्राप्यमाणस्य पदं वधस्य। शनैः शनैरेति मृतिः समीपं, तथाखिलस्येति कुतः प्रमादः ? - इति (अध्यात्मकल्पद्रुमे ६७) । किञ्च -

**केदियहं वाससयं तस्स वि रयणीसु हीरए अद्धं ।**
**किंचि पुण बालभावे गुणदोस अयाणमाणस्स ॥९०॥**

---

**મૂઢ ! પહોરો, દિવસો, મહિનાઓ અને વર્ષો જેમ જેમ પસાર થાય છે, તેમ તેમ તારું મૃત્યુ નજીક આવે છે, એમ તું જાણી લે. ॥ ૮૯ ॥**

કહ્યું પણ છે - જેનો વધ કરવાનો હોય તેવો ચોર કે પશુને વધના સ્થાને લઈ જવાતા હોય, ત્યારે જેમ ધીમે ધીમે તેનું મૃત્યુ નજીક આવતું જાય છે, તેમ સર્વ જીવોનું મૃત્યુ પણ નજીક આવતું જાય છે, માટે પ્રમાદ શાથી કરો છો ? (અધ્યાત્મકલ્પદ્રુમ ૬૭). વળી -

**સો વર્ષમાં કેટલાક દિવસો હોય છે. (અલ્પ દિવસો હોય છે.) તેમાં પણ અડધુ આયુષ્ય તો રાત્રિઓમાં જતું રહે છે. અને ગુણ-દોષને નહીં જાણતા જીવનું કેટલુંક આયુષ્ય બાળપણમાં જતું રહે છે. ॥ ૯૦ ॥**

सेसं कम्मेण वियावडाण अद्धाणखेयखिन्नाणं ।
वाहिसयपीडियाणं जराइ संखंडियाणं च ॥९१॥
जस्स न नज्जइ कालो न य वेला न य दियहपरिमाणं ।
नारए[1] वि नत्थि सरणं[2] णेइ बला दारुणो मच्चू ॥९२॥

एवं सति

इय जाव न चुक्कसि एरिसस्स खणभंगुरस्स देहस्स ।
जीवदयाए जुत्तो तो कुण जिणदेसियं धम्मं ॥९३॥

---

કાર્યોમાં અત્યંત વ્યસ્ત પ્રવાસના થાકથી થાકેલા, સેંકડો વ્યાધિઓથી પીડિત, ઘડપણથી સાવ ભાંગી ગયેલા જીવોનું બાકીનું આયુષ્ય એમાં જ પૂરું થઈ જાય છે. ॥ ૯૧ ॥

જેનો આવવાનો કાળ, સમય કે દિવસોનું પ્રમાણ જણાતું નથી, અને જણાય તો પણ તેનાથી બચવા માટે કોઈનું શરણ નથી. મૃત્યુ ભયંકર છે, એ જબરદસ્તીથી જીવને ઉપાડી જાય છે. ॥ ૯૨ ॥

આ સ્થિતિમાં -

જ્યાં સુધી આ ક્ષણભંગુર શરીરથી તું ભ્રષ્ટ ન થાય, ત્યાં સુધી જીવદયાને ધારણ કરીને જિનકથિત ધર્મનું પાલન કર. ॥ ૯૩ ॥

---

१. ग - नरए । २. ग - ०णं न य वेला ।

यतः -

**जस्स दया तस्स गुणा जस्स दया तस्स उत्तमो धम्मो ।**
**जस्स दया सो पत्तं जस्स दया सो जए पुज्जो ॥९४॥**

**यस्य दयाऽस्ति, तस्यैव गुणा** सन्ति, तदाधारत्वात्तेषां निराधारावस्थानासम्भवात् । किञ्च **यस्य दया, तस्योत्तमो धर्मः** सम्भवति, तदात्मकत्वात्तस्य, अत एव **यस्य दया स पात्रम्**, सर्वप्राणातिपातविरतेः कृपैकप्रतिष्ठितस्यैव सुपात्रत्वात्, एवञ्च **यस्य दया स जगति पूज्यः**, सुपात्रस्यैव परमार्थतस्तत्त्वात् । किञ्च -

---

કારણ કે -

**જેનામાં દયા છે તેનામાં ગુણો છે, જેનામાં દયા છે તે ઉત્તમ ધર્મનો ધારક છે. જેનામાં દયા છે તે પાત્ર છે, જેનામાં દયા છે તે જગતમાં પૂજ્ય છે. ॥ ૯૪ ॥**

**જેનામાં દયા છે, તેનામાં જ ગુણો છે.** કારણ કે દયા એ ગુણોનો આધાર છે. માટે દયા વિના નિરાધાર ગુણોનું અવસ્થાન સંભવિત નથી. વળી **જેનામાં દયા છે, તેનો ઉત્તમ ધર્મ** સંભવે છે, કારણ કે દયા એ ઉત્તમ ધર્મ સ્વરૂપ છે. માટે જ **જેનામાં દયા છે, તે પાત્ર** છે. કારણ કે જેણે સર્વ જીવહિંસાથી વિરતિ લીધી છે અને તેના દ્વારા દયામાં જ જે પ્રતિષ્ઠિત છે, તે જ સુપાત્ર છે. આ રીતે **જેનામાં દયા છે, તે જગતમાં પૂજ્ય છે,** કારણ કે જે

**जस्स दया सो तवस्सी जस्स दया सो य सीलसंजुत्तो[1] ।**
**जस्स दया सो नाणी जस्स दया तस्स निव्वाणं ॥९५॥**

**यस्य दया स तपस्वी,** कर्मणां तापनात्तप इति लक्षणसमन्वयाद्दयायास्तपोरूपत्वानतिक्रमात्, दयालोरेवानेषणादावनशनप्रभृतितपसि ग्लानानुकम्पादिभिर्वैयावृत्यमुख्यतपसि वा प्रवृत्तिसम्भवाच्च । **यस्य दया स च शीलसंयुक्तः,** प्रागु-

---

સુપાત્ર છે, તે જ વાસ્તવમાં પૂજનીય છે.

વળી -

**જેનામાં દયા છે, તે તપસ્વી છે. અને જેનામાં દયા છે, તે શીલસંપન્ન છે. જેનામાં દયા છે, તે જ્ઞાની છે. જેનામાં દયા છે, તે નિર્વાણ પામે છે. ॥ ૯૫ ॥**

**જેનામાં દયા છે, તે તપસ્વી છે,** કારણ કે 'જે કર્મોને તપાવે, તેનું નામ તપ' - આવું તપનું લક્ષણ છે. આ લક્ષણનો દયામાં સમન્વય થાય છે માટે દયા એ તપરૂપ જ છે. વળી જે દયાળુ હોય, તે જ અનેષણા વગેરેના પ્રસંગે ઉપવાસ વગેરે તપમાં અને ગ્લાનની અનુકંપા આદિથી વેયાવચ્ચ વગેરે તપમાં પ્રવૃત્ત થાય છે. **જેનામાં દયા છે, તે શીલસંયુક્ત છે,** કારણ કે પૂર્વે કહેલી

---

१. ग - ०संपत्तो ।

क्तयुक्त्या तस्य परदारपरिवर्जकत्वात्, सम्मूर्च्छिमादिप्राणिप्राणापहारभीत्या शीलसामग्र्यसम्पन्नत्वाद्वा । किञ्च **यस्य दया स ज्ञानी,** फलप्रसूतेरेव वृक्षसद्भावज्ञापकत्वात्, निष्फलस्य ज्ञानस्य सतोऽपि तत्त्वतोऽसत्त्वाच्च ।

पर्यवसितमाह - **यस्य दया तस्य निर्वाणम्** - गुणाद्यन्तरेण महोदयोदयासम्भवात्, तस्य चोक्तरीत्या दयाधीनत्वात् । इत्थञ्च -

---

યુક્તિ મુજબ દયાળુ જીવ પરસ્ત્રીનો પરિહાર કરે છે. અથવા તો દયાળુ જીવ સંમુર્ચ્છિમ વગેરે જીવોની હિંસાના ભયથી સંપૂર્ણ શીલને ધારણ કરે છે.

વળી **જેનામાં દયા છે, તે જ્ઞાની છે.** કારણ કે ફળની (દયાની) ઉત્પત્તિ જ વૃક્ષની (જ્ઞાનની) હાજરીને જણાવે છે. દયા વિનાનું જ્ઞાન હોય, એ તો નિષ્ફળ છે, માટે એવું જ્ઞાન હોય તો ય વાસ્તવિક રીતે ન હોવા બરાબર છે, માટે જેનામાં દયા છે, તે જ્ઞાની છે.

ફલિતાર્થ કહે છે - **જેનામાં દયા છે, તેનો મોક્ષ** થાય છે. કારણ કે ગુણો વગેરે વિના મોક્ષનો ઉદય થાય, એ સંભવિત નથી. અને ગુણો તો ઉપરોક્ત રીતે દયાને આધીન છે. આ રીતે -

**जो जीवदयाजुत्तो तस्स सुलद्धो य माणुसो जम्मो ।**
**जो जीवदयारहिओ माणुसवेसेण सो पसुओ ॥९६॥**

दयालुत्वमेव मानुषलक्ष्मेति हृदयम् । पक्षान्तरं प्रस्तौति-

**अहवा दूरपणट्ठो संपइ[1] पसवत्तणस्स सो पुरिसो ।**
**जो जीवदयाजुत्तो करेइ जिणदेसियं धम्मं ॥९७॥**

लक्षणानुयायित्वाल्लक्षितभावस्य । किञ्च -

---

**જે જીવદયાથી યુક્ત છે, તેનો મનુષ્ય જન્મ સફળ છે. જે જીવદયા રહિત છે, તે મનુષ્યના વેષમાં પશુ છે. ॥ ૯૬ ॥**

દયાળુપણુ એ જ મનુષ્યનું ઓળખચિહ્ન છે, એવો અહીં આશય છે. અન્ય પક્ષનો ઉપન્યાસ કરે છે-

**અથવા તો જે જીવદયાથી યુક્ત થઈને જિનકથિત ધર્મને આચરે છે, તે જીવ વર્તમાનમાં પશુપણાથી અત્યંત દૂર ગયો છે. ॥ ૯૭ ॥**

કારણ કે લક્ષિતભાવ (મનુષ્યપણું) એ લક્ષણ (દયાળુતા)ને અનુસરે છે. માટે જો કોઈ પશુમાં પણ દયા હોય, તો એ મનુષ્યતુલ્ય સમજવો જોઈએ. વળી -

---

१. ग - ०इए स० ।

**सीये उण्हे य तवं जइ तप्पइ उद्धबाहु पंचग्गी ।**
**दाणं च देइ लोए दया विणा नत्थि से किंचि ॥९८॥**

कमठतापसादितपोवदतिस्वल्पफलत्वात्ततपसः, यदार्षम् - सट्ठिं वाससहस्सा, तिसत्तखुत्तोदयेण धोएण । अणुचिण्णं तामलिणा अन्नाणतवुत्ति अप्पफलो ॥ छज्जीवघायवहगा, हिंसकसत्थाई उवइसंति पुणो । सुबहुं पि तवकिलेसो, बालतवस्सीण अप्पफलो ॥ जं तं कयं पुरा, पूरणेण अइदुक्करं चिरं कालं । जइ तं दयावरो इह, करिंतु तो सफलयं हुंतं-

---

**જો ઠંડી અને ગરમીમાં હાથ ઊંચા કરીને પંચાગ્નિ તપ તપે અને લોકમાં દાન આપે, તો પણ દયા વિના તેને કંઈ (ફળ) ન (મળે.) ॥ ૯૮ ॥**

કારણ કે કમઠ તાપસ વગેરેના તપની જેમ તેના તપનું ફળ સાવ થોડું છે. જેથી ઋષિવચન પણ છે - એકવીશ વાર ધોયેલું અન્ન જ વાપરવું, એવા અભિગ્રહ સાથે તામલિ તાપસે છટ્ઠના પારણે છટ્ઠ કર્યા. હાથ ઉંચા રાખીને આતાપનાઓ લીધી. આમ સાઈઠ હજાર વર્ષ સુધી ઉગ્ર તપ કર્યો. તો પણ તે અજ્ઞાનતપ હોવાથી અલ્પ ફળવાળો થયો. જેઓ છકાયના જીવોની હિંસા કરે છે, વળી હિંસક શાસ્ત્રોનો ઉપદેશ કરે છે, તેઓ અતિ ઘણો પણ તપનો ક્લેશ કરે, તો પણ તે બાળતપસ્વીઓને

इति (उपदेशमालायम् ८१, ८२, १०९) । ननु च यदि चास्य स्वल्पफलम्, तदा 'नत्थि से किंचि' - इति प्लवत इति चेत्? न, दयासंयुततपसोऽल्पस्याप्यसङ्ख्येगुणफलप्रदत्वेन तदपेक्षयातिस्तोकत्वेन तदभावविवक्षणात्, न हि कार्षापणमात्रसहितो धनवान्नित्युच्यतेऽपि तु निर्धन एवेति प्रतीतम् । दयाप्रयुक्तफलबाहुल्यमेव साक्षादाचष्टे -

---

તેનું અલ્પ ફળ મળે છે. પૂર્વકાળે પૂરણે ચિરકાળ સુધી અતિ દુષ્કર તપ કર્યો, તે જો તેણે દયામાં તત્પર થઈને કર્યો હોત, તો સફળ થાત. (ઉપદેશમાળા ૮૧, ૮૨, ૧૦૯)

**શંકા** - જો તેનું થોડું પણ ફળ હોય, તો 'તેનું કાંઈ ફળ નથી' એવું વચન સંગત થતું નથી.

**સમાધાન** - ના, કારણ કે દયાસહિત તપ થોડો હોય, તો પણ તે અસંખ્યગણું ફળ આપે છે. તેની અપેક્ષાએ દયા વિનાનું ફળ સાવ થોડું હોવાથી તે છે જ નહીં, એવી વિવક્ષા કરી છે. જેની પાસે માત્ર એક કાર્ષાપણ હોય, તે ધનવાન નથી કહેવાતો, પણ નિર્ધન જ કહેવાય છે, એ પ્રતીત છે. દયાને કારણે ઘણું ફળ મળે છે, એ વાત ગ્રંથકારશ્રી સ્વયં કહે છે -

**थेवो वि तवो थेवं पि दिन्नयं जं दयाए संजुत्तं ।**
**तं होई असंखगुणं बीयं जह [1]वाससंपत्तं ॥९९॥**

किञ्च -

**एक्का वि जेण पत्ता नियदेहे वेयणा पहारेहिं ।**
**[2]न कुणइ जइ जीवदया सो गोणो नेय माणुस्सो ॥१००॥**

यथा मम प्रहारैर्वेदनोत्पद्यते, तथाऽन्येषामपि जीवानाम्, तुल्यन्यायादित्येतावताऽपि विज्ञानलवेन यच्छून्यत्वम्, तस्य

---

**થોડો પણ તપ, થોડું પણ દાન જે દયાથી સહિત હોય તે વરસાદને પામેલા બીજની જેમ અસંખ્યગણું ફળ આપે છે. ॥ ૯૯ ॥**

વળી -

**જેણે પોતાના શરીરમાં પ્રહારોથી એક પણ વેદના પામી હોય, તે જો જીવદયા ન કરે, તો તે મનુષ્ય નહીં, પણ બળદ જ છે. ॥ ૧૦૦ ॥**

જેમ મને પ્રહારોથી વેદના થાય છે, તેમ અન્ય જીવોને પણ વેદના થાય છે. કારણ કે બંને પક્ષે તુલ્ય ન્યાય છે. આટલું આંશિક વિજ્ઞાન પણ ન હોય, એ તો પશુ સાથેની સમાનતા વિના સંભવી જ ન શકે, માટે તે

---

१. क - वास संपप्प । ख - वासयंपय । ग - वाससंपत्तं । २. तारिसया अण्णाण वि जीवाण होइ सव्वेसु - इति कप्रतावुत्तरार्द्धम् ।

पशुसाधर्म्यमन्तरेणासम्भवात् पशुरेवासावित्याशयः । किञ्च -

**जं नारयाण दुक्खं तिरियाणं तह य माणुसाणं च ।**
**तं जीवपीडजणियं दुव्विसहं [1]होइ लोयम्मि ॥१०१॥**

स्यादेतत्, नारकादिदुःखस्य दुर्विषहत्वे सत्यपि नास्माकं ततः साध्वसम्, जीवशरीरयोर्नामान्तरत्वात्परलोकिनो विरहादिति चेत् ? न, अहम्प्रत्ययदितः प्रत्यक्षप्रभृतिप्रमाणतस्तत्प्रसिद्धेः, प्रपञ्चितमेतदन्यत्रेति नात्र प्रतन्यते । (दृश्यतां भुवनभानवीय-वार्त्तिकं न्यायविशारदम् ।) नापि कालव्युपरतेरपि जीवपर्यवसाना-

---

પશુ જ છે, એવો અહીં આશય છે.

વળી -

**નારકોને, તિર્યંચોને અને મનુષ્યને જે દુઃખ છે, તે જીવોને પીડા આપવાથી ઉત્પન્ન થાય છે. લોકમાં તે દુઃખ અત્યંત દુઃષહ છે. ॥ ૧૦૧ ॥**

**શંકા** - નારક વગેરેનું દુઃખ ભલે ખૂબ દુઃષહ હોય, તો પણ અમને તેનો ભય નથી. કારણ કે જીવ અને શરીર આ બંને એ પર્યાય નામ જ છે. માટે પરલોકમાં જનાર કોઈ છે જ નહીં.

**સમાધાન** - તેવું નથી, 'અહં પ્રત્યય' વગેરે પ્રત્યક્ષ પ્રમાણથી, 'કર્મફળભોગ' વગેરે અનુમાન પ્રમાણથી તે

---

१. ग - होह ।

ऽऽशङ्का कार्या, द्वयोरप्यनाद्यनन्त्वात्, अतः परिहृत्य पापं प्रेत्यहितयोनिः परिपालनीया प्राणिदया, एतदेवाह -

**कालो अणाइणिहणो जीवो दव्वगुणेहिं अविणासी ।**
**[1]ता मा कीरउ पावं जण ! जीवदयालुया [2]होह ॥१०२॥**

किञ्च -

---

પ્રસિદ્ધ છે, માટે પરલોકગામી આત્મા માનવો જ જોઈએ. આ વાત અન્યત્ર વિસ્તારથી કહી છે, માટે અહીં લંબાણ નથી કરાતું. (જુઓ ભુવનભાનવીયવાર્ત્તિક ન્યાયવિશારદ)

**શંકા** - ઠીક છે, પણ જ્યારે કાળ અટકી જશે, ત્યારે જીવનો પણ અંત આવી જશે, માટે હિંસા વગેરેનું ફળ નહીં મળે.

**સમાધાન** - એ પણ શક્ય નથી. કારણ કે કાળ અને જીવ બંને અનાદિ-અનંત છે. માટે પાપને છોડીને પરલોકમાં હિતકારક એવી જીવદયા પાળવી જોઈએ. આ જ વાત કહે છે -

**કાળ અનાદિ- અનંત છે. જીવ દ્રવ્ય અને ગુણોથી અવિનાશી છે. માટે હે જન ! તમે પાપ ન કરો, જીવદયાળુ થાઓ. ॥ ૧૦૨ ॥**

વળી -

---

१. ग - तो मा । २. ग - होई ।

**[१]मा कीरइ जीवदया अव्वो किं ण्होरएण जीवाणं ?।**
**दुक्खाण अणागमणे [२]तह सुक्खाणं [३]आगमणे ॥१०३॥[1]**

**अव्वो** इत्याश्चर्यगर्भितसम्बोधने, **दुःखानामनागमने** - तन्मूलोन्मूलनद्वारेणानागमनसम्पादनार्थम्, **तथा सुखानामागमने**- सद्धेतुसेवनद्वारेण सुखसमागमार्थम्, चतुर्थ्यर्थे सप्तमी प्राकृतत्वात्, **जीवानां णहोरएण** - कृतज्ञतया, **जीवदया किं मा क्रियते** ? - किमर्थं न क्रियते ?

अयं भावः दया हि दुःखविनाशसुखसम्पदोः कारणम्,

---

**દુઃખો ન આવે અને સુખો આવે, એ માટે જીવો પરની કૃતજ્ઞતાથી જીવદયા કેમ કરાતી નથી ? ॥૧૦૩॥**

'**અવ્વો**' એ આશ્ચર્યગર્ભિત સંબોધન છે. **દુઃખોના અનાગમનમાં** = દુઃખના મૂળને ઉખેડી નાખવા દ્વારા દુઃખો આવે જ નહીં તેવું કરવા માટે, તથા **સુખોના આગમનમાં** = સમ્યક્ કારણના આસેવન દ્વારા સુખોનો સમાગમ થાય એ માટે, અહીં ચોથી વિભક્તિના અર્થમાં સાતમી વિભક્તિ પ્રાકૃત હોવાથી છે.

આશય એ છે કે દુઃખનો વિનાશ અને સુખની

---

१. ग - जा की० । जो कीरइ जीवदया अव्वो कण्होरण्णजीवाणं । दुक्खाणमणामणे तहा य सोक्खाण आयण - इति खप्रतौ वृत्तम् । २. क - तहव सो० । ३. ग - अयाण मणे । 1 इत आरभ्य सर्वा प्रक्षिप्तगाथा इति प्रतिभाति किन्तु तालपत्रेऽपि दृश्यमानत्वात् तद्व्याख्याऽपि प्रस्तुता ।

ततस्तयोर्विषयविधया जीवा अपि हेतुत्वं प्रतिपद्यन्त इत्येषा जीवविसरविहितोपकृतिः । तां सम्प्रधार्य कृतज्ञतया जीवदया क्रियतामित्याशयः । किञ्च -

**सो[१] होइ बुद्धिमंतो अलिएण न जो परस्स उवघाई ।**
**सो होई सुही लोए जो खाई न मज्जमंसाइं ॥१०४॥**

**स बुद्धिमान् भवति, यः परस्यालीकेनोपघाती न भवति,** परोपघातस्य परमार्थतः स्वोपघातात्मकतया तत्प्रवृत्तस्य प्रेक्षावत्ताक्षतेः । अत एव **स** खलु **लोके सुखी** - सानुबन्ध-

પ્રાપ્તિનું કારણ છે દયા. દયાનો વિષય છે જીવો. માટે વિષયવિધાથી જીવો પણ દુઃખના વિનાશ અને સુખની પ્રાપ્તિના કારણ બને છે આમ આ જીવોના સમૂહે કરેલો ઉપકાર છે. તેને વિચારીને કૃતજ્ઞપણે જીવદયા કરો, એવો અહીં આશય છે. વળી -

**તે બુદ્ધિમાન છે, જે અસત્યથી બીજાનો ઉપઘાત કરતો નથી. લોકમાં તે સુખી છે, જે મદ્ય-માંસ ખાતો નથી. ॥ ૧૦૪ ॥**

**તે બુદ્ધિશાળી છે, જે અસત્યથી બીજાનો ઉપઘાત નથી કરતો.** કારણ કે પરોપઘાત એ પરમાર્થથી સ્વોપઘાતરૂપ છે. માટે જે પરોપઘાતમાં પ્રવૃત્ત થાય તેનું બુદ્ધિશાળીપણું રહેતું નથી. માટે જ તે લોકમાં સુખી છે

१. ख - जो होइ रिद्धिमंतो ।

सुखसन्दोहसमनुभविता, **यो मद्यमांसानि न खादति,** परोपघातमन्तरेण तत्खादनासम्भवात्, तत्कारिणो दुःखनिवृत्तेः खपुष्पायमानत्वाच्च । किञ्च -

**सो पंडिओ त्ति भन्नइ जेण सया नेय खंडियं सीलं ।**
**सो सूरो चारहडो इंदियरिऊ[१] निज्जिया जेण ॥१०५॥**

उक्तञ्च - देहट्ठिएहिं पंचहिं खंडिज्जइ इंदिएहिं माहप्पं। जस्स स लक्खं पि बहिं विणिज्जिणंतो कहं सूरो ? ॥ सुच्चिय

---

= સાનુબંધ સુખોના સમૂહનો સમ્યક્ અનુભવ કરે છે, કે **જે મદ્ય-માંસ ખાતો નથી.** કારણ કે પરોપઘાત વિના મદ્ય-માંસ ખાવા સંભવિત નથી. અને જે પરોપઘાત કરે છે, તેના દુઃખ દૂર થાય એ આકાશકુસુમની જેમ અસંભવિત છે.

વળી -

**'તે પંડિત' એમ કહેવાય છે, કે જેણે હંમેશ માટે શીલનું ખંડન કર્યું નથી. તે શૂરવીર ઉત્તમ યોદ્ધો છે, કે જેણે ઇન્દ્રિયરૂપી શત્રુઓને જીતી લીધી છે. ॥ ૧૦૫ ॥**

કહ્યું પણ છે - શરીરમાં રહેલી પાંચ ઇન્દ્રિયોથી જેનું માહાત્મ્ય ખંડિત થાય છે. તે બહાર એક લાખ વ્યકિતને પણ જીતી લે, તો પણ તેને શૂરવીર શી રીતે

---

१२. ग - ०रिवु ।

सूरो सो चेव पंडिओ तं पसंसिमो निच्चं । इंदियचोरेहिं सया न लुंटियं जस्स चरणधणं - ति (पुष्पमालायाम् २७५-२७६) ।

**रिद्धो जुव्वणगामो[1] रइसुहसोहग्ग सुव्वयं सीलं ।**
**सो जरधाडी[2] पहओ मयरद्धयराइणो मच्चु[3] ? ॥१०६॥**

वृत्तमेतन्न सम्यगवबुध्यत इति बहुश्रुतेभ्यः परिभावनीयम् । अपि च -

**सयणस्स वि मज्झगयं ओयरिउं लेइ मडुवालेहिं ।**
**मारेइ नवरि मिल्लइ घोरजरारक्खसी पुरिसं ॥१०७॥**

---

કહી શકાય ? શૂરવીર તો તે જ છે, તે જ પંડિત છે, અમે હંમેશા તેની પ્રશંસા કરીએ છીએ કે જેનું ચારિત્રધન ઇંદ્રિય-ચોરો કદી પણ લૂંટી શકતા નથી. (પુષ્પમાળા ૨૭૫-૨૭૬)

ગાથા ॥ ૧૦૬ ॥ બરાબર સમજાતી નથી. માટે તે બહુશ્રુતો પાસે સમજવી.

વળી -

**સ્વજનોની વચ્ચે રહેલા પુરુષને પણ ત્યાં અવતરીને પરાણે ભયંકર ઘડપણ- રાક્ષસી લઈ જાય છે. તે પુરુષની સાથે મળે છે અને તેને હણી નાખે છે. ॥ ૧૦૭ ॥**

---

१. ग - ०गामा । २. ख - जरधाडीए हओ । ग - जरधाडी इयओ ।
३. क - संतो । ग - मडुं ।

न हि वार्द्धक्यबलात्काराभिभूतं पुरुषं रक्षितुं प्रभवति स्वजनवर्गः, जीवदयाया एव जराज्वरौषधत्वादित्यासेवनीय-मेतदिति भावः । किञ्च -

**भवरन्ने जीवमओ जो गहिओ तेण मरणसीहेण ।**
**असमत्था मोएउं सयणा देवा य इंदा वि ॥१०८॥**

अन्वाह - जहेह सीहो व मियं गहाय, मच्चु नरं णेइ उ अन्तकाले । न तस्स माया न पिया न भाया, कालंमि तंमि सहरा भवंति - इति (वैराग्यशतके ४३) । न हि स्वतोऽशरणाः

---

ઘડપણની જબરદસ્તીથી પરાભવ પામતા પુરુષને સ્વજનવર્ગ બચાવી શકતો નથી. કારણ કે ઘડપણરૂપી તાવને મટાડવાનું એક જ ઔષધ છે, જીવદયા. માટે તેનું સેવન કરવું જોઈએ, એવો અહીં ભાવ છે. વળી -

**સંસારાટવીમાં તે મરણસિંહે જે જીવમૃગનું ગ્રહણ કર્યું છે, તેને છોડાવવા માટે સ્વજનો, દેવો અને ઈન્દ્રો પણ સમર્થ નથી. ॥ ૧૦૮ ॥**

કહ્યું પણ છે - જેમ સિંહ હરણને ઉપાડી જાય, તેમ મૃત્યુ અંતકાળે મનુષ્યને લઈ જાય છે. તેના માતા, પિતા કે ભાઈ તે સમયે તેના સહાયક બનતા નથી. (વૈરાગ્યશતક ૪૩)

परेषां शरणीभवितुं समर्थाः, ततो मरणादिदुःखभीतैर्जीवदयैव शरणीकार्येति तात्पर्यम् ॥ अपि च -

**तुम्हं महल्लयाइं खइयाइं जेण कालसप्पेण ।**
**सो किं कह वि पलाओ मओ व्व वीसत्थया जेणं ॥१०९॥**

नासौ क्वापि पलायितो मृतो वा, अतो धर्मोद्यमः श्रेयानित्याशयः । उक्तञ्च- छायामिसेण कालो सव्वजीवाणं छलं गवेसंतो । पासं कह वि न मुंचइ ता धम्मे उज्जमं कुणह - इति (वैराग्यशतके ९) । पञ्चाननोपमया पञ्चत्वस्वरूपं

---

જેઓ પોતે જ અશરણ છે, તેઓ બીજાના શરણ બનવા માટે સમર્થ નથી. માટે જેઓ મરણ વગેરેના દુઃખથી ભયભીત હોય તેમણે જીવદયાનું જ શરણ લેવું જોઈએ, એવું અહીં તાત્પર્ય છે. વળી -

**જે મૃત્યુ-સર્વ તમારા પૂર્વજોને ખાઈ ગયો હતો, તે શું કોઈ રીતે પલાયન કરી ગયો છે ? કે મરી ગયો છે? કે જેથી તમે આટલા બેફિકર છો ? ॥ ૧૦૯ ॥**

એ મૃત્યુ-સર્પ ક્યાંય નાસી ગયો નથી, કે મરી પણ ગયો નથી. માટે ધર્મમાં ઉદ્યમ કરવો એ હિતકારક છે, એવો અહીં આશય છે. કહ્યું પણ છે - કાળ પડછાયાના બહાને સર્વ જીવોના છિદ્ર શોધે છે, તે કોઈ રીતે પીછો છોડતો નથી. માટે ધર્મમાં ઉદ્યમ કરો. (વૈરાગ્યશતક ૯)

प्रकाशयति -

**जरकेसरवीहत्थओ, दढदाढादुप्पिच्छओ ।**
**वयणकररुहभिदओ,[१] वियरइ मरणमइंदओ ॥११०॥**

**जराकेसरव्यग्रः** - वार्द्धक्यात्मकस्कन्धवालविसरव्याकुलः, **दृढदाढादुष्प्रेक्ष्यः** - तीक्ष्णदन्तसन्दोहसाध्वसकरदर्शनः, **वदन-कररुहभेदकः** - मुखनखात्मकैः शस्त्रैः प्राणिप्रकरजीवितदारयिता, एवंविधो **मरणमृगेन्द्रकः** - पञ्चतापारीन्द्रः, **विचरति** - अस्खलितप्रसरतया सर्वत्र विहरति । हिंसका ह्यनन्तशस्तत्कवल-

---

ફરી સિંહની ઉપમાથી મૃત્યુના સ્વરૂપને પ્રગટ કરે છે -

**ઘડપણરૂપી કેસરાથી વ્યગ્ર, દઢ દાઢાઓથી દુષ્પ્રેક્ષ્ય, મુખ-નખથી ભેદક મરણસિંહ વિચરે છે. ॥ ૧૧૦ ॥**

**ઘડપણકેસરવ્યગ્ર** = વૃદ્ધપણારૂપ ખભા પર રહેલા વાળોના સમૂહથી વ્યાકુળ, **દઢદાઢાદુષ્પ્રેક્ષ્ય** = તીક્ષ્ણ દાંતોના સમૂહથી જેને જોવાથી ભય લાગે તેવો, **મુખ અને નખથી ભેદક** = મુખ અને નખરૂપ શસ્ત્રોથી જીવોના સમૂહના જીવનને ભેદી નાખનાર, એવો **મરણમૃગેન્દ્ર** = મૃત્યુરૂપી સિંહ, **વિચરે છે** = બધે ય અસ્ખલિત પ્રસારપૂર્વક ફરે છે.

---

१. ग - ०रुहिरभिं० ।

तामुपयान्तीति जीवदयायां यतितव्यमिति भावः । इतोऽपि जीवदयाऽऽसेव्येत्याह -

**जो जीववहाए जुत्तए, दारुणए मंसरसेण पुट्ठए ।**
**परदुक्ख अयाणमाणए, से पुरिसे[1] न हु दंसणिज्जए ।।१११।।**

तद्दर्शनस्यापि कथञ्चित् पापबीजत्वात् । प्रतिपक्षमाह -

**नियसलिले(?) समदुक्खसोक्खए जीयलोभे सुतोसए ।**
**जो जीवदयाए जुत्तए से पुरिसे जए पूयणिज्जए ।।११२[2]।।**

જે હિંસક છે તેઓ અનંત વાર એ મૃત્યુસિંહના કોળિયા બને છે. માટે જીવદયામાં યત્ન કરવો જોઈએ. જીવદયાનું આસેવન કરવું જોઈએ, તેનું અન્ય કારણ પણ કહે છે -

**જેઓ જીવહિંસાથી યુક્ત છે, ભયંકર છે, માંસરસથી પુષ્ટ છે, બીજાના દુઃખને જાણતા નથી. તે પુરુષના દર્શન કરવા પણ ઉચિત નથી. ।। ૧૧૧ ।।**

કારણ કે અમુક અપેક્ષાએ તેનું દર્શન પણ પાપનું કારણ છે. તેના પ્રતિપક્ષને રજુ કરે છે -

**જેઓ નિજસલિલ (?) છે. સુખ-દુઃખમાં સમ ભાવ**

१. ग - ०से जयऽपूयणि० । २. एतत्स्थाने ग-प्रताविमा गाथा - जइ रक्खइ नेय अलियए, नियधणं नियकलत्तए । जह तह वि ण एव रक्खए, ता किं पावइ कोइ सु(दु)क्खए ? ।। एषा चाधिका ख - प्रतौ - जह णियसंलीलए णियव(ध)णे णियकल(त्त)ए । जइ तह णेय रक्खइ ता किं पावइ कोइ दुक्खए ।।

तत्त्वतो गुणानामेव पूजास्पदत्वात् । यत एवम्, अतः

**जइ इच्छह सयलसुक्खए, अह सायहु परममुक्खए ।**
**ता होह दयाए जुत्तए, करह य जिणाण वुत्तए ॥११३॥**

न च मोक्षमित्येतावतैव गतत्वादधिकं व्यर्थमिति वाच्यम्, लौकिकचारकादिनिरोधमुक्तिव्यवच्छेदेन संसारचारकनिरोधमुक्ति-

---

**ધરાવે છે. જેમણે લોભને જીતી લીધો છે. જેમને અસાર ભોજનાદિથી પણ સંતોષ થાય છે. જેઓ જીવદયાથી યુક્ત છે, તે પુરુષ જગતમાં પૂજનીય થાય છે. ॥ ૧૧૨ ॥**

કારણ કે વાસ્તવિક રીતે ગુણો જ પૂજાના સ્થાન છે. જેથી આવું છે, તેથી -

**જો તમે સર્વ સુખોને ઈચ્છતા હો, અથવા તો પરમ મોક્ષને સાધવો હોય, તો દયાથી યુક્ત થાઓ અને જિનવચનોનું પાલન કરો. ॥ ૧૧૩ ॥**

**શંકા** - અહીં 'મોક્ષ' એટલું કહેવાથી જ તેનો અર્થ સમજાય છે. માટે વધારાનું (પરમ) વ્યર્થ છે.

**સમાધાન** - ના, કારણ કે મોક્ષને 'પરમ' એવું વિશેષણ લગાડ્યું, તેનાથી લૌકિક કેદખાના વગેરેમાં પૂર્યા હોય, તેનાથી મળતી મુક્તિનો વ્યવચ્છેદ થાય છે. અને સંસાર રૂપી કેદખાનામાં જીવો પૂરાયા છે, તેનાથી મળતી મુક્તિનું જ્ઞાન થાય છે, માટે 'પરમ' એ વિશેષણ સાર્થક છે.

प्रति पत्तिनिबन्धनतया तत्सार्थक्यात् । जिनवचनानुसृत्या कृपैकपरत्वमेव भवविरहावन्ध्यकारणमिति हृदयम् । न च हिंसापरिहारमात्रम्, अपि तु प्रियवचनोच्चरणमपि कथञ्चिद्दयेति तदुपदेशमाह-

**सो सव्वस्स वि पुज्जो सव्वस्स वि हिययआसमो होइ ।**
**जो देसकालजुत्तं पियवयणं जाणए वुत्तुं ॥११४॥**

अत एव नीतिज्ञाः-कः परः प्रियवादिनाम् ? - इति । ननु स्वीकुर्मः - दयैवोपादेया - इति । किन्तु श्वः परेद्युर्वा

---

આશય એ છે કે જિનવચનનું અનુસરણ કરવા દ્વારા દયામાં અનન્યપણે તત્પર બનવું એ જ સંસારથી છૂટકારો મેળવવાનું અમોઘ કારણ છે.

હિંસાનો પરિહાર એ જ દયા છે, એવું નથી. પ્રિયવચન બોલવું એ પણ અમુક અપેક્ષાએ દયા છે. માટે તેનો ઉપદેશ કહે છે -

**તે સર્વને પૂજ્ય છે, સર્વના હૃદયનો તે આશ્રમ (આશ્વાસનસ્થાન) છે, કે જે દેશ અને કાળને અનુરૂપ પ્રિયવચન બોલવું જાણે છે. ॥ ૧૧૪ ॥**

માટે જ નીતિવેત્તાઓએ કહ્યું છે - પ્રિય બોલનારાઓ માટે કોણ પરાયું છે ? અર્થાત્ જેઓ પ્રિયવચન બોલે છે, તેમના પ્રત્યે બધા સ્વજન જેવું આચરણ કરે છે.

**શંકા** - 'દયા જ ઉપાદેય છે' એ તો અમે સ્વીકારીએ છીએ, પણ કાલે કે પરમદિવસે તેનું ગ્રહણ

तदुपादानं भविष्यतीति चेत् ? अत्राह -

**जं कल्ले कायव्वं अज्जं चिय तं करेह तुरमाणा ।**
**बहुविग्घो य मुहुत्तो मा अवरण्हं पडिक्खेह ॥११५॥**

तदैव प्रतीक्षा न्यायोपपन्नतामवतरेत्, यदि मृत्युरपि प्रतीक्षाप्रतिष्ठितप्रेक्षस्स्यात्, स च कृताकृतं नैव प्रतीक्षते, अतो न निःश्रेयससाधनविधौ विलम्बः कर्त्तव्य इति हृदयम् । अत एवाहुः परेऽपि-अद्यैव कुरु यच्छ्रेयो, मा त्वां कालोऽत्यगादयम् ।

---

કરી લેશું. અત્યારે ભલે દયા ન પાળીએ.

**સમાધાન** - ગ્રંથકારશ્રી આ જ વાતનું પ્રતિવિધાન કરે છે -

**જે કાલે કરવાનું છે, તેને આજે જ ત્વરાથી કરો. એક મુહૂર્તમાં પણ ઘણા વિઘ્નો આવે છે. માટે બપોરની પણ રાહ ન જુઓ. ॥ ૧૧૫ ॥**

પ્રતીક્ષા કરવી, એ તો ત્યારે જ સંગત થાય, કે જ્યારે મૃત્યુ પણ પ્રતીક્ષા કરવા તૈયાર હોય, પણ મૃત્યુ તો કામ થયું કે નહીં એવી કોઈ દરકાર જ કરતો નથી. માટે જેમાં આત્માનું નિશ્ચિત કલ્યાણ છે, એવી પ્રવૃત્તિમાં વિલંબ ન કરવો જોઈએ, એવું અહીં તાત્પર્ય છે.

માટે જ અન્યોએ પણ કહ્યું છે - જે કલ્યાણકારક છે, તે આજે જ કર. રખે તારો આ કાળ વીતી જાય. હજી તો કાર્યો બાકી હોય ત્યાં જ મૃત્યુ આવી પડે છે.

अकृतेष्वेव_ कार्येषु,_ मृत्युर्वै_ सम्प्रकर्षति_ ॥_ श्वःकार्यमद्य_ कुर्वीत, पूर्वाह्णे_ _ चापराह्निकम्_ ।_ न_ हि_ प्रतीक्षते_ मृत्युः,_ कृतमस्य_ न वा_ कृतम्_ -_ इति_ (महाभारते_ शान्तिपर्वणि_ १७५_ /_ १४-१५)_ ।_ सद्य एव_ यतनीयमतो_ निःश्रेयस_ इति_ शम्_ ।_ मिथ्याऽस्तु_ दुरुक्तं मम ।_ शोधयन्तु_ कृतकृपा_ बहुश्रुताः_ ।

---

કાલનું કાર્ય આજે કરવું જોઈએ, બપોરનું કાર્ય સવારે કરવું જોઈએ. કારણ કે 'એનું કાર્ય થયું કે નહીં' એવી પ્રતીક્ષા મૃત્યુ કરતું નથી. (મહાભારત શાંતિપર્વ ૧૭૫ / ૧૪-૧૫). માટે નિશ્ચિત કલ્યાણમાં તરત જ યત્ન કરવો જોઈએ...... મંગળ થાઓ, મારું દુષ્ટ વચન મિથ્યા થાઓ. કૃપા કરીને બહુશ્રુતો તેનું સંશોધન કરે.

इति

चरमतीर्थपति - करुणासागर - श्री महावीरस्वामिशासने
युगादिदेवश्रीऋषभदेवपुण्यसान्निध्ये
श्री अठवालाइन्स - जैन-सङ्घ - सुरतमध्ये
मुनिरसाम्बरनयने (२०६७) वैक्रमेऽब्दे मृगशीर्षशुक्लचतुर्थीदिने
तपागच्छीयाचार्यदेव-श्रीमद्विजयप्रेम-भुवनभानु-पद्म-
हेमचन्द्रसूरीश्वरशिष्य-आचार्यविजयकल्याणबोधिसूरिसंवर्णिता
पूजनीयश्रीपूर्वाचार्यकृत-जीवदयाप्रकरणे नूतनवृत्तिरूपा
दयोपनिषद्

---

ઇતિ

ચરમતીર્થપતિ-કરુણાસાગર-શ્રીમહાવીરસ્વામિશાસને
યુગાદિદેવ શ્રી ઋષભદેવપુણ્યસાન્નિધ્યે
શ્રી અઠવાલાઈન્સ જૈન સંઘ - સુરત મધ્યે
વિ. સં. ૨૦૬૭ માગસર સુદ ચતુર્થી દિને
તપાગચ્છીય - આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમ- ભુવનભાનુ-
પદ્મ-હેમચન્દ્રસૂરીશ્વરશિષ્યઆચાર્યવિજય
કલ્યાણબોધિસૂરિસંવર્ણિત
પૂજનીય શ્રી પૂર્વાચાર્ય કૃત જીવદયાપ્રકરણ પર નૂતનવૃત્તિ રૂપ
દયોપનિષદ્

શ્રીભુવનભાનુસૂરિ
100
જન્મ શતાબ્દી વર્ષ

ચંદ્ર સુધી ઝળહળશે ભુવનભાનુના અજવાળા ☆ જન્મશતાબ્દી વર્ષે ભાવભીની શ્રદ્ધાંજલિ ☆



વૈરાગ્યવારિધિ
તિતિક્ષામૂર્તિ
અધ્યાત્મયોગી
અપ્રમત્તસાધક
નિર્યામણાનિપુણ
ન્યાયવિશારદ
સંઘહિતચિંતક
વર્ધમાન તપોનિધિ
[illegible]
કામવિજેતા
સુવિશુદ્ધસંયમી
પ્રવચનપ્રભાવક
અનેકાંતદેશનાદક્ષ
શ્રેષ્ઠશ્રમણશિલ્પી
શિબિર આદ્યપ્રણેતા
બાળદીક્ષાસંરક્ષક
અપ્રતિમ પ્રભુભક્ત
અદ્ભુત ગુણાનુરાગી
નિર્દોષચર્યાચારી
સર્વતોમુખી પ્રતિભાસ્વામી

૧૯૬૭ ૨૦૬૭

સૂરિ પ્રેમના જમણા હાથ સમાન

વિરાટ સમુદાય સંયમ શિલ્પી

પરિષહોમાં ય પરમ સમતા

## સમતાસાગર પં. શ્રી પદ્મવિજયજી ગણિવર્ય




નિરીહતાનિરધિ

કલિકાળના એક મહાસાધક

## સ્વર્ગારોહણ અર્ધશતાબ્દી વર્ષે ભાવભીની શ્રદ્ધાંજલિ

શાસ્ત્રસમુદ્રના પારગામી

કેન્સરની યાતનામાં ય માસક્ષમણની સાધના

તિતિક્ષાની એક પરાકાષ્ઠા

# अथ प्रशस्तिः

श्रीमते वीरनाथाय, कारुण्यपुण्यपाथसे ।
चरमतीर्थनाथाय, परोपकारिणे नमः ।।१।।

गौतमस्वामिने स्वस्ति, सुधर्मस्वामिने नमः ।
तत्परम्परयाऽऽयात-यतीन्द्रेभ्यो नमो नमः ।।२।।

शुभ्राभ्रशुभ्रसन्ततत्या-मेतस्यामभवत् किल ।
विजयानन्दसूरीशः, सुरीशसेव्यतां गतः ।।३।।

ततोऽपि कमलः सूरिः, संयमकमलाकरः ।
उपाध्यायस्तथा वीरो, वीर आन्तरविग्रहे ।।४।।

सर्वागमरहस्यज्ञ-स्ततो दानसूरीश्वरः ।
ततोऽपि प्रेमसूरीशः, सिद्धान्तैकमहोदधिः ।।५।।

भुवनभानुसूरीश-स्ततो न्यायविशारदः ।
पंन्यासोऽस्यानुजः पद्मः, समतारससागरः ।।६।।

विराजते विनेयोऽस्य, मादृशेषु कृपापरः ।
वैराग्यदेशनादक्षः, श्रीहेमचन्द्रसूरिपः ।।७।।

तत्पादपङ्कजालिना, सूरिकल्याणबोधिना ।
सन्दृब्धोऽयं प्रबन्धस्तु, कुर्यात् सर्वस्य मङ्गलम् ।।८।।

## શ્રી જિનશાસન સુકૃત મુખ્ય આધારસ્તંભ

(૧) શ્રી નયનબાળા બાબુભાઈ જરીવાલા પરિવાર
 હ. લીનાબેન ચંદ્રકુમારભાઈ જરીવાલા - મુંબઈ.

(૨) શ્રી મૂળીબેન અંબાલાલ શાહ પરિવાર
 હ. રમાબેન પુંડરીકભાઈ શાહ, ખંભાત - મુંબઈ.

(૩) શ્રી નયનબાળા બાબુભાઈ જરીવાલા પરિવાર
 હ. શોભનાબેન મનીશભાઈ જરીવાલા - મુંબઈ

(૪) શ્રી સાયરકંવર યાદવસિંહજી કોઠારી પરિવાર
 હ. મીનાબેન વિનયચન્દ્ર કોઠારી

(આપ પણ રૂા. ૧૧ લાખ આપીને શ્રી જિનશાસન સુકૃત મુખ્ય આધારસ્તંભ બની શકો છો.)

## શ્રી જિનશાસન સુકૃત આધારસ્તંભ

(૧) શ્રી કમળાબેન કાંતિલાલ શાહ પરિવાર
હ. બીનાબેન કીર્તિભાઈ શાહ (ઘાટકોપર-સાંઘાણી)

(૨) પ.પૂ. આ. હેમચન્દ્રસૂરીશ્વરજી મ.સા. તથા
પ.પૂ. પં. અક્ષયબોધિવિજયજી મ.સા.ના આશીર્વાદથી
પ.પૂ. આ. કલ્યાણબોધિસૂરીશ્વરજી મ.સા.ની
૧૦૫ મી વર્ધમાનતપની ઓળીની અનુમોદનાર્થે
જાગૃતિબેન કૌશિકભાઈ બાવીશી
ડાલીની જયકુમાર મહેતા, મ્હેંક

(આપ પણ રૂા. ૫ લાખ આપીને શ્રી જિનશાસન સુકૃત આધારસ્તંભ બની શકો છો.)

## શ્રી શ્રુતોદ્ધાર મુખ્ય આધારસ્તંભ

(૧) શ્રી અઠવાલાઈન્સ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ અને
શ્રી ફૂલચંદ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, સુરત.

(આપ પણ રૂા. ૧૧ લાખ આપીને શ્રી શ્રુતોદ્ધાર મુખ્ય આધારસ્તંભ બની શકો છો.)

## શ્રી શ્રુતોદ્ધાર આધારસ્તંભ

(૧) શ્રી કે.પી. સંઘવી ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
શ્રી પાવાપુરી તીર્થ જીવમૈત્રી ધામ

(૨) શ્રી માટુંગા શ્વે.મૂ. જૈન સંઘ - મુંબઈ

(૩) શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર - પાટણ

(૪) શ્રી મનફરા શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ - મનફરા

પ્રેરક : પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયકલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધર પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયકલાપ્રભસૂરીશ્વરજી મહારાજા

(૫) શ્રી ગોવાલિયા ટેન્ક જૈન સંઘ - મુંબઈ

(૬) શ્રી નવજીવન શ્વે.મૂ. જૈન સંઘ - મુંબઈ

(૭) નડિયાદ શ્રી શ્વે.મૂ. જૈન સંઘ - નડિયાદ

(૮) શ્રી બાબુભાઈ સી. જરીવાલા રિલિજીયસ ટ્રસ્ટ.
હ. શ્રેયસ્કર આદિનાથ જૈન સંઘ, નિઝામપુરા, વડોદરા.

(૯) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ.
ઘાટકોપર (પૂર્વ), મુંબઈ.

(૧૦) શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, સાયન, મુંબઈ.

(આપ પણ રૂા. ૫ લાખ આપીને શ્રી શ્રુતોદ્ધાર આધારસ્તંભ બની શકો છો.)

## શ્રુતસમુદ્ધારક

૧) ભાણબાઈ નાનજી ગડા, મુંબઈ. (પ. પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્વિજયભુવનભાનુસૂરિ મ. સા.ના ઉપદેશથી)

૨) શેઠ આણંદજી કલ્યાણજી, અમદાવાદ.

૩) શ્રી શાંતિનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, અમદાવાદ. (પ. પૂ. તપસમ્રાટ આચાર્યદેવ શ્રીમદ્વિજયહિમાંશુસૂરિ મ. સા.ની પ્રેરણાથી)

૪) શ્રી શ્રીપાળનગર જૈન ઉપાશ્રય ટ્રસ્ટ, વાલકેશ્વર, મુંબઈ. (પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરિ મ.સા.ની દિવ્યકૃપા તથા પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય મિત્રાનંદસૂ. મ.સા.ની પ્રેરણાથી)

૫) શ્રી લાવણ્ય સોસાયટી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, અમદાવાદ. (પ. પૂ. પંન્યાસજી શ્રી કુલચંદ્રવિજયજી ગણિવર્યની પ્રેરણાથી)

૬) નયનબાલા બાબુભાઈ સી. જરીવાલા હા. ચંદ્રકુમાર, મનીષ, કલ્પનેશ (પ. પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિ વિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૭) કેશરબેન રતનચંદ કોઠારી હા. લલિતભાઈ (પ. પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણાથી)

૮) શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છીય જૈન પૌષધશાલા ટ્રસ્ટ, દાદર, મુંબઈ.

૯) શ્રી મુલુંડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, મુલુંડ, મુંબઈ. (પ.પૂ. આચાર્યદેવ શ્રીહેમચંદ્રસૂરીશ્વરજી મ. સા.ની પ્રેરણાથી)

૧૦) શ્રી સાંતાક્રુઝ શ્વેતાં. મૂર્તિ તપાગચ્છ સંઘ, સાંતાક્રુઝ, મુંબઈ. (પ.પૂ. આચાર્યદેવ શ્રીહેમચંદ્રસૂરિ મ. સા.ની પ્રેરણાથી)

૧૧) શ્રીદેવકરણ મૂલજીભાઇ જૈન દેરાસર પેઢી, મલાડ (વેસ્ટ), મુંબઇ. (પ. પૂ. મુનિરાજ શ્રી સંયમબોધિવિ. મ. સા.ની પ્રેરણાથી)

૧૨) સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટ, ખંભાત.
(પૂજ્ય સાધ્વી શ્રી વસંતપ્રભાશ્રીજી મ., પૂજ્ય સાધ્વી શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ. તથા પૂ. સા. શ્રી દિવ્યયશાશ્રીજી મ.ની પ્રેરણાથી મૂળીબેનની આરાધનાની અનુમોદનાર્થે)

૧૩) બાબુ અમીચંદ પન્નાલાલ આદીશ્વર જૈન ટેમ્પલ ચેરીટેબલ ટ્રસ્ટ, વાલકેશ્વર, મુંબઇ-૬.
(પૂ. મુનિરાજશ્રી અક્ષયબોધિવિજયજી મ.સા., પૂ. મુનિરાજશ્રી મહાબોધિવિજયજી મ.સા. તથા પૂ. મુનિરાજશ્રી હિરણ્યબોધિ વિજયજી મ.સા.ની પ્રેરણાથી)

૧૪) શ્રી શ્રેયસ્કર અંધેરી ગુજરાતી જૈન સંઘ, મુંબઇ. (પૂ. મુનિરાજશ્રી હેમદર્શન વિ.મ. તથા પૂ. મુનિરાજશ્રી રમ્યઘોષ વિ.મ.ની પ્રેરણાથી)

૧૫) શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, મંગલ પારેખનો ખાંચો, શાહપુર, અમદાવાદ. (પ. પૂ. આચાર્યદેવ શ્રીરૂચકચંદ્રસૂરિ મ.ની પ્રેરણાથી)

૧૬) શ્રી પાર્શ્વનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, સાંઘાણી એસ્ટેટ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઇ. (પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૧૭) શ્રી નવજીવન સોસાયટી જૈન સંઘ, બોમ્બે સેન્ટ્રલ, મુંબઇ. (પૂ. મુનિરાજશ્રી અક્ષયબોધિ વિ. મ.ની પ્રેરણાથી)

૧૮) શ્રી કલ્યાણજી સૌભાગચંદજી જૈન પેઢી, પિંડવાડા. (સિદ્ધાંતમહોદધિ સ્વ. આ. શ્રીમદ્વિજયપ્રેમસૂરીશ્વરજી મ. સા.ના સંયમની અનુમોદનાર્થે)

૧૯) શ્રી ઘાટકોપર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઇ. (વૈરાગ્યદેશનાદક્ષ પૂ. આ. શ્રીહેમચંદ્રસૂરિ મ. સા.ની પ્રેરણાથી)

૨૦) શ્રી આંબાવાડી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, અમદાવાદ. (પૂ. મુનિરાજ શ્રી કલ્યાણબોધિ વિજયજી મ.ની પ્રેરણાથી)

૨૧) શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, વાસણા, અમદાવાદ.
(પૂ. આચાર્યશ્રી નરરત્નસૂરિ મ.ના સંયમજીવનની અનુમોદનાર્થે પૂજ્ય તપસ્વીરત્ન આચાર્ય શ્રી હિમાંશુસૂરીશ્વરજી મ. સા.ની પ્રેરણાથી)

૨૨) શ્રી પ્રેમવર્ધક આરાધક સમિતિ, ધરણિધર દેરાસર, પાલડી, અમદાવાદ. (પૂ. ગણિવર્ય શ્રીઅક્ષયબોધિવિજયજી મ.ની પ્રેરણાથી)

૨૩) શ્રી મહાવીર જૈન શ્વેતા. મૂર્તિપૂજક સંઘ, પાલડી, અમદાવાદ. શેઠ કેશવલાલ મૂળચંદ જૈન ઉપાશ્રય. (પ. પૂ. આચાર્યશ્રી રાજેન્દ્રસૂરિ મહારાજ સા.ની પ્રેરણાથી)

૨૪) શ્રી માટુંગા જૈન શ્વેતાં. મૂર્તિપૂજક તપગચ્છ સંઘ એન્ડ ચેરિટીઝ, માટુંગા, મુંબઇ.

૨૫) શ્રી જીવિત મહાવીરસ્વામી જૈન સંઘ, નાંદિયા. (રાજસ્થાન)
(પૂ. ગણિવર્ય શ્રી અક્ષયબોધિવિ. મ.સા. તથા મુનિરાજશ્રી મહાબોધિવિ. મ.સા.ની પ્રેરણાથી)

૨૬) શ્રી વિશા ઓશવાલ તપાગચ્છ જૈન સંઘ, ખંભાત. (વૈરાગ્યદેશનાદક્ષ પ. પૂ. આચાર્યદેવશ્રી હેમચંદ્રસૂરિ મ. સા.ની પ્રેરણાથી)

૨૭) શ્રી વિમલ સોસાયટી આરાધક જૈન સંઘ, બાણગંગા, વાલકેશ્વર મુંબઇ-૪૦૦ ૦૦૭.

૨૮) શ્રી પાલિતાણા ચાતુર્માસ આરાધના સમિતિ. (પ. પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ શ્રીમદ્વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મ. સા.ના સં. ૨૦૫૩ના પાલિતાણા મધ્યે ચાતુર્માસ પ્રસંગે જ્ઞાનનિધિમાંથી)

૨૯) શ્રીસીમંધરજિન આરાધક ટ્રસ્ટ, એમરલ્ડ એપાર્ટમેન્ટ, અંધેરી (ઈ), મુંબઇ. (મુનિરાજશ્રી નેત્રાનંદવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૩૦) શ્રી ધર્મનાથ પોપટલાલ હેમચંદ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, જૈનનગર, અમદાવાદ. (પ.પૂ. મુનિરાજશ્રી સંયમબોધિવિજયજી મ.સા.ની પ્રેરણાથી)

૩૧) શ્રીકૃષ્ણનગર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, સૈજપુર, અમદાવાદ. (પ.પૂ.આચાર્યદેવ શ્રીમદ્વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મ. સા.ના કૃષ્ણનગર મધ્યે સંવત ૨૦૫૨ના ચાતુર્માસ નિમિત્તે પ. પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૩૨) શ્રી બાબુભાઇ સી. જરીવાલા ટ્રસ્ટ, નિઝામપુરા, વડોદરા-૨. (પ. પૂ. મુનિરાજ શ્રી કલ્યાણબોધિવિજયજી મ. સા.ની પ્રેરણાથી)
૩૩) શ્રી ગોડી પાર્શ્વનાથજી ટેમ્પલ ટ્રસ્ટ, પુના. (પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્વિજય જયઘોષસૂરીશ્વરજી મ.સા. તથા પૂ. મુનિરાજશ્રી મહાબોધિવિજયજી મ.સા.ની પ્રેરણાથી)
૩૪) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર મંદિર ટ્રસ્ટ, ભવાની પેઠ, પુના. (પૂ. મુનિરાજ શ્રી અનંતબોધિવિજયજી મ. સા.ની પ્રેરણાથી)
૩૫) શ્રી રાંદેર રોડ જૈન સંઘ, સુરત. (પૂ.પં. શ્રી અક્ષયબોધિ વિજયજી મ. સા.ની પ્રેરણાથી)
૩૬) શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ દાદર જૈન પૌષધશાલા ટ્રસ્ટ, આરાધના ભુવન, દાદર, મુંબઇ. (મુનિરાજશ્રી અપરાજિતવિજયજી મ. સા.ની પ્રેરણાથી)
૩૭) શ્રી જવાહરનગર જૈન શ્વેતા. મૂર્તિ. સંઘ, ગોરેગાવ, મુંબઇ. (પૂ. આ. શ્રી રાજેન્દ્રસૂરિ મ. સા.ની પ્રેરણાથી)
૩૮) શ્રી કન્યાશાળા જૈન ઉપાશ્રય, ખંભાત. (પ.પૂ. સા. શ્રી રંજનશ્રીજી મ. સા., પૂ. પ્ર. સા. શ્રી ઈંદ્રશ્રીજી મ. સા.ના સંયમજીવનની અનુમોદનાર્થે પ. પૂ. સા. શ્રી વિનયપ્રભાશ્રીજી મ. સા., પ. પૂ. સા.શ્રી વસંતપ્રભાશ્રીજી મ. સા. તથા પ.પૂ. સાધ્વીજી શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ. સા.ની પ્રેરણાથી)
૩૯) શ્રી માટુંગા જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘ એન્ડ ચેરીટીઝ, માટુંગા, મુંબઇ. (પ. પૂ. પંન્યાસપ્રવર શ્રી જયસુંદરવિજયજી મ. સા.ની પ્રેરણાથી)
૪૦) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, ૬૦ ફુટ રોડ, ઘાટકોપર (ઈસ્ટ) (પૂ. પં. શ્રી વરબોધિવિજયજી ગણિવર્યની પ્રેરણાથી)
૪૧) શ્રી આદિનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, નવસારી. (પ.પૂ.આ. શ્રી ગુણરત્નસૂરિ મ.ના શિષ્ય પૂ. પંન્યાસજી શ્રી પુણ્યરત્નવિજયજી ગણિવર્ય તથા પૂ.પં. યશોરત્નવિજયજી ગણિવર્યની પ્રેરણાથી)
૪૨) શ્રી કોઈમ્બતુર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, કોઈમ્બતુર.
૪૩) શ્રી પંકજ સોસાયટી જૈન સંઘ ટ્રસ્ટ, પાલડી, અમદાવાદ. (પ. પૂ. આ. શ્રી ભુવનભાનુસૂરિ મ. સા.ની ગુરુમૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે થયેલ આચાર્ય-પંન્યાસ-ગણિ પદારોહણ, દીક્ષા વગેરે નિમિત્તે થયેલ જ્ઞાનનિધિમાંથી.)
૪૪) શ્રી મહાવીરસ્વામી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક દેરાસર, પાવાપુરી, ખેતવાડી, મુંબઇ. (પૂ. મુનિરાજશ્રી રાજપાલવિજયજી મ.સા. તથા પૂ.પં. શ્રી અક્ષયબોધિવિ. મ.સા.ની પ્રેરણાથી)
૪૫) જગદ્ગુરુ શ્રી હીરસૂરીશ્વરજી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ ટ્રસ્ટ, મલાડ (પૂર્વ), મુંબઇ.
૪૬) શ્રી પાર્શ્વનાથ શ્વેતાં. મૂર્તિપૂજક જૈન સંઘ, સાંઘાણી એસ્ટેટ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઇ. (પ. પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિવિજયજી મ. સા.ની સંઘમાં થયેલ ગણિ પદવીની અનુમોદનાર્થે)
૪૭) શ્રી ધર્મનાથ પોપટલાલ હેમચંદ જૈન શ્વેતાં. મૂર્તિપૂજક સંઘ, જૈનનગર, અમદાવાદ. (પૂ. મુનિરાજશ્રી સત્યસુંદર વિ. મ.સા.ની પ્રેરણાથી)
૪૮) રતનબેન વેલજી ગાલા પરિવાર, મુલુંડ, મુંબઇ. (પ્રેરક-પૂ. મુનિરાજશ્રી રત્નબોધિવિજયજી મ. સા.)
૪૯) શ્રી મરીન ડ્રાઇવ જૈન આરાધક ટ્રસ્ટ, મુંબઇ.
૫૦) શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ જૈન દેરાસર ઉપાશ્રય ટ્રસ્ટ, બાબુલનાથ, મુંબઇ (પ્રેરક-મુનિરાજ શ્રી સત્ત્વભૂષણવિજયજી મ.)
૫૧) શ્રી ગોવાલીયા ટૅંક જૈન સંઘ મુંબઇ. (પ્રેરક : પૂ. ગણિવર્યશ્રી કલ્યાણબોધિ વિજયજી મ.સા.)
૫૨) શ્રી વિમલનાથ જૈન દેરાસર આરાધક સંઘ, બાણગંગા, મુંબઇ.
૫૩) શ્રી વાડિલાલ સારાભાઇ દેરાસર ટ્રસ્ટ પ્રાર્થના સમાજ, મુંબઇ (પ્રેરક : મુનિરાજશ્રી રાજપાલવિજયજી તથા પંન્યાસ શ્રીઅક્ષયબોધિવિજયજી ગણિવર.)

૫૪) શ્રી પ્રિન્સેસ સ્ટ્રીટ, લુહારચાલ જૈન સંઘ. (પ્રેરકઃ પૂ. ગણિવર્ય શ્રી કલ્યાણબોધિ વિજયજી મ.સા.)

૫૫) શ્રી ધર્મશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ, કાંદિવલી (ઈસ્ટ), મુંબઈ. (પ્રેરક-મુનિરાજશ્રી રાજપાલવિજયજી તથા પં.શ્રી અક્ષયબોધિવિજયજી ગણિવર)

૫૬) સા. શ્રી સૂર્યયશાશ્રીજી તથા સા. શ્રી સુશીલયશાશ્રીના પાર્લા (ઈ) કૃષ્ણકુંજમાં થયેલ ચોમાસાની આવકમાંથી.

૫૭) શ્રી પ્રેમવર્ધક દેવાસ શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ, દેવાસ, અમદાવાદ
(પ્રેરક-પૂ.આ. શ્રી હેમચંદ્રસૂરિજી મ.સા. તથા પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિવિજયજી મ.)

૫૮) શ્રી પાર્શ્વનાથ જૈન સંઘ, સમારોડ, વડોદરા (પ્રેરક-પંન્યાસપ્રવર શ્રી કલ્યાણબોધિ વિજયજી ગણિવર્ય)

૫૯) શ્રી મુનિસુવ્રતસ્વામી જૈન દેરાસર ટ્રસ્ટ-કોલ્હાપુર (પ્રેરક-પૂ.મુનિરાજશ્રી પ્રેમસુંદરવિજયજી મ.)

૬૦) શ્રી ધર્મનાથ પો. હે. જૈનનગર શ્વે. મૂ. પૂ. સંઘ, અમદાવાદ (પ્રેરક - પ. પૂ. પંન્યાસપ્રવર શ્રી પુણ્યરત્નવિજયજી ગણિ)

૬૧) શ્રી દિપક જયોતિ જૈન સંઘ, કાલાચોકી, પરેલ, મુંબઈ
(પ્રેરક - પૂ.પં. શ્રી ભુવનસુંદરવિજયજી ગણિવર્ય તથા પૂ.પં. શ્રી ગુણસુંદરવિજયજી ગણિવર્ય)

૬૨) શ્રી પદ્મમણિ જૈન શ્વેતાંબર તીર્થ પેઢી - પાબલ, પુના (પ. પૂ. પંન્યાસજી શ્રી કલ્યાણબોધિવિજયજી ગણિની વર્ધમાન તપની સો ઓળીની અનુમોદનાર્થે પ. પૂ. પંન્યાસ શ્રીવિશ્વકલ્યાણવિજયજી ગણિવર્યની પ્રેરણાથી)

૬૩) ૐકારસૂરીશ્વરજી આરાધના ભુવન - સુરત (પ્રેરક- આ. ગુણરત્નસૂરિ મ. ના શિષ્ય મુનિરાજશ્રી જિનેશરત્નવિજયજી મ.)

૬૪) શ્રી ગોડી પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, નાયડુ કોલોની, ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ.

૬૫) શ્રી આદીશ્વર શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, ગોરેગાવ-મુંબઈ.

૬૬) શ્રી આદીશ્વર શ્વેતાંબર ટ્રસ્ટ, સાલેમ(પ્રેરક-પ.પૂ. ગચ્છાધિપતિ આ.શ્રી જયઘોષસૂરીશ્વરજી મ.સા.)

૬૭) શ્રી ગોવાલિયા ટેંક જૈન સંઘ, મુંબઈ.

૬૮) શ્રી વિલેપાર્લા શ્વે. મૂ.પૂ. જૈન સંઘ એન્ડ ચેરીટીઝ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ.

૬૯) શ્રી નેનસી કોલોની જૈન શ્વે. મૂ. પૂ. સંઘ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ.

૭૦) માતુશ્રી રતનબેન નરસી મોનજી સાવલા પરિવાર. (પૂ. પં. શ્રી કલ્યાણબોધિવિજયજીના શિષ્ય મુનિરાજશ્રી ભકિતવર્ધનવિજયજી મ. સા. તથા પૂ. સાધ્વીજી શ્રી જયશીલાશ્રીજી મ. ના સંસારી સુપુત્ર રાજનની પુણ્યસ્મૃતિ નિમિત્તે હ. : સુપુત્રો નવીનભાઈ, ચુનીલાલ, દિલીપ, હિતેશ.

૭૧) શ્રી સીમંધર જિન આરાધક ટ્રસ્ટ, એમરલ્ડ એપાર્ટમેન્ટ, અંધેરી (ઇ.) મુંબઈ
(પ. પૂ. પંન્યાસપ્રવર શ્રી કલ્યાણબોધિવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૭૨) શ્રી ધર્મવર્ધક શ્વે. મૂ. પૂ. જૈન સંઘ, કાર્ટર રોડ નં. ૧, બોરીવલી (પ. પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્ય ભગવંત શ્રી વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મ.સા. તથા પંન્યાસપ્રવર શ્રી કલ્યાણબોધિ વિજયજી ગણિવર્યની પ્રેરણાથી)

૭૩) શ્રી ઉમરા જૈન સંઘની શ્રાવિકાઓ (જ્ઞાનનિધિમાંથી) (પ્રેરક : પ.પૂ. મુનિરાજ શ્રી જિનેશરત્નવિજયજી મ.સા.)

૭૪) શ્રી કેશરિયા આદિનાથ જૈન સંઘ, ઝાડોલી, રાજ. (પ્રેરક : પ.પૂ. મુ. શ્રી મેરૂચંદ્ર વિ. મ. તથા પં. શ્રી હિરણ્યબોધિ વિ. ગ.)

૭૫) શ્રી ધર્મશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ, કાંદીવલી, મુંબઈ (પ્રેરક : પ.પૂ. મુનિશ્રી હેમદર્શનવિ. મ.)

૭૬) શ્રી જૈન શ્વે. મૂ. સુધારાખાતા પેઢી, મહેસાણા.
૭૭) શ્રી વિક્રોલી સંભવનાથ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, વિક્રોલી (ઈ), મુંબઈની આરાધક બહેનો તરફથી (જ્ઞાનનિધિમાંથી)
૭૮) શ્રી કે.પી. સંઘવી ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત, મુંબઈ. (પ્રેરક - પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્ય ભ. શ્રીમદ્‌વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા. તથા પંન્યાસપ્રવર શ્રી કલ્યાણબોધિ વિજયજી ગણિવર્ય)
૭૯) શાહ જેસિંગલાલ મોહનલાલ આસેડાવાલાના સ્મરણાર્થે હ. પ્રકાશચંદ્ર જે. શાહ (આફ્રિકાવાળા) (પ્રેરક : પં. કલ્યાણબોધિ વિ. ગણિવર)
૮૦) શેઠ કનૈયાલાલ ભેરમલજી ચેરીટેબલ ટ્રસ્ટ, ચંદનબાળા, વાલકેશ્વર, મુંબઈ.
૮૧) શ્રી નવા ડીસા શ્વે.મૂ.પૂ. જૈન સંઘ (બનાસકાંઠા)
૮૨) શ્રી પાલનપુર જૈન મિત્ર મંડળ સંઘ, બનાસકાંઠા (પ્રેરક - પૂ. પંન્યાસપ્રવર કલ્યાણબોધિ વિજયજી ગણિવર્ય.)
૮૩) શ્રી ઉંઝા જૈન મહાજન (પ્રેરક - પૂ. પંન્યાસપ્રવર શ્રી અપરાજિતવિજયજી ગણિવર્ય તથા પૂ. મુનિરાજ શ્રી હેમદર્શનવિ. મ.)
૮૪) શ્રી સીમંધર જૈન દેરાસર, એમરલ્ડ એપાર્ટમેન્ટ, અંધેરી (પૂર્વ), મુંબઈ.
(પ્રેરક - પૂ.સા. શ્રી સ્વયંપ્રભાશ્રીજીના શિષ્યા પૂ.સા. શ્રી તત્ત્વપ્રજ્ઞાશ્રીજી આદિ)
૮૫) શ્રી બાપુનગર શ્વે. મૂ. જૈન સંઘ, અમદાવાદ.
૮૬) શ્રી શેફાલી જૈન સંઘ, અમદાવાદ.
૮૭) શાન્તાબેન મણિલાલ ઘેલાભાઈ પરીખ ઉપાશ્રય, સાબરમતી, અમદાવાદ. (પ્રેરક- સા. શ્રી સુવર્ણપ્રભાશ્રીજી મ. તથા સા.શ્રી રત્નત્રયાશ્રીજી મ.)
૮૮) શ્રી આડેસર વિશા શ્રીમાળી જૈન દેરાવાસી સંઘ (પ્રેરક - આ. શ્રી કલાપ્રભસૂરીશ્વરજી મ.સા.)
૮૯) શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાલા એવં શ્રી શ્રેયસ્કર મંડલ, મહેસાણા.
૯૦) શ્રી તપાગચ્છ સાગરગચ્છ આણંદજી કલ્યાણજી પેઢી, વિરમગામ (પ્રેરક : આ. શ્રી કલ્યાણબોધિસૂરીશ્વરજી મ.)
૯૧) શ્રી મહાવીર શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ, વિજયનગર, નારણપુરા, અમદાવાદ
૯૨) શ્રી સીમંધરસ્વામિ જૈન સંઘ, અંધેરી (પૂર્વ) (પ્રેરક : સા. શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ.)
૯૩) શ્રી ચકાલા શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ (પ્રેરક : આ. શ્રી કલ્યાણબોધિસૂરીશ્વરજી મ.)
૯૪) શ્રી અઠવાલાઈન્સ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ તથા શ્રી ફૂલચન્દ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, સુરત
૯૫) શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘ - સંસ્થાન, બ્યાવર (રાજસ્થાન) (પ્રેરક : આ. શ્રી પુણ્યરત્નસૂરીશ્વરજી મ.સા.)
૯૬) પાલનપુરનિવાસી મંજૂલાબેન રસિકલાલ શેઠ (હાલ મુંબઈ), (પ્રેરક : આ. શ્રી કલ્યાણબોધિસૂરીશ્વરજી મ.)
૯૭) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વે.મૂ.જૈન સંઘ, પદ્માવતી એપાર્ટમેન્ટ, નાલાસોપારા (ઈ), (પ્રેરક- પ.પૂ.આ. શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા.)
૯૮) શ્રી ૠષભ પ્રકાશભાઈ ગાલા, સંઘાણી એસ્ટેટ, ઘાટકોપર (વે.), (પ્રેરક : પ.પૂ.આ. શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા.)
૯૯) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ આરાધક ટ્રસ્ટ, પુખરાજ રાયચંદ આરાધના ભવન, સાબરમતી (પ.પૂ. વ્યાખ્યાનવાચસ્પતિ આ.દે. શ્રીમદ્વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મ.સા.ના ઉપકારોની સ્મૃતિમાં)
૧૦૦) શ્રી કુંદનપુર જૈન સંઘ, કુંદનપુર - રાજસ્થાન, હ. શ્રી શાંતિલાલજી મુથા.

શ્રી ભુવનભાનુસૂરિ જન્મશતાબ્દીએ નવલું નજરાણું

# જ્ઞાનામૃતં ભોજનમ્...

પરિવેષક

પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આ. **હેમચન્દ્રસૂરીશ્વર** શિષ્ય

આ. **કલ્યાણબોધિસૂરીશ્વરજી** મ.સા.

૧. **સિદ્ધાન્તમહોદધિ મહાકાવ્યમ્** - સાનુવાદ.

૨. **ભુવનભાનવીયમ્ મહાકાવ્યમ્** - સાનુવાદ, સવાર્તિક.

૩. **સમતાસાગર મહાકાવ્યમ્** - સાનુવાદ.

૪. **પરમપ્રતિષ્ઠા કાવ્યમ્** - સાનુવાદ, કલાત્મક આલ્બમસાથે.

૫. **જીરાવલીયમ્ કાવ્યમ્** - સાનુવાદ.

૬. **પ્રેમમંદિરમ્** - કલ્યાણમંદિર પાદપૂર્તિ સ્તોત્ર-સાનુવાદ, સવાર્તિક.

૭. **છંદોલંકારનિરૂપણમ્** - કવિ બનવાનો શોર્ટકટ-પોકેટ ડાયરી.

૮. **તત્ત્વોપનિષદ્** -
૯. **વાદોપનિષદ્** -
૧૦. **વેદોપનિષદ્** -
૧૧. **શિક્ષોપનિષદ્** -
} શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિકૃત ષષ્ઠી, અષ્ટમી, નવમી, અષ્ટાદશી **દ્વાત્રિંશિકા** પર સંસ્કૃત વૃત્તિ - સાનુવાદ.

૧૨. **સ્તવોપનિષદ્** - શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિ તથા કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય કૃત અદ્ભુત સ્તુતિઓના રહસ્ય -સાનુવાદ.

૧૩. **સત્ત્વોપનિષદ્** - **યોગસાર** ચતુર્થપ્રકાશવૃત્તિ - સાનુવાદ. (માત્ર સંયમી ભગવંતો માટે)

૧૪. **દેવધર્મોપનિષદ્** - મહોપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત **દેવધર્મપરીક્ષા** ગ્રંથની ગુર્જર ટીકા.

૧૫. **પરમોપનિષદ્** - મહોપાધ્યાય શ્રીયશોવિજયજી આદિ કૃત પાંચ પરમકૃતિઓ પર ગુર્જરવૃત્તિ,

| | | |
|---|---|---|
| ૧૬. | **આર્ષોપનિષદ્-૧** | શ્રી પ્રત્યેકબુદ્ધપ્રણીત **ઋષિભાષિત** (ઈસિભાસિયાઈ) **આગમસૂત્ર** પર સંસ્કૃત ટીકા. |
| ૧૭. | **આર્ષોપનિષદ્-૨** | |
| ૧૮. | **વૈરાગ્યોપનિષદ્** | શ્રી હરિહરોપાધ્યાયકૃત **ભર્તૃહરિનિર્વેદ** નાટક-ભાવાનુવાદ. |
| ૧૯. | **સૂક્તોપનિષદ્** - | પરદર્શનીય અદ્ભુત સૂક્તોનો સમુચ્ચય તથા રહસ્યાનુવાદ. |
| ૨૦. | **કર્મોપનિષદ્** - | સિદ્ધાન્તમહોદધિ શ્રી પ્રેમસૂરીશ્વરજી કૃત **કર્મસિદ્ધિ** ગ્રંથ પર ભાવાનુવાદ. |
| ૨૧. | **વિશેષોપનિષદ્** - | શ્રી સમયસુંદર ઉપાધ્યાયજી કૃત વિશેષ-શતક ગ્રંથ પર ગુર્જર ભાવાનુવાદ. |
| ૨૨. | **હિંસોપનિષદ્** - | શ્રી હરિભદ્રસૂરિકૃત સ્વોપજ્ઞ અવચૂરિ અલંકૃત **હિંસાષ્ટક** ગ્રંથ પર ગુર્જર ટીકા. |
| ૨૩. | **અહિંસોપનિષદ્** - | અજ્ઞાતકર્તૃક (પ્રવાદતઃ શ્રી હરિભદ્રસૂરિ મહારાજા કૃત) **નાનાચિત્તપ્રકરણ** પર સંસ્કૃત ટીકા-સાનુવાદ. |
| ૨૪. | **ધર્મોપનિષદ્** - | વેદથી માંડીને બાઇબલ સુધીના ધર્મશાસ્ત્રોના રહસ્ય. |
| ૨૫. | **શમોપનિષદ્** - | નવનિર્મિત **સપ્તક પ્રકરણ** - સાનુવાદ. |
| ૨૬. | **લોકોપનિષદ્** - | શ્રી હરિભદ્રસૂરિકૃત **લોકતત્ત્વનિર્ણય** ગ્રંથ પર સંસ્કૃત વૃત્તિ (ભાગ-૧). |
| ૨૭. | **આત્મોપનિષદ્** - | શ્રી ઉદયનાચાર્યકૃત **આત્મતત્ત્વવિવેક** ગ્રંથ પર ગુર્જર ટીકા (ભાગ-૧). |
| ૨૮. | **સામ્યોપનિષદ્** - | મહો. શ્રી યશોવિજયજી કૃત **સમાધિ - સામ્યદ્વાત્રિંશિકા** સચિત્ર સાનુવાદ. |
| ૨૯. | **આગમોપનિષદ્** - | **વિસંવાદપ્રકરણ** (આગમપ્રતિપક્ષનિરાકરણ) પર વિશદ વિવરણ. |

| | | |
|---|---|---|
| ૩૦. | **સ્તોત્રોપનિષદ્**- | શ્રી વજ્રસ્વામિકૃત શ્રી **ગૌતમસ્વામીસ્તોત્ર** -સચિત્ર સાનુવાદ. |
| ૩૧. ૩૨. | **દર્શનોપનિષદ્**- | શ્રી માધવાચાર્યકૃત **સર્વદર્શનસંગ્રહ** ગ્રંથ પર ગુર્જર ટીકા. ભાગ : ૧-૨ |
| ૩૩-૩૪-૩૫. | **રામાયણના તેજ કિરણો** - | રામાયણી માટે પર્યાપ્ત આલંબન. ભાગ-૧-૨-૩. |
| ૩૬. | **જ્ઞાનોપનિષદ્**- | **અષ્ટાવક્ર ગીતા** પર સંસ્કૃત વૃત્તિ. |
| ૩૭. ૩૮. | **સંબોધોપનિષદ્** | સટીક શ્રી રત્નશેખરસૂરિકૃત **સંબોધસપ્તતિ** ગ્રંથ પર ગુર્જરવૃત્તિ. ભાગ : ૧-૨ |
| ૩૯. | **ઈષ્ટોપનિષદ્**- | શ્રી પૂજ્યપાદસ્વામિકૃત **ઈષ્ટોપદેશ** ગ્રંથ પર સંસ્કૃત ટીકા-સાનુવાદ. |
| ૪૦. ૪૧. | **વિમોહોપનિષદ્**- | શ્રી યશપાલમંત્રીકૃત **મોહરાજપરાજય** નાટક પર વિષમપદ વ્યાખ્યા અને અનુવાદ. ભાગ : ૧-૨ |
| ૪૨. | **શ્રામણ્યોપનિષદ્**- | દશવિધ યતિધર્મ પર નવનિર્મિત પ્રકરણ (બીજું નામ શ્રમણશતક). |
| ૪૩. | **સફળતાનું સરનામું** - | સફળતાની ઈચ્છુક વ્યક્તિએ વાંચવા યોગ્ય ગુર્જર ગ્રંથ. |
| ૪૪. | **પ્રસન્નતાની પરબ** - | વક્તા-શ્રોતા બન્નેને ઉપયોગી વૈરાગ્યાદિ રસઝરણા. |
| ૪૫. | **સૂત્રોપનિષદ્**- | **શ્રીસૂત્રકૃતાંગસૂત્ર** દ્વિતીય શ્રુતસ્કંધની સંસ્કૃત સંગ્રહણી. શ્રી સૂત્રકૃતાંગદીપિકા ભાગ-૨ ના પુનઃસંપાદન સાથે. |
| ૪૬. | **પ્રવ્રજ્યોપનિષદ્**- | અજ્ઞાતકર્તૃક **પ્રવ્રજ્યાવિધાન** પર ગુર્જર વૃત્તિ. |

૪૭. **દેશનોપનિષદ્** - વૈરાગ્યદેશનાદક્ષ પૂ. ગુરુદેવશ્રીના વાચનાઓનું સંસ્કૃત કાવ્યમય અવતરણ.

૪૮. **જીરાવલા જુહારીએ** - ગીત ગુંજન.

૪૯. **અસ્પર્શોપનિષદ્** - મહોપાધ્યાય શ્રી યશોવિજયજીકૃત **અસ્પૃશદ્ગતિવાદ** પર ગુર્જર વૃત્તિ.

૫૦. **હિતોપનિષદ્** - **અધ્યાત્મકલ્પદ્રુમ**ના યતિશિક્ષોપદેશાધિકાર તથા **યતિશિક્ષા-પંચાશિકા** પર ગુર્જર વાર્ત્તિક+સાનુવાદ સાવચૂરિ **યતિવિચાર**.

૫૧. **ઉપદેશોપનિષદ્** - **ઉપદેશરત્નકોષ** પર સંસ્કૃતવૃત્તિ-સાનુવાદ.

૫૨. **પ્રાર્થનોપનિષદ્** - અલંકારિક સ્તુતિઓ પર તાત્પર્યવૃત્તિ-સાનુવાદ.

૫૩. **સદ્બોધોપનિષદ્** - **સદ્બોધચન્દ્રોદય** પંચાશિકા પર સંસ્કૃત સાનુવાદ વાર્ત્તિક.

૫૪.-૫૫. **અંગોપનિષદ્** - અદ્યાવધિ અમુદ્રિત ગ્રંથ શ્રી **અંગચૂલિકાસૂત્ર** પર સંસ્કૃત વૃત્તિ ભાગ-૧-૨

૫૬. **વર્ગોપનિષદ્** - અદ્યાવધિ અમુદ્રિત ગ્રંથ શ્રી **વર્ગચૂલિકાસૂત્ર** પર સંસ્કૃત વૃત્તિ.

૫૭. **આગમની આછી ઝલક** ૪૫ આગમ સંક્ષિપ્ત પરિચય

૫૮. **જૈનં જયતિ શાસનમ્** - બુદ્ધિજીવીઓને અવિશ્વસનીય જૈન સિદ્ધાન્તોની આધુનિક પ્રસંગો દ્વારા સિદ્ધિ.

૫૯. **આઈ આઈ રે અંજનશલાકા** - અંજનશલાકા-સ્ટેજ પ્રોગ્રામ માટે આલંબન.

૬૦. **પંચકોપનિષદ્** - શ્રી હરિભદ્રસૂરિ મહારાજા કૃત **જ્ઞાનપંચક-વિવરણ** ગ્રંથ પર નૂતન સંસ્કૃત વૃત્તિ.

૬૧. **અવધૂતોપનિષદ્** - શ્રી દત્તાત્રેય અવધૂત પ્રણીત **અવધૂતગીતા**ની મનનીય સૂક્તિઓ પર નૂતન સંસ્કૃત વૃત્તિ.

૬૨. **દુઃષમોપનિષદ્** - **દુઃષમગંડિકા** ગ્રંથ પર વિશદ વૃત્તિ, સાનુવાદ

૬૩. **પ્રથમોપનિષદ્** - પ્રથમવાર પ્રકાશિત થતી વિશિષ્ટ કૃતિઓ, રત્નાકરપંચવિંશતિકા-પ્રાચીન ટીકા, વનસ્પતિસપ્તતિકા-સાવચૂરિ, જંબૂ અધ્યયન, ગિરનારતીર્થપ્રતિષ્ઠા પ્રશસ્તિ.

૬૪. **અર્હન્નામસહસ્રસમુચ્ચય** - કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યરચિત કૃતિ-સચિત્ર સંપાદન.

૬૫. **ઉપાસનોપનિષદ્** - પૂ. શ્રી હરિભદ્રસૂરિ મહારાજા કૃત **ધૂમાવલિ + સર્વજિનસાધારણસ્તવન** આ બે વિશિષ્ટ કૃતિઓ-સચિત્ર સાનુવાદ.

૬૬. **સુખોપનિષદ્** - **પરમસુખ**પ્રાપ્તિરૂપ ચિત્તશુદ્ધિફળ, સચિત્ર-સાનુવાદ.

૬૭. **દયોપનિષદ્** - **જીવદયા પ્રકરણ** પર નૂતન સંસ્કૃત વૃત્તિ-સાનુવાદ

૬૮. **શંખેશ્વર સ્તોત્ર** - મહો. યશોવિજયજી મહારાજાની કૃતિ, સચિત્ર-સાનુવાદ.

૬૯. **દાનાદિ પ્રકરણ** - શ્રી સૂરાચાર્યકૃત પ્રકરણ, ત્રુટિતકાવ્યપૂર્તિ + અનુવાદ સહ.

૭૦. **ધ્યાનોપનિષદ્** - પ.પૂ. આચાર્ય શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી લિખિત **ધ્યાન અને જીવન** પુસ્તકનો સંસ્કૃત તાત્પર્યાનુવાદ.

૭૧. **પંચસૂત્રોપનિષદ્** - પ.પૂ. આચાર્ય શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી લિખિત **ઉચ્ચ પ્રકાશના પંથે** પુસ્તકનો સંસ્કૃત તાત્પર્યાનુવાદ.

૭૨. **પૂર્ણોપનિષદ્-** મહો. યશોવિજયજી મહારાજા કૃત **જ્ઞાનસાર** અંતર્ગત પૂર્ણાષ્ટક સચિત્ર - સાનુવાદ.

૭૩. **મગ્નોપનિષદ્-** મહો. યશોવિજયજી મહારાજા કૃત **જ્ઞાનસાર** અંતર્ગત મગ્નાષ્ટક સચિત્ર - સાનુવાદ.

૭૪. **ગૌતમાષ્ટક-** પૂર્વાચાર્યકૃત મહાપ્રભાવક કૃતિ સચિત્ર - સાનુવાદ.

૭૫. **વીરોપનિષદ્-** શ્રીભદ્રબાહુસ્વામીકૃત **કલ્પસૂત્ર** અંતર્ગત પ્રભુ વીરનું સ્વરૂપ સચિત્ર - સાનુવાદ.

૭૬. **આચારોપનિષદ્-** દશ સામાચારી વિષયક નવનિર્મિત સંસ્કૃત પ્રકરણ - સાનુવાદ.

**૭૭ થી ૧૦૦- આનંદઘનની આત્માનુભૂતિ** અલગારી અવધૂત શ્રી આનંદઘનજી મહારાજ પ્રણીત આધ્યાત્મિક પદ આધારિત પરિશીલન શૃંખલા (સચિત્ર).

## सचित्र हिन्दी प्रकाशन

- **स्टोरी स्टोरी** - मोहक एवं बोधक कहानीओ का अनोखा संग्रह ।
- **डायमंड डायरी** - जिस के प्रत्येक पेज पर है अद्‌भुत हीरे।
- **लाइफ स्टायल** - जीवन जीने की... जीतने की कला की प्रस्तुति ।
- **एन्जोय जैनीझम** - जैन... प्रसन्नता का पथ ।

હૃદયને કરુણાનો સાગર બનાવવા માટે...
દિલને દયાનો દરિયો બનાવવા માટે...
મનને માખણ કરતાં ય કોમળ બનાવવા માટે...
**આત્માના પ્રત્યેક પ્રદેશને**
**જીવદયાના સંવેદનોથી વ્યાપ્ત બનાવવા માટે...**
અને જીવદયાના ચમત્કારિક અદ્ભુત ફળો મેળવવા માટે...
પુનઃ પુનઃ પરિશીલનીય ગ્રંથ.

૬૭

MULTY GRAPHICS
(022) 23873222 23884222